

# ગુજરાત રાજ્યકક્ષાની પારનેરા ડુંગર આરોહણ- અવરોહણ સ્પર્ધા યોજાઈ

## અનિલભાઈ વસાવા તથા કરીના બેન કામાંતે પ્રથમ સ્થાને

વલસાડ, તા.૨૦

ગુજરાત સરકારશ્રીના રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકના કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા વહીવટી તંત્ર વલસાડ દ્વારા તૃતીય રાજયકક્ષા પારનેરા ડુંગર વલસાડ આરોહણ – અવરોહણ સ્પર્ધા પારનેરા ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં સમગ્ર રાજયભરના ૨૫૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. વલસાડ પ્રાંત અધિકારીશ્રી વિમલ પટેલ, જિલ્લા રમતગમત અધિકારીશ્રી, વલસાડ, મામલતદારશ્રી વલસાડ ગ્રામ્ય, તાલુકા વિકાસ અધિકારીશ્રી, વલસાડ, સરપંચશ્રી પારનેરા, પારનેરા મંદિર ટ્રસ્ટી બાબુભાઈ પટેલ તથા અન્ય અધિકારીગણ અને અગ્રણીઓ દ્વારા લીલી ઝંડી આપી સ્પર્ધકોને પ્રસ્થાન કરાવાયું હતું. ઈનામ વિતરણ સમારોહમાં મહાનુભાવોના હસ્તે વિજેતાઓને મેડલ, ટ્રોફી,પ્રમાણપત્ર તથા પ્રતિકાત્મક ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ભાઈઓમાં સ્પર્ધક અનિલ દીનેશભાઈ વસાવાએ ૦૮:૨૨ મિનિટ અને બહેનોમાં કરીનાબેન સુરેશભાઈ કાળાંતે ૧૧:૩૭ મિનિટ સાથે પ્રથમ સ્થાન હાંસલ કર્યું હતું. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી હિમાલી જોષી દ્વારા સ્વાગત પ્રવચન કરી સ્પર્ધા વિશે માહિતી આપતા જણાવ્યું કે રાજયકક્ષાની સ્પર્ધામાં વિવિધ જિલ્લાઓમાંથી ૧૯ થી ૩૫ વર્ષ વયજુથના (સિનિયર) ૧૬૦ યુવક અને ૯૦ યુવતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પ્રથમ ૧ થી ૧૦ ક્રમે વિજેતા થનાર યુવક અને યુવતીઓને મળી કુલ ૨૦ વિજેતા સ્પર્ધકોમાં પ્રથમ ક્રમે ૨૫૦૦૦, બીજા ક્રમે ૨૦૦૦૦, ત્રીજા ક્રમે ૧૫૦૦૦ થી લઈને ૧૦માં ક્રમે વિજેતા થનારને ૫૦૦૦ સુધીની ઈનામની રકમ તેમના બેંક ખાતામાં જમા કરાશે. તથા ૧૧ થી ૨૫ ક્રમે વિજેતા થનાર સ્પર્ધકોને પુજ્યશ્રી મોટા હરિ ઓમ આશ્રમ, સુરત દ્વારા ૪૫૦૦ થી ૨૫૦૦ સુધીના એમ મળીને કુલ રૂ.૧,૦૫,૦૦૦/-ઈનામની રકમ તેમના બેંક ખાતામાં જમા કરાવાશે. કુલ ૨૫ સ્પર્ધકોને ૩,૩૯,૦૦૦/-નો રોકડ પુરસ્કાર એનાયત કરાશે.આ સ્પર્ધામાં પ્રથમ ૧ થી ૧૦ યુવક અને યુવતીઓને તા.૦૧ ફેબ્રુઆરીએ અખિલ ભારતીય ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા જવાનું રહેશે.

# વલસાડની ગલર્સ સ્કૂલની શિક્ષિકાને એવોર્ડ મળ્યો

વલસાડ, તા.૨૦

ધ સ્કૂલ ઓફ સાયન્સ, પાલનપુર ખાતે યોજાયેલા ગુજરાત સારસ્વત શિક્ષક સન્માન-૨૦૨૬ એવોર્ડ કાર્યક્રમમાં વલસાડ ની બી.એ.પી.એસ.સ્વામી નારાયણ વિદ્યા મંદિર ની ગલર્સ સ્કૂલની શિક્ષિકા મિતાલી પટેલનો પણ સમાવેશ થયો હતો.જેમને શિલ્ડ અને પ્રમાણ પત્ર આપી સન્માનિત કરાયા હતા. એ.ઈ.પી.૨૦૨૦ અંતર્ગત વર્ગખંડમાં ગુણવતાસભર શિક્ષણ માં શ્રેષ્ઠ કામગીરી કરવા સાથે વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર શિક્ષકોનો આ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી.નોલેજ વેલી ફાઉન્ડેશન આયોજિત ગુજરાત રાજયના ૩૪ જિલ્લાઓમાં ગુજરાત સારસ્વત શિક્ષક સન્માન-૨૦૨૬ હેઠળ ૨૧૨૧ શિક્ષકોને સન્માનવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુજરાત રાજયના શ્રેષ્ઠ શિક્ષકોએ ગુણવત્તા સભર કરેલી કામગીરી માટે શિલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માન.રાજ કુંવરબા, માન.અનિકેત ઠાકર ધારાસભ્ય સહિત વિશિષ્ટ મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં.






# વલસાડમાં ડ્રગ્સ અવેરનેસ વિષયે મેગા લીગલ લીટ્રસી કેમ્પ યોજાયો

## હાઇકોર્ટનાં સિનિયર મોસ્ટ જસ્ટિસ એ. વાય. કોગ્જેનીએ માર્ગદર્શન આપ્યું

વલસાડ, તા.૨૦

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ- નાલ્સા અને ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળનાં નેજા હેઠળ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વલસાડ દ્વારા મોંઘાભાઇ દેસાઇ હોલ, વલસાડ ખાતે ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળનાં? કારોબારી અધ્યક્ષ અને નામદાર ગુજરાત હાઈકોર્ટનાં સિનિયર મોસ્ટ જજ જસ્ટીસ એ. વાય. કોગ્જે તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળનાં સભ્ય સચીવ એચ. એમ. પવારની વિશેષ ઉપસ્થિતીમાં NALSA (DAWN - Drug Awareness and Wellness Navigation - Fro Drug Free India) Scheme, ૨૦૨૫ અંગે મેગા લીગલ લીટ્રસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

સમાજમાં નશા મુક્તિ અંગેની જાગૃતિનો પ્રચાર-પ્રસાર થાય અને ખાસ કરીને સમાજનાં યુવાનો ખોટી સંગતોમાં આવી કે દેખા દેખીમાં નશાનાં રવાડે ન ચડે તેવા આશયથી પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ તથા ઉપલબ્ધ કાનૂની સહાયની વિસ્તારમાં જાણકારી પ્રદાન થાય તે હેતુથી આ લીટ્રસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ જિલ્લા ન્યાયાલયનાં મુખ્ય જિલ્લા ન્યાયાધિશ નિપા સી. રાવલે ડ્રગ્સ અવેરનેસ વકતવ્ય રજુ કર્યું હતું. શાહ કે. એમ. લો કોલેજ, વલસાડનાં ઈન્ચાર્જ પ્રિન્સીપાલ ડો. નિકીતા રાવલે પણ નશાબંધીનાં વિવિધ કાયદાઓ તથા નામદાર હાઈકોર્ટનાં અને નામદાર સુપ્રિમકોર્ટનાં વિવિધ ચુકાદાઓ વિશે માહિતી પ્રદાન કરી હતી. વલસાડ એસ.ઓ.જી. નાં પી.એસ.આઈ.એ ડ્રગ્સ અવેરનેસ અંગે વિસ્તારમાં માહિતી આપી ડ્રગ્સ અવેરનેસ માટેની શપથ અપાવી હતી.

કેન્દ્ર સરકારશ્રીનાં મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા ચાલી રહેલ બાળ વિવાહ મુક્ત ભારત ઝુંબેશ અંતર્ગત પણ શાહ કે. એમ. લો કોલેજનાં વિદ્યાર્થીઓ દ્વારા એક સુંદર ટુંકુ નાટક રજુ કરવામાં? આવ્યું. કાર્યક્રમનાં અંતમાં મુખ્ય મહેમાન અને નામદાર હાઈકોર્ટનાં જસ્ટિસ શ્રી એ. વાય. કોગ્જેએ પણ ડ્રગ્સનાં? દુષણ અંગે તથા તેને કેવી રીતે દુર કરવું તે અંગે તેઓને પોતાના કોલેજ જીવન અને વકિલાતનાં? સમયમાં થયેલ અંગત અનુભવનું ઉદાહરણ આપીને સૌને સમજાવ્યું હતું. સરકારની વિવિધ યોજનાઓનાં લાભાર્થીઓને મુખ્ય મહેમાનશ્રીનાં વરદ હસ્તે લાભન્વિત કરવામાં આવ્યા હતા. એક સ્વસ્થ સમાજની રચના થાય અને દેશના યુવાધનનું સંવર્ધન થાય તેવા દ્રઢ સંકલ્પ સાથે આ લીગલ લીટ્રસી કેમ્પમાં ઉપસ્થિત રહેલા તમામ મહેમાનશ્રીઓ તથા વિદ્યાર્થીઓનો જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, વલસાડનાં સચીવ બી. જી. પોપટે આભાર વ્યક્ત કર્યો હતો.




# શ્રી રેકી હીલીંગ સેન્ટર દ્વારા રેકી કેમ્પ યોજાયો

સુરત, તા.૨૦

શ્રી રેકી હીલીગ સેન્ટર દ્વારા રેકી કેમ્પનુ આયોજન કરવામા આવેલુ હતુ. આ રેકી કેમ્પ તા.૧૮/૦૧/૨૦૨૬ ના રોજ સાળી સમાજની વાડી, શાંતિ નગર, નીલગીરી, સુરત મુકામે થયેલુ. આ રેકી કેમ્પ ૩ વાગે શરૂ થયેલો હતો. આ રેકી કેમ્પમા શ્રી રેકી હીલીંગ સેન્ટરના ૧૫ હીલર્સ દ્વારા ૧૬૫ લોકોને ૧ કલાક ૫ મીનીટ અને ૩૫ સેકન્ડમા રેકી થેરાપી આપવામા આવેલ. જે વિશ્વ રેકોર્ડ બનેલ. જેની નોંધ WORLD RECORD OF EXCELLENCE, ENGLAND દ્વારા લેવામા આવી હતી અને શ્રી રેકી હીલીંગ સેન્ટરને વિશ્વ રેકોર્ડ કરવા બદલ WORLD RECORD OF EXCELLENCE, ENGLAND VISE PRESIDENT MR. SANJAY PANJWANIJI દ્વારા સર્ટીફીકેટ આપવામા આવેલુ હતુ.

# સુરતમાં કોંગ્રેસની જન આક્રોશ યાત્રા મહાનગર પાલિકા સામે વિરોધ પ્રદર્શન

## ભાજપ શાસિત સુરત મહાનગરપાલિકા પર જનતાને અન્યાય કરવાનો આરોપ

સુરત, તા.૨૦

સુરત. આજે, ૧૯ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ, સુરત શહેર કોંગ્રેસ દ્વારા શહેરમાં જન આક્રોશ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિ (AICC) ના મહામંત્રી અને ગુજરાત કોંગ્રેસના પ્રભારી શ્રી મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ શ્રી અમિત ચાવડા, વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ડૉ. તુષાર ચૌધરી, દક્ષિણ ઝોનના પ્રભારી શ્રી શ્રીનિવાસન અને ભારત સરકારના ભૂતપૂર્વ મંત્રી શ્રી ભરતસિંહ સોલંકી યાત્રામાં ખાસ સહભાગી હતા.

જન આક્રોશ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય સુરત મહાનગરપાલિકામાં ભાજપ શાસકો દ્વારા શહેરના



રહેવાસીઓને થઈ રહેલા કથિત અન્યાય અને જાહેર હિતને લગતા વિવિધ મુદ્દાઓને ઉજાગર કરવાનો છે. યાત્રા દરમિયાન, કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ સુરત મહાનગરપાલિકા કમિશનરને વિગતવાર અરજી (મેમોરેન્ડમ) સુપરત કરવાનું નક્કી કર્યું.

કોંગ્રેસના નેતાઓનો આરોપ છે કે મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્ર અને ભાજપ સરકાર જાહેર સમસ્યાઓને અવગણી રહી છે, જેના કારણે સામાન્ય નાગરિકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. તેના વિરોધમાં, કોંગ્રેસ પક્ષે જનતાના અવાજને બુલંદ બનાવવા માટે આ જાહેર આક્રોશ કૂચનું આયોજન કર્યું છે.

આ કૂચમાં શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાલા, શહેર કોંગ્રેસ ઉપપ્રમુખ હરીશભાઈ સૂર્યવંશી, સુરત શહેર મહિલા કોંગ્રેસ અધ્યક્ષ મમતાબેન સવાની, પૂર્વ પ્રદેશ મંત્રી રોશન મિશ્રા, શૈલેષ રાજપૂત, જયેશ મહારાજ અને શશી દુબે સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો અને સમર્થકો હાજર રહ્યા હતા. તેમણે મ્યુનિસિપલ કોર્પોરેશન વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને જાહેર સમસ્યાઓ પર તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી. સુરત શહેર કોંગ્રેસ ઉપાધ્યક્ષ હરીશભાઈ સૂર્યવંશીના જણાવ્યા મુજબ આજના જન આક્રોશ યાત્રામાં ૫,૦૦૦ થી વધુ કાર્યકર્તાઓ હાજર રહ્યા અને જન આક્રોશ યાત્રાને સફળ બનાવી હતી.

# સહકાર ભારતીના સ્થાપના દિને શતાયુ સન્માન સમારંભ યોજાયો

## ઓલપાડ તાલુકાની ૧૭ સંસ્થાઓનું સન્માન

સુરત, તા.૨૦

સહકાર ભારતી ના ૪૮મા સ્થાપના દિન થતા આર.એસ. એસના શતાબ્દી વર્ષ નિમિત્તે પ્રદેશની યોજના મુજબ શતાયુ સન્માન સમારોહ ધી તળાદ ગ્રુપ કો ઓ. મંડળી લી,સુરત ના પ્રાંગણમાં ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યો હતો.

સમારોહમાં શતાયુ વર્ષ કે તેથી ઉપર ના વર્ષોથી સફળતાપૂર્વક કાર્યરત હોય તેવી સુરત જિલ્લા,ઓલપાડ તાલુકાની ૧૭ અને સુરત મહાનગરની ૩ સંસ્થાઓનું સન્માન સહકાર ભારતીના મોમેન્ટો અને પુષ્પગુચ્છ આપી સન્માનવામાં આવ્યા હતા. સમારોહમાં સહકાર ભારતી ગુજરાત પ્રદેશના મહામંત્રીશ્રી જયંતિભાઈ કેવટ, ધી સાયણ સુગર મંડળીના ચેરમેનશ્રી રાકેશભાઈ પટેલ, ધી પુરુષોત્તમ ફાર્મર્સ જિનિંગ એન્ડ પ્રોસેસિંગના ચેરમેનશ્રી મનહરભાઈ પટેલ, વિભાગ સંયોજકશ્રી પ્રવિણભાઈ ટેલર, સહ સંયોજક કૃણાલભાઈ પટેલ, સુરત જિલ્લાના અધ્યક્ષશ્રી રમેશભાઈ પટેલ, સુરત મહાનગર અધ્યક્ષશ્રી ઈશ્વરભાઈ પટેલ, યજમાન મંડળીના ચેરમેન અને સહકાર ભારતી ઓલપાડ તાલુકાના અધ્યક્ષશ્રી અરવિંદભાઈ પટેલ, જિલ્લા મહામંત્રી જયંતિભાઈ ડી પટેલ, સર્વ પ્રકોસ્થ પ્રમુખ હર્ષદભાઈ વશી,મહિલા પ્રમુખ ઉપરાંત શતાયુ સન્માનિત મંડળીમાંથી પધારેલ ચેરમેનશ્રીઓ/હોદ્દેદારશ્રીઓ સાથે વિસ્તારનાં સહકારી આગેવાનો અને સુરત મહાનગર તથા જિલ્લામાંથી સહકારી ભારતીના હોદ્દેદારો મળી ૧૧૦ જેટલા સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા. આ રીતે, સહકાર ભારતી ગુજરાત પ્રદેશ દ્વારા સ્થાપના દિવસ અને સંઘના શતાબ્દી વર્ષના ઉપક્રમે દક્ષિણ ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ ૮ સ્થળોએ, ૧૦૦ વર્ષ કે તેથી વધુ સમયથી

અનુસંધાન પાના ૭ પર

# ગૌવંશની સારવાર માટે શ્રીમાધવ ગૌશાળા દ્વારા એમ્બ્યુલન્સ સેવા શરૂ

## દાતાઓના સહયોગથી ગૌ સંજીવની સેવાનું લોકાર્પણ

સુરત, તા.૨૦

સુરત શહેર ના ઉધના વિસ્તાર સ્થિત શ્રી માધવ ગૌશાળા જયાં નિરાધાર, દિવ્યાંગ, બીમાર અને અકસ્માત થયેલ ગૌવંશ ની સેવા થાય છે. શહેરમાં દિવસે દિવસ વધી રહેલ ગૌવંશ અને અન્ય પ્રાણીઓના અકસ્માત ને સંજ્ઞાન માં લેતા શ્રી માધવ ગૌશાળા દ્વારા બચાવ અને ચિકિત્સા એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવી છે. શ્રી માધવ ગૌશાળા ના અધ્યક્ષ શ્રી. આશિષ સૂર્યવંશી સાથે વિશેષ ચર્ચા કરતા એમને જણાવ્યું કે સુરત શહેર માં અકસ્માત થી પીડાયેલ




અનુસંધાન પાના ૭ પર



# ડો. એ. ટી. દેસાઇ પરિવાર દ્વારા સ્મરણાંજલિ રક્તદાન શિબિર

સુરત, તા.૨૦

રવિવાર, તા. ૧૮.૧.૨૬ નાં રોજ સુરત શહેરના સુપ્રસિદ્ધ તબીબ સ્વ. ડૉ.એ. ટી. દેસાઈ ની જન્મજયંતિ નિમિત્તે ડૉ. એ. ટી. દેસાઈ ક્લિનિક તથા ડૉ. એ. ટી. દેસાઈ પરિવાર દ્વારા સ્મરણાંજલિ રક્તદાન શિબિર તથા જનરલ હેલ્થ ચેકઅપ નું આયોજન દયાળજી આશ્રમ, મજુરાગેટ, સુરત ખાતે ગોઠવવામાં આવ્યું હતું. રક્તદાન શિબિરમાં ૫૩ રક્તદાતાઓએ સ્વૈચ્છિક રક્તદાન કરી આ સેવાના યજ્ઞમાં પોતાનો સહયોગ આપ્યો હતો. દેસાઇ પરિવારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ શ્રી દયાળજી અનાવિલ કેળવણી મંડળ, સુરત રક્તદાન કેન્દ્ર તથા સુરત ક્લિનિકલ લેબોરેટરી અને સર્વે રક્તદાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સાંધાના દુખાવા અને ઓટો ઈમ્યુન રોગો અંગે જાગૃતિ સેમિનાર

સુરત, તા.૨૦

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રવિવાર તા. ૧૮ જાન્યુઆરીના રોજ સવારે ૧૦:૩૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે હેલ્થ સિરીઝ અંતર્ગત સાંધાના રોગો અને તેના નિવારણ-ઓટો ઈમ્યુન વિકાર વિશે અંગે એક વિશેષ શૈક્ષણિક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શહેરના નામાંકિત રૂમેટોલોજિસ્ટ્સે ઉપસ્થિત રહીને લોકોને આરોગ્યલક્ષી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સિનિયર રૂમેટોલોજિસ્ટ ડૉ. બંકિમ દેસાઈએ કહ્યું કે સંધિવા-આર્થરાઈટિસના લક્ષણો અને બીમારીનું નિદાન અને સારવાર એટલે રૂમેટોલોજી. ગાઉટ અને રૂમેટોઈડ આર્થરાઈટિસ વચ્ચે ઘણો મહત્વનો તફાવત છે એટલે તેનું નિદાન થવું ખૂબ જરૂરી છે. આનાથી તેને વધતો અટકાવી શકાય છે અને ૯૦% કેસોમાં ઘણું સારું થઈ જતું



## રૂમેટોઇડ આર્થરાઈટિસ માત્ર સાંધા જ નહીં, કિડની અને હૃદયને પણ નુકસાન કરી શકે

હોય છે. સુગર અને પ્રેસરની જેમ આર્થરાઈટિસને કાબૂમાં લાવી શકાય છે. મહિલાઓમાં તે થવાની શક્યતા વધુ રહેતી હોય છે. સંધિવા નાના બાળકોને પણ થઈ શકે છે. તેમણે રૂમેટિક ફિવર વિશે પણ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે રૂમેટોઈડ આર્થરાઈટિસની બીમારી ઓટો ઈમ્યુન ડિસીઝ છે, તેના કૉમ્પ્લિકેશન પણ ઘણા છે. તે કિડની, ફેફસા, હૃદય સહિત તમામ અવયવોને અસર કરી શકે છે. તેમણે ચેતવણી આપી કે તમામ રૂમેટોઈડ રોગોને સ્મોકિંગ સાથે સીધો સંબંધ છે. ડૉ. નિશિલ શાહે લોકોમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓનું ખંડન કરતા કહ્યું કે દવાઓ ખરાબ નથી, રોગ વધારે ખરાબ હોય છે. અન્ય રૂમેટોલોજિસ્ટ ડૉ. નિશાંત દેસાઈએ પણ આ રોગ વિશે લોકોને ઉપયોગી માર્ગદર્શન આપ્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત સંબોધન કર્યું હતું. ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, વ્યવસાયિકો અને સભ્યો સેમિનારમાં ઉપસ્થિત રહ્યાં હતા. ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના ચેરપર્સન ડૉ. પારુલ વડગામાએ આ કાર્યક્રમ વિશે માહિતી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અંતમાં

અનુસંધાન પાના ૭ પર




# આચાર્યા કુ.દીપિકા શુક્લને સનાતન સંસ્કૃતિ સંવર્ધન એવોર્ડ અર્પણ કરાયો

સુરત, તા.૨૦

પ્રેસિડન્સી સ્કૂલના આચાર્યા કુ. દીપિકા શુકલને "સનાતન સંસ્કૃતિ સંવર્ધન'' એવોર્ડથી સન્માન્યા હતા. રાંદેર રોડ સ્થિત પ્રેસિડન્સી સ્કૂલના આચાર્યાને યશવંત વ્યાસ લિખિત "હિન્દુ હૈ તો દુનિયા હે''ના પુસ્તકના વિમોચન અને સનાતન સન્માન સમારોહ પ્રસંગે વિવિધ ક્ષેત્રના સન્માનમાં શિક્ષણક્ષેત્રનો એવોર્ડ કુ.દીપિકા શુકલને અર્પણ કરાયો હતો. કાર્યક્રમ મોરાભાગળ સ્થિત ગુરૂકૃપા સ્કૂલમાં સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પદ્મશ્રી યઝદીભાઈ કરંજીયા તથા પદ્મશ્રી કનુભાઈ ટેલરને સનાતન શિરોમણિરત્ન એવોર્ડથી સન્માન્યા હતા. સનાતન સેવારત્ન એવોર્ડથી કાનજીભાઈ ભાલાળા, ભરતભાઈ શાહ, જયસુખભાઈ કથીરીયા, ડૉ વિનોદભાઈ શાહને સન્માન્યા હતા. જયારે શિક્ષણક્ષેત્રે અન્ય શ્રી નવનીતભાઈ ગોપાણી તેમજ ડૉ.નૈલેશભાઈ પટેલને સન્માન્યા હતા. ટ્રસ્ટી શ્રી હિતેન્દ્રભાઈ ચૂડાવાળા અને ટ્રસ્ટીશ્રી પ્રા.એન.એમ.કારીયાએ અભિનંદન પાઠવ્યા હતા.

# લિંબાયત ઝોનમાં માર્કેટ વિસ્તારમાં વેરા વસુલાત ઝુંબેશ શરૂ કરાઈ

## કડકાઈપૂર્વક સ્થળ પર રૂા.૫૧ લાખની વધુની વસુલાત

સુરત, તા.૨૦

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ના ડે.મ્યુ.કમિશ્નરશ્રી નિલેશભાઈ એચ.પટેલની સુચના મુજબ મે.આસી.કમિશ્નરશ્રી દિપક એમ. રાઠોડના માર્ગદર્શન હેઠળ આકારણી અધિકારી શ્રી એ.વી. જગતાપ અને આકારણી વસુલાત વિભાગના સ્ટાફ દ્વારા તા.૧૯/૦૧/૨૦૨૬ના રોજ સુરત ટેક્ષટાઈલ્સ માર્કેટ, સિલ્ક સીટી માર્કેટ, અનુપમ માર્કેટ, અભિષેક માર્કેટ, મીલેનીયમ માર્કેટ, રાધે માર્કેટ, સાગર માર્કેટ, ગણેશ માર્કેટ તથા અન્ય માર્કેટોમાં આવેલ કોર્મર્શિયલ મિલકતોમાં વેરા વસુલાતની કામગીરી ઘનિષ્ઠ બનાવવામાં આવતા લાંબા સમયથી વેરો ભરપાઇ ન કરતા કરદાતાઓમાં ફફડાટ ફેલાયો હતો. જેમાં પાછલી બાકી ધરાવતી મિલ્કતોને ટાંચમાં લઈ સીલ કરવામાં આવેલ છે. આથી ઘણાં

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વર એસવીએમ સ્કુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સ્નેહ મિલન

સુરત, તા.૨૦

અંકલેશ્વર એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ યોજાયો હતો.

અંકલેશ્વર એજ્યુકેશનલ ટ્રસ્ટ સંચાલિત સ્વામી વિવેકાનંદ ઈંગ્લિશ મિડીયમ સ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહ મિલન સમારોહ શાળાના ઓડિટોરિયમ ખાતે યોજાયો હતો. ચલો ફિર સે બચપન જીતે હૈ શીર્ષક હેઠળ શાળાના સ્થાપના વર્ષ ૧૯૮૦ થી ૨૦૨૫ સુધી ઘણા વિદ્યાર્થીઓએ શિક્ષણ મેળવી વિવિધ ક્ષેત્રે સિદ્ધિઓ હાંસલ કરી ડોક્ટર, એન્જિનિયર, બિઝનેસમેન વગેરેની પદવીઓ મેળવી છે. આ પ્રસંગે ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, આચાર્યા મીનાક્ષી ભારદ્વાજ, શિક્ષકો, બિન શૈક્ષણિક સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

અનુસંધાન પાના ૭ પર

# અંકલેશ્વરની પી.પી .સવાણી શાળામાં ધોરણ.૧૦ના વિદ્યાર્થીઓ માટે મોડલ ટેસ્ટ

અંકલેશ્વર, તા.૨૦

ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓ પ્રથમ વખત બોર્ડની પરીક્ષા આપી રહ્યા છે તેવા વિદ્યાર્થીઓને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર પરીક્ષાનો ભય /ડર દૂર થાય તેવા હેતુ થી અંકલેશ્વરની ગાર્ડન સિટી ખાતે આવેલ પી.પી .સવાણી. સ્કુલ, ગુજરાતી માધ્યમના ધોરણ ૧૦ ના વિદ્યાર્થીઓની મુખ્ય વિષયોની તારીખ ૧૯/ ૧/ ૨૦૨૬ ને સોમવારથી બોર્ડની પેટર્ન મુજબ પ્રશ્નપત્ર, હોલ ટિકિટ, ખાખી સ્ટીકર, બોર્ડની ઉત્તરવહી, પુરવણી બ્લોક સુપરવાઈઝર ,૦૧ પત્રક સહિતની તમામ પદ્ધતિનો અમલ કરી પરીક્ષા લેવામાં આવી રહી છે.

વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપતા હોય તે મુજબ જ વિદ્યાર્થીઓનું કુમકુમ તિલક કરી, મો મીઠું કરાવી, સ્વાગત કરી, બેઠક

અનુસંધાન પાના ૭ પર




## સ્વચ્છ ઉર્જા ઉત્પાદનમાં ભારતનું કદ વધ્યું

# વુડ મેકેન્ઝીના વૈશ્વિક ટોપ-૧૦ રેન્કિંગમાં અદાણી સોલાર એકમાત્ર ભારતીય કંપની બની

**અમદાવાદ તા.૧૯ :**

અદાણી સોલારે ફરી એકવાર વિશ્વસ્તરે ડંકો વગાડ્યો છે. વુડ મેકેન્ઝીના ગ્લોબલ સોલાર મોડ્યુલ મેન્યુફેક્ચરર રેન્કિંગમાં સ્થાન મેળવનારી એકમાત્ર ભારતીય કંપની તરીકે અદાણી સોલાર ઉભરી આવી છે. આ સિદ્ધિ સાથે વૈશ્વિક સ્વચ્છ ઉર્જા ઉત્પાદનમાં ભારતનું કદ વધ્યું છે. અદાણી ન્યૂ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ (ANIL) ની સોલાર ફોટોવોલ્ટેઈક મેન્યુફેક્ચરિંગ શાખા અદાણી સોલારને ગ્લોબલ એનર્જી એન્ડ નેચરલ રિસોર્સ કન્સલ્ટન્સી દ્વારા સર્વોચ્ચ એવો ગ્રેડ છ આપવામાં આવ્યો છે.

ક્રિસ્ટલાઇન સિલિકોન મોડ્યુલના ૩૮ ઉત્પાદકોનું મૂલ્યાંકન કરનાર વુડ મેકેન્ઝી ના રિપોર્ટમાં અદાણી સોલારનું રેટિંગ ટેકનોલોજી, સપ્લાય ચેઈન, વર્ટિકલ ઈન્ટિગ્રેશન, સંશોધન અને વિકાસ, ઈજીય તેમજ કોર્પોરેટ જવાબદારીઓ જેવા પરિમાણોમાં મજબૂત પ્રદર્શનના આધારે આપવામાં આવ્યું છે. ગ્લોબલ સોલાર મોડ્યુલ મેન્યુફેક્ચરર રેન્કિંગમાં અદાણી સોલારને ૭મો ક્રમાંક આપવામાં આવ્યો છે.

આ સન્માન અદાણી સોલાર માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે, ૨૦૨૫ સુધીમાં તેણે સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં ૧૫,૦૦૦ મેગાવોટથી વધુ સોલાર મોડ્યુલની નિકાસ કરી છે. જેમાંથી, ૧૦,૦૦૦ મેગાવોટ ભારતમાં સ્થાપિત કરાયા છે અને ૫,૦૦૦ મેગાવોટ વિદેશમાં નિકાસ કરવામાં આવ્યા છે.

લગભગ ૭૦ ટકા મોડ્યુલ ભારતમાં ઉત્પાદિત સોલાર સેલનો ઉપયોગ કરીને બનાવવામાં આવ્યા છે. આ સીમાચિહ્ન સાથે અદાણી સોલાર આ સ્કેલ સુધી પહોંચનાર પ્રથમ અને સૌથી ઝડપી ભારતીય ઉત્પાદક કંપની બની છે. રોજગારીની વાત કરીએ તો કંપનીએ ૮,૦૦૦થી વધુ પ્રત્યક્ષ રોજગારીનું સર્જન કર્યું છે, સાથે જ પરોક્ષ રોજગારીનું પણ સર્જન થયું છે.

વુડ મેકેન્ઝીના રિપોર્ટમાં ટોચના ૧૦માં રહેલા તમામ બિન-ચીની ખેલાડીઓ પ્રીમિયમ અને નફાકારક રહ્યા. અહેવાલમાં અદાણી સોલાર અને હ્રસ્ઈય્ઝ સોલારનો ૧૦૦ ટકા ઉપયોગીતા સાથે નોંધપાત્ર યોગદાનનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અદાણી સોલારને સતત આઠમા વર્ષે કિવા ફોટોવોલ્ટેઈક ઈવોલ્યુશન લેબ્સ દ્વારા ટોપ પર્ફોર્મર તરીકે સન્માન આપવામાં આવ્યું છે, EUPD રિસર્ચ દ્વારા ટોચના બ્રાન્ડ ફોટોવોલ્ટેઈક ૨૦૨૫ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે. ઉપરાંત બ્લૂમબર્ગ ન્યૂ એનર્જી ફાઈનાન્સમાં ગત વર્ષના ત્રીજા ક્વાર્ટરમાં સર્વોચ્ચ સ્થાન એવું ટીયર ૧નો દરજ્જો જાળવી રાખ્યો છે.આગામી નાણાકીય વર્ષ સુધીમાં કંપની વાર્ષિક ઉત્પાદન ક્ષમતા ૧૦,૦૦૦ મેગાવોટ સુધી વધારવાની યોજના ધરાવે છે. મુન્દ્રા ખાતે આગામી પેઢીના, ઉચ્ચ-કાર્યક્ષમતા ધરાવતા સૌર મોડ્યુલનું ઉત્પાદન કરે છે, જેમાં ઈન્ગોટ્સ, વેફર્સ, સેલ, મોડ્યુલ અને સોલાર ગ્લાસ, એલ્યુમિનિયમ ફ્રેમ્સ અને ઈફછ બેકશીટ્સ જેવી મુખ્ય સહાયક સામગ્રીનો સમાવેશ થાય છે.

ભારતની સૌર ઉત્પાદન ક્ષમતા ૨૦૧૪ માં ૨.૫ ય્ઉ કરતાં ઓછી હતી, જે ૨૦૨૫ માં ૧૪૦ GW કરતા વધી ગઈ છે. દેશ હવે સ્થાપિત સૌર ઉત્પાદન ક્ષમતામાં વૈશ્વિક સ્તરે ત્રીજા ક્રમે છે. ભારતે પહેલાથી જ તેની પેરિસ એગ્રીમેન્ટમાં સ્વીકારેલી પ્રતિબદ્ધતા પાર કરી લીધી છે. ૨૦૩૦ સુધીમાં તે ૫૦૦ ય્ઉ સુધી હરીત ઉર્જા ઉત્પાદન સુધી પહોંચવા અગ્રેસર છે.

# વ્યવસાયિક સફળતાની નવી દિશા એટલે વિચારથી સફળતા સુધીનો અભિગમ





કોળી પટેલ બિઝનેસ ગ્રુપ (KBG) દ્વારા વિવિધ વ્યવસાય સાથે સંકળાયેલા પ્રોફેશન માટે બિઝનેસ ટ્રેનિંગનું આયોજન રાંદેર ખાતે કરાયેલું હતું. જેમાં ગુરુકૃપા વિધાલયના મેનેજિંગ ટ્રસ્ટીશ્રી અને સુરતના જાણીતા ટ્રેનર ડૉ.નૈલેષ પટેલ દ્વારા નોકરી અને ઉદ્યોગ સાહસિકની માનસિકતા, જોખમ લેવાની તૈયારી, સમસ્યાને તકમાં બદલવાની કળા અને નિષ્ફળતામાં શીખવાની આદત વિશે ઉદ્યોગ સાહસિકને જણાવ્યું હતું.

આ ટ્રેનિંગમાં તેમણે ધંધો/વ્યવસાય વધારવા અને તેની ગુણવત્તા સુધારવા નીચેની બાબતો સમજાવી હતી

૧. બિઝનેસમાંખર્ચ, આવક અને નફાની સમજ હોવી જરૂરી છે.

૨. હું આ બિઝનેસ કેમ કરું છું તેની સ્પષ્ટ સમજ હોવી ખૂબ જ જરૂરી છે.

૩. ગ્રાહકની જરૂરિયાત સમજવી.

૪. ફરિયાદોને તકમાં બદલવી.

૫. વેલ્યુ બેઈઝ સર્વિસ આપવી.

૬. કર્મચારી સાથે વિશ્વાસપૂર્ણ સંબંધ કેળવવો જોઈએ.

૭. ઝડપી નિર્ણય લેવાની ક્ષમતા.

૮. સતત શીખવાની અને સુધારવાની ભાવના સાથે કામ કરવું.

૯. વ્યવસાયમાં સમય વ્યવસ્થાપન અને શિષ્ટશીખવું ખૂબ જ જરૂરી છે.

૧૦. શરૂઆતમાં વધુ વહેંચો વધુ વેપાર કરવો.

૧૧. બિઝનેસમાં ફાયદા કરતાં વધારે વિશ્વાસ, વચન અને મૂલ્યો પર વધુ મહત્વ આપવું જરૂરી છે.

૧૨. ટૂંકાગાળાના નુકસાનને સ્વીકારીને સિદ્ધાંતો પર અડગ રહી લાંબેગાળે વિશ્વાસનીયતા સાથે મોટી સફળતા મળી શકે છે.

૧૩. બિઝનેસમાં જ્યારે નુકસાન કે મંદી આવે ત્યારે હાર માન્યા વગર પોતાની ક્વોલિટી અને સિસ્ટમ સાથે કામ કરી સફળતા મેળવવી જોઈએ.







# ફેશનમાં ઉતરી પરીકથા

ૠદ્ધિ ભટ્ટાચાર્ય, કોલકાતાઃ- ઝળહળતી લાઈટ્સ, રાજસી સજાવટ અને નાજુક સૌંદર્યના મોહમાં આજે શહેરના હૃદયમાં જાણે પરીકથાનો દરબાર બેઠો હતો. એક અનન્ય ફેશન કાર્યક્રમમાં મોડેલોએ રેમ્પ પર રજૂ કર્યા મનમોહક બ્રાઈડલ લુક, ભવ્યતા અને ગ્લેમરથી ભરપૂર રિસેપ્શન લુક તથા ભક્તિ અને સૌંદર્યના અદભુત સંયોજનથી રચાયેલ રાધા લુક. નિખૂટ મેકઅપ, આકર્ષક આભૂષણો અને પરંપરાગત વસ્ત્રોના સ્પર્શથી દરેક લુક જીવંત કળાકૃતિ બની ઊભરી આવ્યો. આ વિશેષ આયોજન માત્ર ફેશનનું પ્રદર્શન નહોતું, પરંતુ બંગાળી સંસ્કૃતિ અને આધુનિક રુચિનો એક અનોખો ઉત્સવ હતો, જેણે ક્ષણમાં જ દર્શકોના દિલ જીતી લીધા.

કાર્યક્રમનું સંચાલન દીપ દત્તાએ કર્યું હતું અને ફોટોગ્રાફીની ભૂમિકામાં રાજ ચક્રવર્તી હતા. મોડેલોમાં હાજર હતા સબનામ સુલતાના, અનુ મૌલિક, સુસ્મિતા રાય, સાનજના રાય, દિશાની રાય, મીનાક્ષી પોદ્દાર, સુપ્રિયા બેનર્જી, પ્રાપ્તી દે, દિયા મંડલ, મેધા દત્ત, સાયંતી માઈતી, રિયા રાય, જયશ્રી શીલ અને સુતપા સાહા. મેકઅપ આર્ટિસ્ટોમાં હાજર હતા અંતરા મૈત્ર, ડોલી દાસ, નવનીતા ગુપ્તા, મૌસુમિ રાય, નાસિમ મર્તુજા, દેવી અધિકારી, ગાયત્રી ઘોરાઈ, અનિમા ખાતુન, લક્ષ્મી દાસ અને રૂપાલી છુનદેર.સમગ્ર રીતે આ ફેશન કાર્યક્રમ એક તરફ મોડેલોની પ્રતિભા અને આત્મવિશ્વાસને ઉજાગર કરે છે, તો બીજી તરફ મેકઅપ આર્ટિસ્ટોની નિપુણ કુશળતાથી દરેક લુકને એક અનોખી ઊંચાઈ મળી છે. બ્રાઈડલ, રિસેપ્શન અને રાધા લુક—ત્રણે થીમમાં સૌંદર્ય, પરંપરા અને આધુનિકતાનું સુમેળભર્યું સંયોજન દર્શકોને મંત્રમુગ્ધ કરી ગયું. આવા સર્જનાત્મક અને સુવ્યવસ્થિત પ્રયાસો ભવિષ્યમાં ફેશન અને સૌંદર્ય જગતને વધુ સમૃદ્ધ કરશે તેવી આશા હાજર મહેમાનો અને ફેશનપ્રેમીઓ વ્યક્ત કરી રહ્યા છે.



# વ્યસન ધીરે : ધીરે સજામાં પલટાતી મજા?

પૃથ્વી પર રહેલી કોઇ પણ વ્યક્તિને પૂછવામાં આવે કે, એ જે કાંઇ પણ કરે છે તે શા માટે કરે છે? તો તેનો એક જ ઉત્તર મળશે કે, તે સુખી અને શાંતિમય જીવન જીવવા માટે જ બધું કરે છે. જીવ-પ્રાણીમાત્રને દુઃખ પસંદ નથી. જીવનમાં આવતા નાના એવા દુઃખને પણ અથાગ પ્રયત્નોથી દૂર કરવા આપણે મથીએ છીએ...

શું જીવનની આ જ વાસ્તવિકતા છે? શું આપણે ખરેખર આવું જ માનીએ છીએ? શું દારૂ, સિગારેટ, ગુટકા વગેરેનાં વ્યસનોના દુઃખથી અજાણ છીએ? તો પણ આપણે શા માટે સામે ચાલીને નરકનાં દુઃખ જેવાં આ વ્યસનોના ગુલામ થઇએ છીએ?શું તમે જાણો છો કે આજે વિશ્ર્વમાં દર ૬ સેક્ધડે ૧ વ્યક્તિ તમાકુના વ્યસનથી મૃત્યુ પામે છે. તેમાં પણ ભારતમાં દર ૨ મિનિટે ૩ વ્યક્તિનું સિગારેટના વ્યસનથી મોત થાય છે. વિશ્ર્વમાં થતાં મૃત્યુમાંથી ૬ ટકા લોકો દારૂના વ્યસનથી મૃત્યુ પામે છે.શરીરમાં થતાં અન્ય રોગ કેવળ આપણી ભૂલના કારણે થતાં નથી, એ પણ એક વાસ્તવિકતા છે; પરંતુ દારૂ, સિગારેટ કે તમાકુને કારણે શરીરમાં થતાં કોઇ પણ રોગના જવાબદાર ૧૦૦ એ ૧૦૦ ટકા આપણે જ છીએ. આ વ્યસનોની ભયંકરતા આટલી બધી છે.

## શું આપ જાણો છો?

વિશ્વમાં પ્રાય : રોજ ૧૪ હજાર લોકો ધ્રૂમ્રપાનના વ્યસનથી મરે છે.

ધૂમ્રપાનથી થતા મૃત્યુની સંખ્યા આપઘાત કરતાં ૩૦ ગણી વધુ છે, અને દુનિયામાં થતા ખૂન કરતાં ૫૪ ગણી વધુ છે.

વિશ્વમાં થતાં કેન્સરના મૃત્યુમાં પ્રાય : ૩૦થી વધુ ટકા ફાળો તમાકુનો છે. વિશ્વમાં દર વર્ષે તમાકુના વ્યસનને કારણે આશરે ૬૦ લાખ લોકો મોતને ભેટે છે. તમાકુને કારણે દર વર્ષે અંદાજે ૨૦ હજાર લોકોને પગ કપાવવો પડે છે. ભારતમાં રોજ આશરે ૫૪૩૫ નવાં બાળકો અને ગુજરાતમાં અંદાજે ૨૪૪ નવાં બાળકો ધ્રૂમ્રપાન કરતાં શીખે છે. વિશ્વમાં દર વર્ષે લગભગ ૩૩ લાખ લોકો દારૂના વ્યસનથી મૃત્યુ પામે છે. ઈ.સ. ૨૦૩૦માં તમાકુને લીધે થતા મૃત્યુની સંખ્યા એઈડ્સ અને ટી.બી. કરતાં વધારે હશે.

વ્યસનથી મુક્ત થવાના આ છે કેટલાક સરળ ઉપાયઃ

૧) 'મારે વ્યસન છોડવું જ છે.' એવી મક્કમતા કરવી. વ્યસન રાખવાથી અને છોડવાથી થતાં ફાયદા-નુકસાનોની એક યાદી બનાવી રાખવી. વ્યસન છોડવાની ઈચ્છા આપણી પોતાની હોવી જોઇએ. કેમ કે, અન્ય લોકોના કહેવાથી કરેલો વ્યસનનો ત્યાગ માત્ર થોડા દિવસ પૂરતો જ ટકે. મનમાં એવું દૃઢ કરી લેવું જોઇએ કે, 'વ્યસન એ માત્ર ગુલામી, બરબાદી અને દુઃખ જ છે.' ૨) વ્યસન છોડવા વિશેની માન્યતા બદલવી. વ્યસન છોડવું તેને બોજ કે દુઃખ ન માનીએ, પરંતુ 'એક પરમ શત્રુનો ત્યાગ કરું છું' તેવું સમજીએ. ૩) વ્યસન છોડવાની કોઇ પણ એક તારીખ નક્કી કરી લેવી.ઘણા વ્યસની વ્યસન છોડવાનું નક્કી કરે છે, પરંતુ ચોક્કસ સમય નિર્ધારિત ન હોવાથી તેને પોતાનું મન રમાડયા કરે છે કે, 'આજ-કાલમાં વ્યસન છોડી દઈશ.' પરંતુ આવા લોકો કયારેય વ્યસન છોડી શકતા નથી.૪) શ્રીહરિની મદદ લેવા માટે રોજ પ્રાર્થના કરવી. એ અવશ્ય આપણને મદદ કરીને વહેલી તકે વ્યસનમુક્ત કરશે.૫) આપણે શા માટે વ્યસનો છોડવા છે? તેના મુખ્ય ત્રણેક કારણ શોધી, આપણને દેખાય તેવી જગ્યાએ મોટા અક્ષરે લખી રાખવું; જેથી તે વારંવાર યાદ આપ્યા કરે.૬) વ્યસન છોડવાની ઈચ્છા પરિવારજનો તથા સહચર મિત્રોને જણાવવી. કેમ કે જો વ્યસન છોડવાની ઈચ્છાની જાણ માત્ર પોતા પૂરતી જ રાખીશું, તો મન આપણને ગમે ત્યારે છેતરશે. તેથી સહચરોને જાણ કરવાથી તેઓ યોગ્ય સમયે ખૂબ જ મદદ કરી શકશે.

# એક સમયે માંદાની માવજત : માટે ફેમિલી પ્રેક્ટિસ સંપૂર્ણ હતી

એક સમયે ફેમિલી ડૉક્ટરોનો જમાનો હતો. જેમ મુંબઈની ગલીએ ગલીએ ઈરાની રેસ્ટોરંટ હતી તેમ એમ.બી.બી.એસ. દાકતરોના દવાખાના હતા. એક રૂમમાં આગળ કાચના કાઉન્ટરમાં કમ્પાઉંડર બેસતો. દાકતરો દરદીને તપાસીને દવા લખતા. કમ્પાઉંડર તે જોઈને દવા આપતો હતો. કાચની બાટલીઓ ઉપર કાપાવાળો કાગળ ચોંટાડેલો રહેતો તે પ્રમાણે મીક્સચર અપાતું.

જ્યારે બાટલીઓમાં મીક્સચર અપાતાં

લગભગ પચાસ વરસ પહેલાં લાલ ચળકતું કાર્મિનેટિવ મીક્સચર, તાવ માટે ડાયાફોરટિક મીક્સચર વગેરે દવાખાનામાં બનાવીને આપવામાં આવતું. દરેકની આગવી સોડમ અને કડવાશ પણ કાર્મિનેટિવમાં મીઠાસ હતી. તેવી જ રીતે મીક્સચર અપાતું. મલમ પણ દવાખાનામાં કમ્પાઉંડર બનાવતો હતો. તે સમયે મોટાભાગનાં દાકતરો દવાખાનામાં ટાંકા લેતા હતા. ઘા ઉપર ટિંકચર બેન્ઝાઈન કે એક્રીફલેવીન લગાવતા હતા. નાના ભૂલકાઓ નાકમાં કે કાનમાં રબ્બર પેન્સિલનો ટુકડાં ખોસતા તે કાઢી આપતા હતા.

ખમાં કચરો પડ્યો હોય તો ઈંજેકશનની સોયની અણીથી કાઢી આપતા હતા. કાનમાં કચરો કે મેલ (વૅક્ષ) હોય તો સિરિંજ કે પીચકારીની મદદથી કાઢતા હતા. બીજે ક્યાંય જવાની જરૂર નહોતી પડતી. ફેમિલી ડૉક્ટર બધા દરદોનો ઈલાજ કરતા હતા. ગળું દુઃખતું હોય તો મેન્ડેલ પેઈંટ સળીની મદદથી ચોપડતા હતા. બાંદરામાં હું ડૉ. રઝાક લાહેજીના મદદનીશ તરીકે કામ કરતો હતો. તેઓ સ્ક્રોટમમાં પાણી ભરાઈ ગયું હોય તો ટ્રોકાર અને કેન્યુલાની મદદથી કાઢતા હતા.

તે જમાનામાં એક સમયે વાપરીને ફેંકી દેવાતા પ્લાસ્ટિકનાં ઈંજેકશન (સિરિંજ) આવ્યા ન હતાં. દાકટરો કાચની સિરિંજોને સ્ટર્લાઈઝરમાં કે તપેલીમાં ઉકાળતા હતા. ઘણાં દવાખાનાઓમાં સ્ટર્લાઝિનાં નાનકડાં મશીન રહેતા હતાં. ત્યાર પછી જાતજાતની દવાઓ આવી અને સારવાર પદ્ધતિ બદલાઈ ગઈ હતી. એપીસી, સલ્ફાની ગોળીઓ, ટેટ્રાસાઈક્લીન વગેરેએ પગરણ માંડ્યા. મેં જ્યારે પચાસ વર્ષ પહેલાં પ્રેક્ટિસ શરૂ કરી ત્યારે પેનેસિલિન, ટેટ્રાસાઈકલનાં ઈંજેકશનો અને પેટમાં દુઃખતું હોય ત્યારે બેરાલગાનનાં ઈંજેકશન આપતા હતા. શ્વાસ ચઢે ત્યારે એમિનોફાઈલીન નસમાં આપતાં હતાં.

ટીબી માટે મહિનાઓ સુધી સ્ટ્રેપ્ટૉમાઈસીનનાં ઈંજેકશન આપતાં હતાં. પેનિસિલીનનાં ઈંજેકશન આપતાં રીએકશન કે પ્રતિક્રિયાથી ઘણા ડૉક્ટરો ડરતા હતા, પરંતુ તે જમાનામાં ગુપ્તરોગો માટે એજ સચોટ ઉપાય હતો. કમાટીપુરા અને ગોળદેવળ પાસે દાકતરો ડર્યા વગર આ ઈંજેકશનો આપતા હતા. કોંડોમનો ઉપયોગ નહીવત્ હોવાથી સીફલીસ, ગોનોરીયા વગેરે ગુપ્તરોગોનો સારો ફેલાવો હતો.

નસમાં કેલ્શિયમનું ઈંજેકશન આપવાથી શરીરમાં ગરમી આવતી. દરદીઓ ખુશ થતા હતા. ધીમે ધીમે સારવાર પદ્ધતિ બદલાઈ ગઈ હતી. તે જમાનામાં વીસ ફેમિલી ડૉક્ટર અને સામે એક સ્પશિયાલિસ્ટ હતા. દરેક ફેમિલી ડૉક્ટર જુદે જુદે ઠેકાણે બે દવાખાના ચલાવતા હતા. ઘણીવાર સ્પેશિયાલિસ્ટને બતાવવું હોય તો ફેમિલી ડૉક્ટરને સાથે લઈ જતા હતા. કેટલીકવાર દરદી સાથે વિદેશમાં પણ જવાનું થતું હતું.

કુટુંબના આદરણીય મિત્ર

તે સમયે ફેમિલી ડૉક્ટર વિઝિટ માટે આવે તે મોટી વાત ગણાતી. ઘરનાં એક બે જણ સામે લેવા ગલીના નાકે કે દરવાજે ઊભા રહેતા. દાકતરની ચામડાની બેગ ઉપાડી પાછળ પાછળ ચાલતા હતા. ઘરના નાના મોટા સૌ ડૉક્ટર તેમની સામે જુએ અને સ્મિત આપે તેની રાહ જોતા હતા. ફેમિલી ડૉક્ટર સામે અંગત સંબંધ રાખવા સૌ આતુર રહેતા. જ્યારે ડૉક્ટર તપાસતા ત્યારે મોટાભાગનાં લોકોને રૂમની બહાર જવાનું કહેતા.

જો ઈંજેકશન આપવાનું હોય તો સ્ટવ ઉપર તપેલીમાં કાચની સિરિંજને ઉકાળતાં. ઘરના નાના મોટા પ્રસંગે ફેમિલી ડૉક્ટરને ખાસ આમંત્રણ અપાતું. ફેમિલી ડૉક્ટર કુટુંબના મિત્ર જેવા ગણાતા. બીજી બાબતો માટે પણ તેમની સલાહ લેવાતી. કેટલાક જાણીતા ડૉક્ટરોને આજે પણ લોકો યાદ કરે છે. દવાખાના ભરેલા રહેતા. ઘણા પારસી, ગોવન, મહારાષ્ટ્રિયન, ગુજરાતી ડૉક્ટરો હતા.

એ દુર્લભ થતા જાય છે

કેટલાક જૂના ડૉક્ટરો વધતી ઉંમર અને બીજા કારણોને લઈ નિવૃત્ત થયા છે. મોટાભાગે તેમના સંતાનો ફેમિલી પ્રેક્ટિસમાં પડવામાં રસ ધરાવતા નથી અને ધીમે ધીમે દવાખાનાં ઓછાં થતાં જાય છે. નવા ડૉક્ટરો પણ દવાખાનાની જગ્યા મોંઘી હોવાથી અને જીવન ખર્ચાળ હોવાથી - ખાનગી પ્રેક્ટિસમાં પડતા નથી અને આગળ ભણવાનું ચાલુ રાખે છે. કેટલેક ઠેકાણે ખાસ કરીને ઝૂંપડપટ્ટીમાં જાતજાતની અસલી નકલી પદવીઓ ધરાવતા દાકતરોની સંખ્યા વધી રહી છે. તેઓ ઈંજેકશન નસમાં બાટલા ચઢાવી વધુ રકમ લેતા હોય છે. એમ.બી.બી.એસ. ડૉક્ટરો આ બધાથી દૂર રહે છે.

ફેમિલી ડૉક્ટરોની ઘટતી સંખ્યા વચ્ચે પણ કેટલાક દાકતરો ઉમદા ઉદાહરણ પૂરા પાડે છે. બાંદ્રામાં લિકિંગ રોડ પાસે ડૉ. દિનેશ ગાંધી બાણું વરસની ઉંમરે પણ મેડિકલ પ્રેક્ટિસમાં રચ્યાપચ્યા રહે છે. વિઝિટ ઉપર જાય છે. જાતે મોટર ચલાવીને બધે જાય છે. મકાનોનાં પગથિયાં ચઢે છે. આધુનિક દવાદારૂ અને સારવાર પદ્ધતિ વિશે વધુ જ્ઞાન મેળવવા સક્રિય રહે છે.

મનીપાલની કસ્તુરબા મેડિકલ કૉલેજની ૧૯૫૩ની પ્રથમ બેચના ડૉક્ટર છે. આવા કેટલાક ડૉક્ટરો આવી ઉમદા કારકિર્દી સતત ચાલુ રાખે છે. મુંબઈમાં એમ.બી.બી.એસ. ડૉક્ટરોનું ૪૦૦૦ ઉપર સદસ્ય ધરાવતું જી.પી.એસ. એસોસિયેશન છે. અત્યારે તેની વાર્ષિક ઉજવણી થઈ રહી છે. અનેક અનુભવી ફેમિલી દાકતરો આ સંસ્થાને સબળ ટેકો આપી ધગશ સાથે આગળ વધાવી રહ્યા છે.



તંત્રી લેખ...-

મંગળવાર, તા. ૨૦ જાન્યુઆરી ૨૦૨૬

# ‘સિંદૂર’નો રંગ ઝાંખો પડયો નથી

મે ૨૦૨૫માં ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂરના નામે જે કૌવત અને ક્ષમતા બતાવી તેની ચર્ચા તો હજી ચાલી જ રહી છે, પરંતુ તેના નિશાન પણ યથાવત્ છે. અગાઉ સર્જિકલ સ્ટ્રાઇક વખતે પુરાવા માગતા નેતાઓના મોં પણ આ વખતે બંધ રહ્યાં હતાં. પહેલગામમાં થયેલા આતંકી પ્રહાર બાદ વળતો ઘા થયો, ત્યારે દુનિયા જોતી રહી ગઈ હતી. વારંવાર ભારત સરકાર અને સેના કહે છે કે, આ ઓપરેશન પૂર્ણ થયું નથી. સિંદૂર વખતે જે કંઈ થયું તેનો વધુ એક વીડિયો દેશની સેનાએ જાહેર કરીને આતંકવાદી પ્રવૃત્તિ સામે પોતે શું કરી શકે તેમ છે અને શું કર્યું હતું તેની સાબિતી આપી દીધી છે. સેના દિવસ નિમિત્તે જાહેર થયેલો એક વીડિયો ઘણો મોટો સંદેશ આપી જાય છે. ૨૦૦૧માં સંસદ ઉપર થયેલો હુમલો, ૨૦૦૨માં અક્ષરધામને આતંકીઓએ લક્ષ્ય બનાવ્યું, ૨૦૦૮માં મુંબઈમાં, ૨૦૧૬માં ઉરીમાં થયેલો પ્રહાર અને પછી પુલવામા ૨૦૧૯, પહેલગામ ૨૦૨૫ની યાદ ત્યાં અપાવવામાં આવી છે. માનવતા ઉપર આ હુમલા થયા છે, તેવું ભારતીય સેનાએ કહ્યું છે, પછી ૨૦૨૫ની છઠ્ઠી મેની મધરાત એટલે કે, ૭મી મેએ થયેલાં ઓપરેશન સિંદૂરના દશ્યો ત્યાં મૂકાયાં છે. ભારતીય સશસ્ત્રદળની તાકાત, લડાયક મિજાજનો પણ ઉલ્લેખ છે. પાકિસ્તાનના આતંકી અડ્ડા, હવાઈપટ્ટી સહિતનાં સ્થળે સેનાએ જે કાર્યવાહી કરી તે દર્શાવીને ભારતીય સૈન્યે યાદ અપાવ્યું છે કે, આતંકવાદી હુમલાને તેણે પડકાર્યો હતો. ઓપરેશન સિંદૂરની એ ઘડીઓ દેશની જનતાને બરાબર યાદ છે. મધરાત્રે ટ્વીટ થયું, જસ્ટિસ સર્વાઈવ્ડ–ન્યાય થઈ ગયો... છઠ્ઠી મેએ રાત્રે લશ્કર તૂટી પડયું આતંકી અડ્ડાઓ ઉપર. થોડા દિવસ આ કાર્યવાહી ચાલી. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, મેં યુદ્ધ થતાં અટકાવ્યું. વિપક્ષો સરકાર ઉપર તૂટી પડયા. ભારતીય પ્રણાલી અનુસાર આપણે ફક્ત આતંકવાદી ક્ષેત્રો ઉપર હુમલા કર્યા. પાકિસ્તાનની પ્રજા ઉપર પ્રહાર કર્યા નહોતા. જવાબ આપી દીધો, પાકિસ્તાનને તેને ઓકાત બતાવી દીધી પછી શસ્ત્રવિરામ. આ પણ ઉલ્લેખનીય હતું. દેશનો એક મોટો વર્ગ કહેતો હતો, ’આમ થોડું હોય? પીઓકે લઈ લેવાનું હતું...’ સૈન્યની સક્ષમતા, સરકારની મક્કમતા બંને અડગ હતા. આંતરરાષ્ટ્રીય અનેક બાબતો પણ જોવાની હોય. કપરા સંજોગો વચ્ચે પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું, ’ટેરર અને ટોક એકસાથે નહીં’, સિંધુના જળ પાકિસ્તાન જતા બંધ કરીને તેમણે કહ્યું, ’પાણી અને લોહી એકસાથે નહીં વહે.’ વારંવાર તેમણે કહ્યું છે કે, ’ઓપરેશન સિંદૂર પૂર્ણ થયું નથી, જ્યારે-જ્યારે આતંકવાદી હુમલો થશે ત્યારે ભારતની સેના તેનો જવાબ આપશે જ’ સેનાએ આ વીડિયો જાહેર કરીને પણ તેમાં સૂર પુરાવ્યો છે, જ્યારે પણ આતંકી પ્રવૃત્તિ માથું ઊંચકશે, ત્યારે તેને વિંધવા આપણા ડ્રોન અને બંદૂકો તૈયાર છે. આ વીડિયો પણ એ સંકેત જ આપે છે.

**ભારતીય સશસ્ત્રદળની તાકાત, લડાયક મિજાજનો પણ ઉલ્લેખ છે. પાકિસ્તાનના આતંકી અડ્ડા હવાઈપટ્ટી સહિતનાં સ્થળે સેનાએ જે કાર્યવાહી કરી તે દર્શાવીને ભારતીય સૈન્યે યાદ અપાવ્યું છે કે, આતંકવાદી હુમલાને તેણે પડકાર્યો હતો. ઓપરેશન સિંદૂરની એ ઘડીઓ દેશની જનતાને બરાબર યાદ છે.**

# ઇન્ડિગો અને ડીજીસીએ ધડો લે

ગયા મહિને ઈન્ડિગો ઍરલાઇન્સની કામગીરી ખોરવાઈ પડી ત્યારે પ્રવાસીઓને પારાવાર હાલાકી સહન કરવાની આવી. ઍરલાઇન્સને ડિરેક્ટોરેટ જનરલ ઑફ સિવિલ એવિયેશને (ડીજીસીએ) રૂા. ૨૨.૨ કરોડનો ભારેખમ અને અભૂતપૂર્વ દંડ ફટકારી યોગ્ય સંદેશ આપ્યો છે. ગત ત્રીજીથી પાંચમી ડિસેમ્બર દરમિયાન સર્જાયેલી કટોકટીને પગલે ત્રણ દિવસમાં ૨૫૦૭થી વધુ ફ્લાઇટો રદ થઈ અને ૧૮૫૩ જેટલી મોડી પડી અને તેના કારણે ત્રણેક લાખ પ્રવાસીઓ રઝળી પડયા હતા. જોકે, સવાલ એ છે કે આ દંડ અભૂતપૂર્વ છે, પણ શું એ પૂરતો છે? શું બધું જ બરાબર થઈ રહેશે કે ફરક પડશે? જવાબ છે, ના. એક તો, ઈન્ડિગો દેશના નાગરી ઉડ્ડયન ક્ષેત્રના બજારનો ૬૧ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. વળી, કંપનીમાં માળખાકીય ફેરફારો થયા નથી અને મોટાં માથાં યથાવત્ છે, કેટલાક કર્મચારીઓને ચાલતા કરાયા છે. વળી, ફેબ્રુઆરી મહિનાની દસમી તારીખથી પાયલટની ફરજના કલાકો સંબંધી નિયમો અમલમાં આવવાના છે. આવામાં, આ દંડ તથા અન્ય પગલાં અપૂરતાં જણાય છે. ઈન્ડિગોમાં સુધારા થશે કે કેમ અને પ્રવાસીઓને ફરી હાલાકીનો સામનો કરવો નહીં પડે એની ખાતરી કોઈ આપી શકે એમ નથી.

નવેમ્બર, ૨૦૨૫માં અમલમાં આવનારા કર્મચારીઓના કામના નિયમન સંબંધી નિયમોને અમલમાં મૂકવા માટે ઈન્ડિગો પાસે બે વર્ષનો સમય હતો, છતાં પોતાના કદ અને પહોંચનો લાભ ઉપાડવા ઍરલાઇન્સે આ બાબતમાં હળવે હલેસે ચલાવ્યે રાખ્યું. કંપનીના સીઈઓ અને સીઓઓને ડીજીસીએએ માત્ર ચેતવણી અને ચીમકી આપી છે. દંડની રકમ અભૂતપૂર્વ હોવા છતાં ઈન્ડિગોના ચોખ્ખા નફાના ૦.૩૧ ટકા જેટલી માંડ છે. માન્યું કે ઍરલાઇન્સનો કારભાર ઓછા માર્જિન અને ઊંચા ખર્ચ વચ્ચે તાલમેલ બેસાડી ચલાવવાનો હોય છે. એ પણ ખરું છે કે ઍરલાઇન્સને મોટો દંડ ફટકારી

કે તેમાં બેફામ ફેરફારો કરવાનું જોખમ લેવાનું ડીજીસીએએ ટાળ્યું છે, પણ ખર્ચ ઘટાડવાના નામે ઍરલાઇન્સે કરેલી ભૂલો અને નિયમો ન પાળવા માટે પોતાના બજાર કદનો ગેરલાભ લેવાના પ્રયાસોને નજરઅંદાજ ન કરી શકાય. આશા રાખીએ કે આમાંથી ઈન્ડિગો અને ડીજીસીએ બંને શીખ લેશે અને પ્રવાસીઓનો વિચાર કરશે.

**નવેમ્બર, ૨૦૨૫માં અમલમાં આવનારા કર્મચારીઓના કામના નિયમન સંબંધી નિયમોને અમલમાં મૂકવા માટે ઇન્ડિગો પાસે બે વર્ષનો સમય હતો, છતાં પોતાના કદ અને પહોંચનો લાભ ઉપાડવા એરલાઇન્સે આ બાબતમાં હળવે હલેસે ચલાવ્યે રાખ્યું. કંપનીના સીઈઓ અને સીઓઓને ડીજીસીએએ માત્ર ચેતવણી અને ચીમકી આપી છે.**

‘યુ નો? રસ્તામાં કોઈનો વરઘોડો જોઉં છું ત્યારે મને મારી સ્મશાનયાત્રા જતી હોય એવો ભાસ થાય છે.

# મંદિર તો સાચું પકડાયું : પણ ભગવાન ખોટા...!

## ‘અરે, અમારા વિચારોની આપ લે પછી પૂછ્યું હું ફાઈનલ સમજું?’

ઓરિજિનલને બાદ કરતાં બીજા ત્રણ દેવદાસ. કે એલ. સાઈગલ, દિલીપકુમાર, શાહરુખ ખાન....આ ત્રણે દેવદાસ થ્રી-ઈન-વન બની ચંબુના શરીરમાં પ્રવેશી ચુક્યા હતા. ‘કમબખ્ત નશે કે લિયે પીતા હૈ ...યે તો મેરી જુવાની ભુલાને કે લિયે પીતા હું.’ પછી મંદિર પહોંચી આક્રોશ ઠાલવવા લાગ્યો: ‘હે પ્રભુ, મેં તારું શું બગાડ્યું છે કે તું મારો ભવ બગાડવા બેઠો છે. આ ૮૪ લાખ ફેરામાં તું ક્યા નંબરના ફેરાની સજા આપી રહ્યો છે કે મારા જીવનની દીવાલ પરથી ફાસ્ટ લોકલની જેમ ૩૮-૩૮ વર્ષોના કેલેન્ડર ગડથોલિયાં ખાઈ ગયા પણ કોઈ ગગીએ એના હૃદયના દ્વાર પર ‘ભલે પધાર્યા’નું બોર્ડ માર્યું જ નહિ. મારા મિત્રોના ત્યાં બે-ત્રણ વાર પારણું બંધાઈ ચુક્યું, પણ કોઈ ગગીએ મારા માટે હૃદયનું બારણું ખોલ્યું જ નઈ. પ્રભુ, કેટલાકના ત્યાં તો વિધવા-વિધુર બનવાના પ્રસંગ પણ ઉજવાઈ ગયા.

અરે, કેટલાકને નસીબમાં બીજવર બનવાનો મોકો મળ્યો, પણ મારા જીવનમાં

એકવાર પણ.. છટ...ધિક્કાર છે આવા જીવતરને...ભાઈ પ્રભુ, ટેલ મી-કે મારાથી ગયેલા કેસમાં તું બધાને કઈ કમાણી ઉપર રાજા-રાણી-એક્કો આપે છે ને મારા નસીબની બાજીમાં દુરી તીરી અઠ્ઠો.., સાલુ ક્યારેય જીતાય જ નઈ, ભક્તો ભલે તને ‘દયાનો સાગર’ કહેતા હોય, પણ મારા માટે તું દયાનું ખાબોચિયું પણ નથી,

ભલે તું નોધારોનો આધાર કહેવાતો પણ મારા જીવનમાં મને કોઈ આધાર આપે એવું પાત્ર નઈ આપવાનું? જો ભાઈ પરભુ, તારી ભૂલ તો છે જ કે તે હૃદય આપ્યું પણ એમાં લાગણીઓ શું કામ મૂકી? ને મુક્યા તો મારે ક્યાં સુધી ‘અકેલે હૈ ચલે આઓ જહાં હો’ ગાઈને વગર વાંકે જિંદગી પૂરી કરવાની? ક્યાં સુધી આ નારીજગતમાં બધીઓને મા, બહેન, દીકરી સમજી મન મનાવ્યા કરવાનું? ક્યાં સુધી ભાઈબીજો કે રક્ષાબંધન ઉજવ્યા કરવાની? જવા દે પ્રભુ, મેં તો હજી સુધી મારા દિલ પર પથ્થર મુક્યો છે પણ તું તો ખુદ પથ્થર છે.’

આટલો આક્રોશ ઠાલવી શાંતિથી બોલ્યો: ‘સોરી પ્રભુ, મારાથી આવું ન ખીજાવાય પણ ક્યાં સુધી હું આવો ઘોર અન્યાય સહન કરું? ક્યાં સુધી ચુપ રહુ? શું મારે ઘરડા આશિક તરીકે જ આ જગ છોડવું પડશે?’

ચંબુ આમ પ્રભુ સામે હૈયાવરાળ ઠાલવી મારી પાસે આવ્યો:

‘ઠાકરિયા, મંદિરમાં પ્રભુને કીધું ‘પ્રભુ હું પણ એક માણસ છું મને જીવનમાં સપનાં સાકાર કરવાના કોડ નઈ જાગતા હોય પણ એ મારી સામે નથી જોતો કે નથી મારું સાંભળતો એવા ઈશ્વરને શું ધોઈ પીવાનો?’

‘એક મિનિટ ચંબુ, તું ક્યા મંદિરમાં પ્રાર્થના કરવા ગયેલો?’ મેં પૂછ્યું

‘કાંદિવલીના હનુમાન મંદિરે...’



‘માર્યો ત્યાં જ મોટો લોચો માર્યો તારાથી મંદિર સાચુ પકડાયું, પણ બકા ભગવાન ખોટા પકડાયા...હનુમાનજીએ પ્રભુ રામની સીતા પાછી લાવી આપી એ કબૂલ પણ પોતે તો વાઈફ વસાવી જ નહોતી. તારું ગોઠવાય પછી કોઈ રાવણ ઉપાડી જાય તો આ મંદિરમાં જવાય. બાકી પહેલીવાર ખાતુ ખોલાવવા માટે આ બેંક આઈ મીન આ મંદિર ખોટુ છે.

હું એક આઈડિયા આપું? તું કોઈ રાધા- કૃષ્ણના મંદિરમાં જા, કૃષ્ણ કદાચ સાંભળશે. કોઈને પોતાની કેમ કરી લેવી એ અદ્ભુત આવડત તેમનામાં હતી, તું એક માગીશ ને અનેક ધરી દેશે અરે તું ખોબો માગીશ ને એ દરિયો દઈ દેશે. અને થોડી ધીરજ પણ રાખવાની એમ ઉતાવળે આંબા ન પાકે...’ ‘તો હું કાચા આંબાથી ચલાવી લઈશ સાલું...હું અહીં આખો ને આખો પાકતો જઉં છું એ નથી દેખાતું?’ ચંબુ ભડક્યો

‘યુ નો? રસ્તામાં કોઈનો વરઘોડો જોઉં છું ત્યારે મને મારી સ્મશાનયાત્રા જતી હોય એવો ભાસ થાય છે. આ દુખ કંઈ ઓછું નથી એ તો રામબાણ વાગ્યા હોય એ જાણે. અરે, હમણાં અથાગ પરિશ્રમ પછી માંડ માંડ પેલા ચંપકલાલની ચંપા સાથે મિલન કમ મીટિંગ ગોઠવાઈ મને થયું હવે નસીબ આડેથી પાંદડુ જ નઈ પણ આખુ વૃક્ષ ખસી રહ્યું છે. હવે તો જીવનના બાગમાં સુગંધ જ સુગંધ પણ...’

‘પણ શું?’ મેં પૂછ્યું

‘અરે, અમારા વિચારોની આપ લે પછી પૂછ્યું હું ફાઈનલ સમજું?’ પણ ત્યાં તો ચંપાએ બોમ્બ ફોડ્યો ને બોલી ‘અંકલ, તમારી બધી વાત મુદ્દાની ને સાચી પણ તમારા દીકરાને જોયા વગર હું તમને ફાઈનલ હા ન કહી શકું?’

‘ઠાકરિયા, અંકલ સાંભળીને આપઘાત કરવાનું મન થાય એવો આઘાત લાગ્યો, ધરતી મારગ આપે તો સમાઈ જવાનું મન થયું પણ હું કઈ સીતા નથી કે ધરતી મને મારગ આપે ને ધરતી પણ કેટકેટલા લોકોને આવા મારગ આપે ને ધરતીને તો આ રોજનું થયું, મારા સપનાં ચકનાચુર થયા એટલે ચંપકલાલના ઘરમાં જ મને પંખા પર લટકી જવાનું મન થયું પણ પછી થયું કે પંખો કોકનો, ઘર કોકનું, ઘરના માણસો કોકના પણ જીવ તો આપણોને?

એમ જીવ જેવી અમૂલ્ય ચીજ કોઈના ઘરમાં આપી ન દેવાય... નકામું સાલું આપઘાત પછી આપણે તો ન હોઈએ પણ ચંપકલાલ ને ચંપા પર ખૂનનો આરોપ લાગી જાય એટલે ત્યાં મારો જીવ ન ચાલ્યો. રહીસહી આશા પર પણ પાણી ફરી વળ્યું ઠાકરિયા. લોકો ભલે કહેતા હોય કે દરેકની જોડી સ્વર્ગમાં જ નક્કી કરેલી જ હોય છે. આ પૃથ્વી ઉપર તો માત્ર આપણે ઉજવણી કરીએ છીએ પણ મને લાગે છે કે મારી તો જોડી ને ઉજવણી બન્ને સ્વર્ગમાં જ કરવી પડશે.’

**આવામાં ઈયુ સાથેનો મુક્ત વેપારનો કરાર અમેરિકાને તેના વલણમાં નરમાશ આણવા માટે દબાણ ઊભું કરી શકશે.**

# ભારત અને યુરોપીયન યુનિયન વચ્ચે મુક્ત વેપારનો તખતો

- **ભારત અમેરિકાના અન્યાયપૂર્ણ ટેરિફનો તોડ શોધવા અન્ય દેશો સાથેના વેપારી સંબંધોને નવા પરિમાણો આપવા સક્રિય બન્યું છે,**

બદલાતા જતા વૈશ્વિક પરિપેક્ષ્યમાં વેપાર અને આર્થિક તાકાતનો ઉપયોગ દિવસાદિવસ પ્રબળ બની રહ્યો છે. વેપારી પ્રતિબંધો, ટેરિફ અને અન્ય આર્થિક શસ્ત્રોનાં માધ્યમથી વ્યૂહાત્મક જંગ જીતવાની વધેલાં ચલણના સમયમાં વેપારીસંધિના સમીકરણો હવે ચાવીરૂપ બની રહ્યા છે. ભારત અમેરિકાના અન્યાયપૂર્ણ ટેરિફનો તોડ શોધવા અન્ય દેશો સાથેના વેપારી સંબંધોને નવા પરિમાણો આપવા સક્રિય બન્યું છે, ત્યારે આગામી દિવસોમાં યુરોપીયન યુનિયનના દેશો સાથે એક મહત્ત્વના મુક્ત વેપાર કરારની શક્યતા ઊજળી બની છે. અગામી પ્રજાસત્તાક દિવસની ઉજવણીમાં યુરોપિયન યુનિયન (ઈયુ)ના વડા ખાસ હાજરી આપવાના છે, તે સમયે આ કરાર થયા એ માટે વાટાઘાટોનો દોર અંતિમ તબક્કામાં પહોંચી ગયો છે. આ પ્રસ્તાવિત ૨૪ મુદ્દામાંથી ૨૦ ઉપર બંને પક્ષ વચ્ચે સહમતી સધાઈ ગયાના અહેવાલ છે. બાકીના ચાર મુદ્દા પણ ઝડપભેર ઉકેલાઈ જશે એવી આશા વ્યક્ત થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે, અગામી ૨૭મી જાન્યુઆરીના ભારત અને ઈયુ વચ્ચેની મંત્રણામાં આ કરાર થઈ જાય એવી શક્યતા પ્રબળ બની છે. આ ચાવીરૂપ કરાર માટે બંને પક્ષ ઘણા વર્ષોથી મથી રહ્યા છે. નવ વર્ષ માટે વાટાઘાટો થંભી ગયા બાદ ૨૦૨૨માં તે ફરી શરૂ થઈ હતી. હવે આ વિલંબીત મામલે સફળતા મળે એમ છે. હાલે ભારત અને ઈયુ બંને અમેરિકા અને ચીનના વેપારી પડકારોનો સામનો કરી રહ્યા છે. મુક્ત વેપાર કરાર થવાથી બંને પક્ષ વચ્ચે વેપારમાં સંતુલન આણી શકાશે અને ભારતને ખાસ તો અમેરિકાના ટેરિફના દબાણની અસર ઓછી કરવામાં મદદ મળશે. ભારત અને ઈયુ વચ્ચે ૨૦૨૪માં ૧૩૬.૫૩ અબજ ડોલરનો વેપાર હતો. આમાંથી ભારતે ૬૦.૬૮ અબજ ડોલરની આયાત અને ૭૫.૮૫ અબજ ડોલરની નિકાસ કરી હતી. ભારતની નિકાસનો કુલ ૧૭ ટકા હિસ્સો યુરોપના દેશોને પહોંચે છે. હવે મુક્ત વેપાર કરારથી મોટાભાગનો




સામાન ટેરિફમાંથી બકાત રહેશે, જેને કારણે વેપારમાં વધારો થાય એવી આશા છે. આ કરારથી દવા, જવેરાત, મશીનરી કાપડ અને પેટ્રોલિયમ પેદાશોના ક્ષેત્રોને મોટો ફાયદો થઈ શકે છે. અમેરિકાએ ટેરિફ લગાવ્યા બાદ ભારતને તેના વેપારમાં ભાગીદારોનો વ્યાપ વધારવાની જરૂરત વર્તાઈ રહી છે. સરકારે આ ઉદ્દેશ સાથે બ્રિટન અને ઓમાન સાથે આવો મુક્ત વેપાર કરાર કર્યો છે. હવે અમેરિકા સાથે પણ આવા કરારની મંત્રણા આગળ વધી રહી છે. આવામાં ઈયુ સાથેનો મુક્ત વેપારનો કરાર અમેરિકાને તેના વલણમાં નરમાશ આણવા માટે દબાણ ઊભું કરી શકશે. આજે દુનિયાના દેશો ચીનના આક્રમક વેપારી વલણને ખાળવા મથી રહ્યા છે. આવામાં ભારત અને ઈયુ બંનેના ઉત્પાદન ક્ષેત્રો પર ચીનની નકારાત્મક અસર વર્તાઈ રહી છે. બંને દેશ આ મુક્ત વેપાર કરાર વડે આવા પડકારનો સામનો કરવાની નેમ ધરાવે છે. આવનારા સમયમાં આ કરાર ભારતના યુરોપ સાથેના વેપારી સંબંધોને નવું બળ આપશે એ વાત નક્કી છે.

**એકનાથ શિંદેએ પહેલાં અઢી વર્ષ માટે શિવસેનાના મેયરની માગ કરી છે. આવું જ ૨૦૧૯માં ઉદ્ધવે કર્યું હતું,**

# મહારાષ્ટ્રના રાજકારણમાં ઇતિહાસનું પુનરાવર્તન

- **એકનાથ શિંદેએ પહેલાં અઢી વર્ષ માટે શિવસેનાના મેયરની માગ કરી છે. આવું જ ૨૦૧૯માં ઉદ્ધવે કર્યું હતું, એ વખતે તો પહેલેથી સમજૂતી હોવા છતાં ઠાકરેએ મુખ્ય પ્રધાનપદ માટે આગ્રહ રાખતાં યુતિ તૂટી હતી.**

દેવેન્દ્ર ફડણવીસ અને ભાજપના નેતાઓ કહે છે કે મુંબઈનો મેયર મહાયુતિનો જ હશે. શિવસેના અને એકનાથ શિંદેનું નિવેદન છે કે મેયરપદે તો મહાયુતિમાંથી જ કોઈ આવશે. ઉદ્ધવ ઠાકરે અને સંજય રાઉતનું એક જ રટણ ચાલુ છે, દેવની ઈચ્છા હશે તો મેયર અમારા પક્ષનો હશે. શિંદેએ પોતાના ૨૯ નગરસેવકોને પંચતારક હૉટેલમાં રાખ્યા હોવાથી જાત-ભાતના તર્ક-કુતર્ક-વિતર્ક થઈ રહ્યા છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીનાં પરિણામો એવાં આવ્યાં છે કે ભાજપ શિંદેસેના વિના સ્વબળે મેયર બનાવી શકે એમ નથી. તો, ઉદ્ધવ ઠાકરેને રાજ્યમાં સત્તા કરતાં બીએમસીનો વહીવટ પોતાના હસ્તક રહે એમાં વધુ રસ છે અને નગરસેવકો અને કાર્યકર્તાઓને પકડી રાખવા તેઓ હવા ફેલાવી રહ્યા છે કે શિંદેસેનાના અનેક નગરસેવકો અમારી સાથે આવવા તત્પર છે. તો બીજી તરફ એવા પણ અહેવાલ છે કે શિવસેના ઉબાઠાના કેટલાક નગરસેવકો આઉટ ઑફ રિચ છે. શિંદેસેનાએ પહેલાં અઢી વર્ષ માટે મેયરપદ અમને આપો એવી માગ ઉદ્ધવની સેનાએ ૨૦૧૯માં મુખ્ય પ્રધાનપદની કરેલી માગ જેવી જ છે. ભાજપ માટે ૨૦૧૯ના ઇતિહાસના પુનરાવર્તન સમાન સ્થિતિ છે.



મુંબઈ મહાનગરપાલિકામાં મહાયુતિને બહુમતી કરતાં ચાર બેઠકો વધુ મળી હોવા છતાં અને ૮૯ નગરસેવકો સાથે ભાજપ સૌથી મોટો પક્ષ હોવા છતાં મેયર કોનો હશે, એ મુદ્દે રહસ્ય ઘૂંટાય છે. એમાંય શિંદેએ પોતાના ૨૯ નગરસેવકોને મુંબઈની પંચતારક હૉટેલમાં રાખ્યા હોવાથી, તેમાં સસ્પેન્સનો વધુ એક થર ઉમેરાયો છે. ભાજપના તથાકથિત ઑપરેશન લોટસનો ભય કે બંને શિવસેનાઓના નગરસેવકો વાડ કૂદાવી એક પાલામાંથી બીજામાં જવાની દહેશત જેવા કારણે અટકળ તરીકે આગળ કરાઈ રહ્યા છે. પરદા પાછળની હિલચાલમાં ભાજપ અને ઉદ્ધવસેના વચ્ચે ગુપ્ત સમજૂતી થયાના અહેવાલ છે. ઉદ્ધવસેનાના નગરસેવકોને તોડી લેવા માટે શિંદેના પ્રયાસો ચાલુ હોવાના કારણે આ પગલું લેવાયાની ચર્ચા છે. મુંબઈ આસપાસના કલ્યાણ-ડોંબિવલી મહાનગરપાલિકા (કેડીએમસી) ક્ષેત્રમાં ચૂંટણી પહેલાં ભાજપે મિત્ર પક્ષ શિવસેના સહિત તમામ પક્ષના નેતાઓને પોતાના પાલામાં લીધા હતા અને આ બાબતને લઈને ભાજપ-શિવસેના વચ્ચે તણાવ વધ્યો હતો. હવે, કેડીએમસીમાં પણ ભાજપ-શિવસેના સાથે મળીને મેયર લાવી શકે એમ છે, પણ ભાજપના ૫૧ અને શિંદેના ૫૪ નગરસેવક હોવાથી અહીં પણ મેયરપદ માટે રસ્સીખેંચ છે. શિવસેના (ઉબાઠા)ના અગિયાર નગરસેવકોને તોડી લેવા શિંદે સક્રિય થયા હોવાના અહેવાલને પગલે મુંબઈમાં ભાજપને આડકતરો ટેકો આપી ઉદ્ધવ મુંબઈ અને આસપાસ પોતાના નગરસેવકોને તોડી લેવાના પ્રયાસો પર અંકુશ લાવવા મરણિયા થયા છે.એકનાથ શિંદેએ પહેલાં અઢી વર્ષ માટે શિવસેનાના મેયરની માગ કરી છે. આવું જ ૨૦૧૯માં ઉદ્ધવે કર્યું હતું, એ વખતે તો પહેલેથી સમજૂતી હોવા છતાં ઠાકરેએ મુખ્ય પ્રધાનપદ માટે આગ્રહ રાખતાં યુતિ તૂટી હતી. ભાજપ આ વખતે સમાધાનકારી ભૂમિકા લે એમાં સાર છે, કેમ કે ૨૦૨૯માં સ્વબળે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ લડવા માટે અત્યારે પોતાની પ્રતિષ્ઠાને બટ્ટો લાગે એવું નહીં કરે. આગામી મહિનાઓમાં અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ છે, એ જોતાં ભાજપ મિત્ર પક્ષ માટે મેયરપદનો ત્યાગ કરે તો એનાથી લાંબા ગાળે લાભ થશે.



# એવોર્ડ્સ ૨૦૨૬ ગ્લોબલ પોપમાં ટેલર સ્વિફ્ટનો દબદબો યથાવત

સંગીત ઉદ્યોગના પ્રતિષ્ઠિ iHeartRadio મ્યુઝિક એવોર્ડ્સ ૨૦૨૬ માટેનાં નામાંકનો જાહેર કરવામાં આવ્યા છે. છેલ્લા એક વર્ષ દરમિયાન રેડિયો અને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર પ્રભુત્વ ધરાવતા કલાકારો પર આ વર્ષે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે.

સંગીત ઉદ્યોગના પ્રતિષ્ઠિત iHeartRadio મ્યુઝિક એવોર્ડ્સ ૨૦૨૬ માટેનાં નામાંકનોમાં આર્ટિસ્ટ ઓફ ધ યર, સોંગ ઓફ ધ યર અને પોપ આર્ટિસ્ટ ઓફ ધ યર સહિત નવ નામાંકનો સાથે ટેલર સ્વિફ્ટ આગળ છે. બેડ બની અને સબરીના કાર્પેન્ટરને દરેકને આઠ નામાંકનો મળ્યાં છે, જે ૨૬ માર્ચે લોસ એન્જલસના ડોલ્બી થિયેટરમાં એવોર્ડ સમારોહ પહેલાં જાણીતા અને ઉભરતા પ્રતિભા બંનેની મજબૂત હાજરીને પ્રકાશિત કરે છે.

ટેલર સ્વિફ્ટ યાદીમાં સૌથી આગળ છે

સુપરસ્ટાર ટેલર સ્વિફ્ટ કુલ ૯ નોમિનેશન સાથે યાદીમાં ટોચ પર છે. તેને આર્ટિસ્ટ ઓફ ધ યર, સોંગ ઓફ ધ યર અને પોપ આર્ટિસ્ટ ઓફ ધ યર જેવી મુખ્ય શ્રેણીઓમાં નામાંકિત કરવામાં આવી છે.

કઠિન સ્પર્ધામાં બેડ બન્ની અને સબરીના કાર્પેન્ટર

ટેલર સ્વિફ્ટ પછી બેડ બન્ની અને સબરીના કાર્પેન્ટર છે, જેમને દરેકને આઠ નોમિનેશન મળ્યા છે. સબરીના કાર્પેન્ટરની સિદ્ધિ સાબિત કરે છે કે ઉદ્યોગમાં ઉભરતી પ્રતિભા હવે સ્થાપિત દિગ્ગજો સાથે સ્પર્ધા કરી રહી છે.

સંગીત જગતનો આ ભવ્ય ઉજવણી ૨૬ માર્ચે લોસ એન્જલસના પ્રખ્યાત ડોલ્બી થિયેટરમાં યોજાશે.

iHeartRadio મ્યુઝિક એવોર્ડ્સમાં ચાહકોની ભાગીદારી મહત્વપૂર્ણ છે, જેમાં અનેક શ્રેણીઓમાં જાહેર મતદાનનો સમાવેશ થાય છે. ચાહકો મનપસંદ ટિકટોક ડાન્સ, શ્રેષ્ઠ ગીતો અને મનપસંદ સાઉન્ડટ્રેક જેવી શ્રેણીઓમાં વિજેતાઓ પસંદ કરવામાં ભાગ લઈ શકે છે, જેમાં ૧૯ માર્ચ સુધી મતદાન ખુલ્લું રહેશે. આ સમારોહનું ફોક્સ પર લાઈવ પ્રસારણ કરવામાં આવશે, જેમાં ઉનાળા ૨૦૨૬ માટે આગામી ગીતોના વિશિષ્ટ પૂર્વાવલોકનો રજૂ કરવામાં આવશે.

આ વર્ષની નોમિનીની યાદીમાં પોપ, હિપ-હોપ, આર એન્ડ બી, કન્ટ્રી, રોક અને કે-પોપ જેવી શ્રેણીઓમાં નવી અને ઉભરતી પ્રતિભા પણ દર્શાવવામાં આવી છે. વિવિધ કલાકારોનો સમાવેશ આધુનિક સંગીતની વિકસિત દુનિયા અને ઉૅક્રઈંદ્ધૅ ના વિશાળ શ્રોતા આધારની રુચિને પ્રતિબિંબિત કરે છે.

# વિજય સેતુપતિ હવે નકારાત્મક ભૂમિકા નહીં કરે, ફેન્સને ગમતું નથી



તમિલ સુપરસ્ટાર વિજય સેતુપતિએ શાહરુખની અટલી સાથેની ફિલ્મ જવાનમાં નેગેટીવ રોલ કર્યો હતો. તે એક જાણીતો કલાકાર છે, તેનો અભિનય હંમેશા વખણાયો છે, છતાં તેના ફેન્સ વિજયને નેગેટીવને રોલમાં જોવાનું ઓછું પસંદ કરે છે. વિજય સેતુપતિને પણ શાહરુખ સાથે કામ કરવામાં મજા આવી હતી, પરંતુ તેણે હવે ઈરાદાપૂર્વક નકારાત્મક રોલ ન કરવાનો નિર્ણય લીધો છે. તાજેતરનાં એક ઈન્ટરવ્યુમાં વિજયે જણાવ્યું કે તેને પોતાને કે તેના ફેન્સને નેગેટિવ રોલ ગમતા નથી.

વિજયે જવાનના રોલ માટેના નકારાત્મક પ્રતિસાદ અંગે વાત કરતા જણાવ્યું, “જે રીતે એ રોલ બન્યો , એ મારા મનમાં એ રીતે નહોતો. હું ખુશ હતો કે હું શાહરુખ સાથે સ્ક્રીન શેર કરતો હતો. પણ હવે માત્ર હિરોનું મહત્વ વધે એટલા માટે થઈને કોઈ વિલનના રોલ હું નહીં કરું કારણ કે મારા ફેન્સને એ નથી ગમતું કે મને પણ નથી ગમતું.”

વિજય માને છે જીવનમાં કામથી વિશેષ ઘણું છે. વિજયે જણાવ્યું, “મારે જીવનમાં જે કંઈ કરવું છે, તેના માટે આમ પણ જીવનમાં ઘણો ઓછો સમય છે. એક કલાકાર તરીકે નહીં, દરેક બાબતમમાં. જીવનમાં સિનેમા સિવાય પણ કરવાનું ઘણું છે.”વિજય સેતુપતિ હંમેશા સ્ક્રિપ્ટ પર ધ્યાન આપવામાં માને છે, તેણે કહ્યું, “મારે બધી ભાષાની ફિલ્મો કરવી છે. આ એક અનુભવ છે સર. મને બધી ભાષામાંથી ઓફર મળે છે, તમિલ, તેલુગુ, મલયાલમ, કન્નાડા અને હિન્દી. પરંતુ મારું સૌથી વધુ ધ્યાન સ્ક્રીપ્ટમાં જ હોય છે. મેં તમિલમાં પણ ઘણી સ્ટોરી વાંચી છે. પણ હું એ બધી ફિલ્મ કરી શક્યો નથી.”ટૂંક સમયમાં સેતુપતિની ગાંધી ટોક્સ આવી રહી છે, આ અંગે તેણે જણાવ્યું, “એક ગાંધી એક સ્વાતંત્ર્ય સેનાની તરીકે. અન્ય એક ગાંધીને આપણે ઓળખીએ છીએ એ છે, એક ભારતીય. તો આ એવા વ્યક્તિ વિશે છે, જે સત્ય બોલે છે તો તેને માન મળતું નથી. અંતે તે ખરા ગાંધીને અનુસરે છે. એ જ વાર્તા છે.” આ ફિલ્મ ૩૦ જાન્યુઆરીએ રિલીઝ થઈ રહી છે.

# અજય દેવગન, રિતેશ દેશમુખ અને અર્શદ વારસીની ‘ધમાલ ૪’ ૧૨ જૂને રિલીઝ થશે

## ધમાલ ત્રિપુટી ફરી એક વખત મોટા પડદે ધૂમ મચાવશે

ધમાલ સિરીઝ આ વર્ષે નવી ફિલ્મ સાથે પરત ફરવાની છે અને મેકર્સે હવે ૧૨ જૂને ફિલ્મ રિલીઝની સત્તાવાર જાહેરાત પણ કરી દીધી છે. સિનેમાપ્રેમીઓ માટે એક મસ્ત કોમેડી એડવેન્ચર તૈયાર છે, કારણ કે ૧૭ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ધમાલ સિરીઝના મેકર્સે તેની આગામી ફિલ્મની રિલીઝની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર મુકાયેલી એક પોસ્ટમાં લખાયું હતું, ‘ધમાલ ટાઈમ્સ, બ્રેકિંગ ન્યૂઝ’. આ તસવીરમાં રિલીઝ તારીખ દર્શાવવામાં આવી હતી, જેમાં ૧૨ જૂન, ૨૦૨૬ને કન્ફર્મ કરવામાં આવી છે. સાથે જ તેમાં લખાયું હતું, “અબ ધમાલ બોલા હૈ, તો કરના હી પડેગા. સ્ટે ટ્યુન્ડ!”

ફિલ્મમાં અજય દેવગન, રિતેશ દેશમુખ, અર્શદ વારસી, સંજય મિશ્રા અને જાવેદ જાફરી મુખ્ય ભૂમિકામાં છે. તેમની સાથે એશા ગુપ્તા, સંજીદા શેખ, અંજલી આનંદ, ઉપેન્દ્ર લીમયે, વિજય પાટકર અને રવિ કિશન પણ મહત્વના રોલમાં જોવા મળશે.

ગુલશન કુમાર અને ટી-સીરીઝની આ ફિલ્મ, દેવગન ફિલ્મ્સ સાથેના સહયોગમાં, તેમજ ટી-સીરીઝ ફિલ્મ્સ, મારુતિ ઈન્ટરનેશનલ અને પેનોરમા સ્ટુડિયોઝના પ્રોડક્શન હેઠળ બની છે. ધમાલ શ્રેણીના ચાહકો આ ફિલ્મની લાંબા સમયથી આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા હતા.







# રહેમાનના ’મુસ્લિમ હોવા’ના નિવેદન પર : બાંગ્લાદેશના લેખિકાએ પ્રતિક્રિયા આપી! જાણો શું કહ્યું

ઓસ્કાર વિજેતા સંગીતકાર એઆર રહેમાને તાજેતરમાં એક ઈન્ટરવ્યું દરમિયાન આપેલા નિવેદનને કારણે વિવાદ ઉભો થયો છે. તેમણે કહ્યું હતું કે તેઓ મુસ્લિમ હોવાને કારણે છેલ્લા કેટલાક વર્ષોથી તેમને હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કામ નથી મળી રહ્યું. ઘણા નેતાઓ અને કલાકરો રહેમાન નિવેદન અંગે પ્રતિક્રિયા આપી રહ્યા છે. એવામાં બાંગ્લાદેશના નિર્વાસિત લેખિકા તસ્લીમા નસરીને પણ પ્રતિક્રિયા આપી છે.

તસ્લીમા નસરીને ઠ પરની એક પોસ્ટમાં લખ્યું, "એ. આર. રહેમાન મુસ્લિમ છે અને ભારતમાં ખુબ જ લોકપ્રિય છે. મેં સાંભળ્યું છે તેમની ફી બીજા બધા કલાકારો કરતા ઘણી વધારે છે. કદાચ તેઓ ભારતના સૌથી ધનિક સંગીતકાર છે. તેઓ ફરિયાદ કરી રહ્યા છે કે તેમને બોલીવુડમાં એટલા માટે કામ નથી મળી રહ્યું કારણ કે તેઓ મુસ્લિમ છે."

તસ્લીમા નસરીને વધુમાં લખ્યું, "શાહરૂખ ખાન હજુ પણ બોલિવૂડનો બાદશાહ છે; સલમાન ખાન, આમિર ખાન, જાવેદ અખ્તર, શબાના આઝમી બધા સુપરસ્ટાર છે. જાણીતા અને અમીર લોકોને ક્યારેય ક્યાંય મુશ્કેલીઓનો સામનો કરવો પડતો નથી. ભલે તેઓ ગમે તે ધર્મના હોય, ગમે તે જાતિના હોય કે ગમે તે સમુદાયના હોય... એ. આર. રહેમાનને હિન્દુઓ, મુસ્લિમો, બૌદ્ધો, ખ્રિસ્તીઓ, નાસ્તિકો અને આસ્તિકો તમામ દ્વારા આદર આપવામાં આવે છે. તેમના પર દયા આવે એવું નથી." તસ્લીમા નસરીને કહ્યું, "મારા જેવા ગરીબ લોકોને મુશ્કેલીઓ આવે છે. ભલે હું કટ્ટર નાસ્તિક છું, પણ મારા નામને કારણે મને મુસ્લિમ માનવામાં આવે. જે લોકો મુસ્લિમ વિરોધી છે તેઓને કોઈ ફરક પડતો નથી કે કોઈ નાસ્તિક છે કે આસ્તિક. કોઈ મને એપાર્ટમેન્ટ ભાડે નથી આપતું, નાસ્તિક હોવા બદલ હૈદરાબાદમાં પણ મને માર મારવામાં આવ્યો હતો; હું ઔરંગાબાદમાં પગ મૂકી શકતી નથી; મને પશ્ચિમ બંગાળમાંથી બહાર ધકેલી દેવામાં આવે છે."



# લવ એન્ડ વોર માટે ભણસાલી રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ સાથે ડાન્સ નંબરનું શૂટિંગ કરશે

સંજય લીલા ભણસાલીની આવનારી એક્શન રોમાન્સ ફિલ્મ લવ એન્ડ વોરનું શૂટિંગ લાંબા બ્રેકની ચર્ચાઓ વચ્ચે આગળ વધી રહ્યું છે. તાજેતરના અહેવાલ મુજબ, સંજય લીલા ભણસાલીની આ ફિલ્મ હવે તેના શૂટિંગ શેડ્યૂલમાં ડાન્સ સિક્વન્સના તબક્કામાં પ્રવેશવા જઈ રહી છે, જેમાં આગામી દિવસોમાં બે પરફોર્મન્સ શૂટ કરવાની યોજના છે. મુખ્ય કલાકારો રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ સ્ટાર કોરિયોગ્રાફર્સ ગણેશ આચાર્ય અને શ્યામક દાવર સાથેના એનર્જેટીક ડાન્સ નંબર્સ માટે શૂટ કરવાના છે.

આવનારા કેટલાક દિવસો સુધી આ ગીતો પર કામ ચાલશે, જેમાં એક ગીત પ્રખ્યાત કોરિયોગ્રાફર ગણેશ આચાર્ય દ્વારા ડિરેક્ટ થશે, જેમણે એબીસીડી– એની બડી કેન ડાન્સના સાડ્ડા દિલ વી તું અને ભાગ મિલ્ખા ભાગનાં હવન કુંડ જેવા જાણીતા ગીતોની કોરિયોગ્રાફી કરી છે. તેથી આ ગીત પાસેથી પણ કંઈક ખાસ અપેક્ષા રાખવામાં આવી રહી છે.એક સૂત્રએ આ અંગે જણાવતાં કહ્યું, “આ ગીત ખુબ એનર્જેટિક, ડ્રામેટિક અને ભણસાલીની સ્ટાઈલમાં ભવ્ય હશે, જે ભણસાલીની કોઈ પણ ફિલ્મમાં અપેક્ષિત હોય છે. ૨૦ જાન્યુઆરીથી ફિલ્મ સિટી, ગોરેગાંવમાં ત્રણેય મુખ્ય કલાકારો સાથે શૂટિંગ શરૂ થશે.”આ દરમિયાન, બીજું ગીત ફેબ્રુઆરીની શરૂઆતમાં શૂટ થવાનું છે, જેને ભણસાલીનું અત્યાર સુધીનું ‘સૌથી પ્રયોગાત્મક મ્યુઝિકલ સેટ-પીસ’ કહેવામાં આવી રહ્યું છે. આ ગીતની કોરિયોગ્રાફી કોરિયોગ્રાફર શ્યામક દાવર કરશે, જેમાં આધુનિક અંદાજ જોવા મળશે. એક ફિલ્મ સાથે જોડાયેલા સુત્રએ આ અંગે જણાવ્યું, “આ ભણસાલીએ અત્યાર સુધી જે પ્રકારના ગીતો કર્યા છે તેનાથી બિલકુલ જુદું હશે. ફોર્મ, મૂવમેન્ટ અને સ્ટેજિંગ— બધામાં ઘણું અલગ હશે, જેમાં શ્યામક સિક્વન્સમાં થિયેટ્રિકલ એનર્જી ઉમેરશે.”બે લોકો એક જ વ્યક્તિના પ્રેમ અને ધ્યાન માટે સ્પર્ધા કરે છે— આ લોકપ્રિય કથાનક પર આધારિત ફિલ્મ લવ એન્ડ વોરની લાંબા સમયથી આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. શરૂઆતમાં ડિસેમ્બર ૨૦૨૫માં રિલીઝ કરવાની યોજના હતી, પરંતુ પ્રોડક્શન ડિલેને કારણે ફિલ્મ આગળ ધકેલાઈ. બાદમાં માર્ચ ૨૦૨૬માં પ્રીમિયરનો હોવાનું કહેવાયું, પરંતુ તાજેતરના અહેવાલો મુજબ હવે ઓગસ્ટ ૨૦૨૬માં, સ્વતંત્રતા દિવસના વીકએન્ડ આસપાસ, ફિલ્મ રિલીઝ થવાની સંભાવના છે.

# પત્ની સાથે ઘરે જઈ રહેલા અક્ષય કુમારની એસ્કોર્ટ કાર સાથે રિક્ષાની જોરદાર ટક્કર, રિક્ષાના કુચ્ચા વળી ગયા!



બૉલીવુડ અભિનેતા અક્ષય કુમારના કાફલાની એક ગાડી ગઈકાલે મોડી સાંજે મુંબઈમાં એક રોડ અકસ્માતનો ભોગ બની હતી. અક્ષય કુમાર અને તેમના પત્ની ટ્વિંકલ ખન્ના જ્યારે એરપોર્ટથી તેમના જુહુ વાળા ઘર તરફ જઈ રહ્યા હતા તે સમયે આ દુર્ઘટના સર્જાય હતી. અકસ્માતની વિગતો અનુસાર, જ્યારે અક્ષય કુમાર તેમના કાફલા સાથે જઈ રહ્યા હતા તે સમયે તેમની એસ્કોર્ટ ગાડીને પાછળથી એક ઓટોએ ટક્કર મારી દીધી હતી. અહેવાલો એવા છે કે તે ઓટોને પાછળથી કોઈએ અન્ય કારએ ટક્કર મારી હતી. મળતી વિગતો અનુસાર, બોલિવૂડ સુપરસ્ટાર અક્ષય કુમાર અને તેમની પત્ની ટ્વિંકલ ખન્ના સોમવારે રાત્રે એક માર્ગ અકસ્માતનો ભોગ બનતા રહી ગયા હતા. એરપોર્ટથી ઘરે જતી વખતે જુહુ વિસ્તારમાં તેમના કાફલાની એસ્કોર્ટ કાર સાથે એક રિક્ષા ધડાકાભેર અથડાઈ હતી.

સદનસીબે, અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્ના સુરક્ષિત છે, પરંતુ રિક્ષાચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઘટના સોમવારે રાત્રે આશરે ૯:૦૫ વાગ્યે જુહુના સિલ્વર કેફે પાસે બની હતી. અક્ષય કુમાર અને ટ્વિંકલ ખન્ના વિદેશ પ્રવાસથી પરત ફરી એરપોર્ટથી જુહુ સ્થિત નિવાસસ્થાને જઈ રહ્યા હતા. આ દરમિયાન પાછળથી આવતી એક બેકાબૂ રિક્ષા અક્ષય કુમારના કાફલામાં સામેલ એસ્કોર્ટ કાર સાથે અથડાઈ હતી. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, રિક્ષા પાછળ એક કારે ટક્કર મારી હતી, જેના કારણે રિક્ષા ચાલકે નિયંત્રણ ગુમાવ્યું હતું અને તે સીધી સુરક્ષાકર્મીઓની ગાડી સાથે જઈ ભટકાઈ હતી.અકસ્માત એટલો જોરદાર હતો કે એસ્કોર્ટ કારનો એક ભાગ ઊંચો થઈ ગયો હતો અને રિક્ષાનો આગળનો ભાગ કચ્ચરઘાણ વળી ગયો હતો. અક્ષય કુમાર આગળની કારમાં હોવાથી તેઓ સુરક્ષિત રહ્યા હતા. અકસ્માત બાદ તરત જ અક્ષયના મેનેજર અને સુરક્ષા ગાર્ડ્સ બહાર આવ્યા હતા અને મદદ માટે દોડી ગયા હતા. આ દુર્ઘટનામાં રિક્ષાચાલકને ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે, જ્યારે રિક્ષામાં બેઠેલા પેસેન્જરનો ચમત્કારિક બચાવ થયો હતો.

# શુભમન ગિલ રાજકોટમાં; રણજી મેચ રમશે

## ફોર્મ સુધારવા માટે સતત ક્રિકેટ રમવાનો વ્યૂહ: રાજકોટમાં ગુરુવાર થી સૌરાષ્ટ્ર સામેના મેચમાં પંજાબ તરફથી રમશે

ન્યુઝીલેન્ડ સામે ઘરઆંગણે ભારતની પહેલી વનડે શ્રેણી હાર બાદ, ભારતના ટેસ્ટ અને વનડે કેપ્ટન શુભમન ગિલે વિરામ ન લેવાનો નિર્ણય લીધો છે. તે પોતાના ફોર્મમાં સુધારો કરવા માટે સખત મહેનત કરવા તૈયાર છે અને હવે ગુરુવારથી રાજકોટમાં શરૂ થનારી રણજી ટ્રોફી મેચમાં સૌરાષ્ટ્ર સામે પંજાબ માટે રમશે.

નોકઆઉટ પર નજર: આ ૨૬ વર્ષીય આ ખેલાડી પંજાબને રણજી ટ્રોફીના નોકઆઉટમાં લઈ જવાનો પ્રયાસ કરશે. ગિલ ન્યુઝીલેન્ડ સામેની ODI શ્રેણીની ત્રણેય મેચમાં રમ્યો હતો. પરંતુ ત્યારથી તેણે આરામ કરવાને બદલે તરત જ રેડ-બોલ ક્રિકેટમાં પાછા ફરવાનું પસંદ કર્યું છે, કારણ કે તે ભારતની T20 વર્લ્ડ કપ ટીમનો ભાગ નથી.

"શુભમેને ODI શ્રેણી પછી આરામ ન કરવાનો નિર્ણય લીધો છે. ઈન્દોરથી રાજકોટ પહોંચવામાં તેને આઠ કલાક લાગ્યા કારણ કે ત્યાંથી કોઈ સીધી ફ્લાઈટ ઉપલબ્ધ નથી," પંજાબ ટીમના એક સૂત્રએ જણાવ્યું હતું.

ગિલનો રસ્તો સરળ નહી હોય: જોકે, રણજી ટ્રોફીમાં પણ ગિલનો રસ્તો સરળ નહીં હોય. પંજાબ હાલમાં ગ્રુપ બીમાં પાંચ મેચમાં ૧૧ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને છે. આ સ્થિતિમાં, બીજા રાઉન્ડમાં સ્થાન મેળવવા માટે તેમને બાકીની બંને મેચ જીતવાની જરૂર પડશે.

ગિલની વાપસી નિ:શંકપણે તેમની બેટિંગને મજબૂત બનાવશે, જે આ સિઝનમાં અત્યાર સુધી અસંગત રહી છે. ઘરેલુ ક્રિકેટ ની હાલની દિગ્ગજ ટીમ સૌરાષ્ટ્ર સામેની આ મેચ ગિલની દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ શ્રેણી દરમિયાન ગરદનની ઈજા



બાદ આ તેનો પહેલો ક્રિકેટ મેચ હશે, જેના કારણે તે લાંબા સમય સુધી સ્પર્ધાત્મક ક્રિકેટથી દૂર રહ્યો હતો. આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી જવાબદારીઓ છતાં, ભારતીય કેપ્ટને ઘણીવાર ફોર્મ અને મેચ ફિટનેસ જાળવવા માટે સ્થાનિક ક્રિકેટના મહત્વ પર ભાર મૂક્યો છે.

લાંબી ઈનિંગ્સ રમવા માંગે છે: ગિલ એ રણજી ટ્રોફી અંગે નિર્ણય આટલે લીધો કારણ કે તે લાંબી ઈનિંગ્સ રમવા માંગતો હતો. "એવું નથી કે અમે ખરાબ બેટિંગ કરી. એવું છે કે અમે પૂરતી લાંબી બેટિંગ કરી ન હતી. જ્યારે બેટ્સમેન સારી શરૂઆત કરે છે અને તેને મોટા સ્કોરમાં રૂપાંતરિત કરતા નથી, ત્યારે તે ખૂબ મુશ્કેલ બની જાય છે. ન્યૂઝીલેન્ડ સામે રવિવારે મળેલી હાર બાદ તેણે પત્રકારોને જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા બે અમારા બેટ્સમેનોએ લાંબી ઈનિંગ્સ રમવી જોઈતી હતી. એ જ તો ફરક હતો તેમના અને આપણા વચ્ચે."હવે, ચાર દિવસીય રણજી ટ્રોફીમાં, તેને નિ:શંકપણે મેદાનમાં બેટિંગ કરવાની પૂરતી તક મળશે. તેણે નવ વર્ષ પહેલાં બંગાળ સામે રણજી ટ્રોફીમાં ડેબ્યૂ કર્યું હતું, જેમાં તેણે પોતાની પહેલી ઈનિંગમાં અડધી સદી ફટકારી હતી. તેણે છેલ્લે ૨૦૨૨માં મધ્યપ્રદેશ સામે ક્વાર્ટર ફાઈનલ રમી હતી, જેમાં તેણે ફક્ત ૯ અને ૧૯ રન બનાવ્યા હતા.

# બુધવારથી ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે ટી-૨૦ સીરીઝ શરૂ

## વન-ડેની હારનો બદલો લેવા ભારતીય ટીમને ફરી તક મળશે: ટીમના કપ્તાન તરીકે સૂર્યકુમાર યાદવને સુકાન




ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ૩ મેચોની વન-ડે સીરીઝ પુરી થતાં હવે આગામી બુધવારથી બંને દેશો વચ્ચે ટી-૨૦ સીરીઝનો પ્રારંભ થનાર છે. ટી-૨૦ સીરીઝમાં ભારતીય ટીમમાં મોટો ફેરફાર કરાયો છે. ન્યુઝીલેન્ડ સામેની ટી-૨૦ સીરીઝ માટે ભારતીય ટીમ વન-ડે કરતા ઘણી અલગ હશે. તા.૨૧મીથી તા.૩૧ સુધી ટી-૨૦ મુકાબલો યોજાશે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે રમાયેલી ત્રણ મેચોની વન-ડે સિરીઝ પુરી થઈ છે. વન-ડે સીરીઝમાં ભારતને ન્યુઝીલેન્ડ સામે ૧-૨થી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે ભારતીય ટીમ પાસે ટી-૨૦ સીરીઝમાં બદલો લેવાની તક છે. વન-ડે સીરીઝમાં ભારતીય ટીમનું નેતૃત્વ શુભમન ગીલ પાસે હતું, જ્યારે ટી-૨૦ સીરીઝમાં ટીમના કપ્તાની તરીકે સૂર્યકુમાર યાદવ કરશે.

ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચેની ૫ ટી-૨૦ મેચ તા.૨૧, ૨૩, ૨૫, ૨૮ અને તા.૩૧મીએ ભારતીય સમય મુજબ તમામ મેચો સાંજે ૭ વાગ્યે શરુ થશે.

ન્યુઝીલેન્ડ સામેની ભારતીય ટી-૨૦ની ટીમમાં સૂર્યકુમાર યાદવ-કેપ્ટન, અભિષેક શર્મા, સંજુ સેમસન-વિકેટ કીપર, શ્રેયસ અય્યર, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ-ઉપ કેપ્ટન, રિંકુસિંહ, જસપ્રીત બુમરાહ, હર્ષિત રાણા, અર્શદીપસિંહ, કુલદિપ યાદવ, વરુણ ચક્રવર્તી, ઈશાન કિશન-વિકેટ કીપર અને રવિ બિશ્નોઇ રમશે. જીયો હોટ સ્ટાર એપ ચેનલ પર લાઇવ મેચ નિહાળી શકશે.

# ઓસ્ટ્રેલિયન ઓપનમાં સાબાલેન્કા અને ઝ્વેરેવના સંઘર્ષપૂર્ણ વિજય

## વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટનો પ્રારંભ, પાઓલિની અને સ્વિતોલિનાની વિજયી શરૂઆત

૨૦૨૬ના વર્ષની સૌ પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટ ઓસ્ટ્રેલિયન ઓપનનો રવિવારથી અહીના મેલબોર્ન પાર્ક ખાતે પ્રારંભ થયો હતો. પ્રથમ દિવસે જાણીતા ખેલાડીઓએ આગેકૂચ કરી હતી પરંતુ આર્યના સાબાલેન્કા અને એલેકઝાન્ડર ઝ્વેરેવ જેવા મોખરાના ખેલાડીઓને પોતાની પહેલી મેચ જીતવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો. આ સિવાય આ ઉપરાંત સાતમા ક્રમની જાસ્મિન પાઓલિની અને ૧૨મા ક્રમની એલિસા સ્વિતોલિનાએ પોતપોતાની મેચ જીતીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો હતો.

રવિવારે મેલબોર્ન પાર્ક ખાતે રોડ લેવર અને રોજર ફેડરર જેવા મહાન ટેનિસ ખેલાડીઓની હાજરીમાં રમ્યા બાદ સાબાલેન્કાએ કબૂલ્યું હતું કે તે આ મેચમાં થોડી નર્વસ હતી પરંતુ અંતે સફળતા હાંસલ થતા રાહત અનુભવી હતી.

મોખરાના ક્રમની સાબાલેન્કાએ ૨૦૨૩ અને ૨૦૨૪માં ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીત્યું હતું જ્યારે ૨૦૨૫માં તે રનર્સ અપ રહી હતી. રવિવારની મેચમાં તેણે પ્રારંભે જ સળંગ ત્રણ પોઈન્ટ ગુમાવ્યા હતા જેમાં તેની પોતાની પ્રથમ સર્વિસ પણ બ્રેક થઈ હતી જોકે અંતે તેણે તિયાન્તસોવા રોકોટોમાન્ગા રાજાનોઆહ સામેની મેચમાં ૬-૪, ૬-૧થી વિજય હાંસલ કરીને બીજા રાઉન્ડમાં પ્રવેશ કરી લીધો હતો. ગયા વર્ષની ફાઈનલમાં તે મેડિસન કીઝ સામે હારી ગઈ હતી.

મેચ બાદ સાબાલેન્કાએ જણાવ્યું હતું કે શરૂઆતમાં હું મારી શ્રેષ્ઠ રમત રમી શકી ન હતી. મારી હરીફ ખેલાડી આક્રમક મૂડમાં હતી અને સુંદર રમત દાખવી રહી હતી. જોકે ૨૦ વર્ષીય ફ્રેન્ચ ખેલાડી સામે ધીમે ધીમે હું સેટ થઈ ગઈ હતી. મને આનંદ છે કે મેચના અંત સુધીમાં હું મારી રિધમમાં આવી ગઈ હતી.

સાબાલેન્કાએ સિઝનની પ્રથમ ગ્રાન્ડસ્લેમ ટુર્નામેન્ટમાં રમતા અગાઉ મજબૂત પ્રદર્શન કર્યું હતું અને તાજેતરમાં જ બ્રિસબેન ઓપન ટાઈટલ જીત્યું હતું જેમાં તેણે ગયા વર્ષની ઓસ્ટ્રેલિયન ઓપનની ફાઈનલની તેની હરીફ મેડિસન કીઝને ક્વાર્ટર ફાઈનલમાં હરાવી હતી. સાબાલેન્કા આ સાથે સતત ૭૪ સપ્તાહથી વિમેન્સ ક્રમાંકમાં મોખરાના સ્થાને છે.

તેણે ઉમેર્યું હતું કે મહાન ઓસ્ટ્રેલિયન ખેલાડી અને હું જે કોર્ટ પર



રમી રહી હતી તે જેના નામે છે તે રોડ લેવર સ્ટેન્ડમાં બેઠા હતા અને તેમની સાથે ૨૦ ગ્રાન્ડસ્લેમ ટાઈટલ વિજેતા રોજર ફેડરર પણ હતા. આ બંનેની સામે મારે શ્રેષ્ઠ રમત દાખવવાની હતી અને તેમાં મને સફળતા મળી હતી તેનો મને આનંદ છે.

દરમિયાન મેન્સ સિંગલ્સમાં એલેકઝાન્ડર ઝ્વેરેવને પણ સંઘર્ષ કરવો પડ્યો હતો. ગયા વર્ષે અહીં રનર્સ અપ રહેલા ઝ્વેરેવનો મુકાબલો ગેબ્રિયલ ડિયાલો સામે હતો જેમાં તેનો ૬-૭, ૬-૧, ૬-૪થી વિજય થયો હતો. આ સાથે તે ઓસ્ટ્રેલિયન ઓપનમાં સળંગ દસમી વાર બીજા રાઉન્ડમાં પ્રવેશ્યો છે.

જોકે ઝ્વેરેવે કબૂલ્યું હતું કે મેં ડ્રો જોયા ત્યારે હું ખાસ ખુશ ન હતો કેમ કે મારો પ્રથમ મુકાબલો એક અઘરા હરીફ અને ૪૧મા ક્રમના ડિયાલો સામે થનારો હતો. તે યુવાન અને પ્રતિભાશાળી છે અને આક્રમક રમત માટે જાણીતો છે. આ મેચમાં પણ પહેલા સેટમાં હું મારી શ્રેષ્ઠ રમત દર્શાવી શક્યો ન હતો.

જોકે વિમેન્સ સિંગલ્સમાં બે શ્રેષ્ઠ ખેલાડી રવિવારે પ્રથમ રાઉન્ડમાંથી જ આઉટ થઈ ગઈ હતી. જેમાં એલ્સા જેક્યુમોટે ૨૦મા ક્રમની માર્ટા કોસ્ટયુકને ૬-૭, ૭-૬, ૭-૬થી હરાવી હતી તો તુર્કીની ક્વોલિફાયર ખેલાડી ઝેયનેપ સોન્મેઝે અપસેટ સર્જીને ૧૧મા ક્રમની એકતારિના એલેકઝાન્ડ્રોવાને ૭-૫, ૪-૬, ૬-૪થી હરાવી હતી.

સાતમા ક્રમની જાસ્મિન પાઓલિનીએ એલિકસાન્ડ્રા સાન્સોવિકને ૬-૧, ૬-૨થી હરાવી હતી તો એલિના સ્વિતોલિના અને મારિયા સાક્કારીએ પણ સીધા સેટમાં મેચ જીતીને આગેકૂચ કરી હતી.

# વિનસ વિલિયમ્સ ૪૫ વર્ષની વયે ઓસ્ટ્રેલિયન ઓપનમાં રમશે

## ઓસ્ટ્રેલિયન ઓપનમાં વિમેન્સ સિંગલ્સમાં રમનારી સૌથી વયસ્ક ખેલાડી બનશે

અમેરિકાની મહાન ટેનિસ ખેલાડી વિનસ વિલિયમ્સ ૪૫ વર્ષની ઉંમરે રવિવારે ઓસ્ટ્રેલિયન ઓપન ગ્રાન્ડસ્લેમ ટેનિસ ટુર્નામેન્ટના પ્રથમ રાઉન્ડમાં રમવા ઉતરશે ત્યારે તે ઓસ્ટ્રેલિયન ઓપનમાં સૌથી મોટી ઉંમરનો રેકોર્ડ નોંધાવશે. જોકે તેમાં કોઈ આશ્ચર્ય નથી.વિનસ ઓસ્ટ્રેલિયન ઓપન વિમેન્સ સિંગલ્સના ડ્રોમાં ભાગ લેનારી સૌથી મોટી ઉંમરની ખેલાડી બનશે તે હકીકત તેને પાંચ વર્ષમાં પહેલી વાર વર્ષની પ્રથમ ગ્રાન્ડસ્લેમમાં રમવા માટે વાઈલ્ડ-કાર્ડ એન્ટ્રી મળી ત્યારથી જ ખ્યાલ આવી ગયો હતો. જોકે તેણે એવો દાવો કર્યો હતો કે મને હજી હમણા જ આ બાબતની જાણ થઈ છે. વિનસ વિલિયમ્સે જણાવ્યું હતું કે "મેં તેના વિશે વિચાર્યું ન હતું જ્યાં સુધી તે મીડિયામાં બહાર ન આવ્યું." તેણે શનિવારે તેની ટુર્નામેન્ટ અગાઉની મીડિયા મુલાકાતમાં જણાવ્યું હતું કે "તો યે. મારા માટે યે! ચાલો આ કરીએ."

ત્યારબાદ તેણે ઓડિટોરિયમ છોડીને તેના પતિ, એન્ડ્રીયા પ્રીટી સાથે હાથ જોડીને, ખેલાડીઓના એરિયા તરફ જઈને તેના કોરિડોર પર ચાલી ગઈ હતી. આ સાથે વિનસ મેલબોર્ન પાર્કમાં ૨૨મી વખત ભાગ લેનારી છે. વિલિયમ્સના લગ્ન ડિસેમ્બરમાં થયા હતા. તે સમયે એક ઉજવણી પ્રસંગે તેણે કહ્યું હતું કે ગયા જુલાઈમાં શરૂ થયેલા પ્રવાસમાં પુનરાગમનમાં પ્રથમ બે મુખ્ય ટુર્નામેન્ટ વચ્ચે તેની



પ્રાથમિકતા હતી.

૧૯૯૮માં જ્યારે વિનસે પહેલી વાર ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભાગ લીધો ત્યારે તે ૧૭ વર્ષની હતી. તે ફક્ત ચોથી ગ્રાન્ડ સ્લેમ ઈવેન્ટમાં ક્વાર્ટર ફાઈનલ સુધી પહોંચી હતી અને યુએસ ઓપનની ફાઈનલમાં પરત આવી હતી. "તે એક સુંદર સમય હતો, કારણ કે ઘણું બધું છે જે હું જાણતી ન હતી." તેમ વિનસે પહેલી સફર પર વિચાર કરવાનું કહેવામાં આવ્યું ત્યારે જણાવ્યું હતું.

"પરંતુ ન જાણવાની એક મોટી વાત છે કારણ કે તે તમને સ્પષ્ટ રીતે જણાવે છે. મારે ઘણું શીખવાની જરૂર હતી અને પછી મેં તે શીખી પણ લીધું હતું તેમ વિનસે ઉમેર્યું હતું. વિનસે વધુમાં જણાવ્યું હતું કે "રમતગમતની આ જ ખાસિયત છે - તમે આગળ વધતા રહો છો, અને જ્યારે સાબિત કરવા માટે કંઈ નથી, ત્યારે બધું વલણ અને પ્રયત્નો પર આધારિત છે. કોઈ તેને નિયંત્રિત કરી શકતું નથી. તે ભાગને નિયંત્રિત કરવો એ ખરેખર જીત છે." ઓગસ્ટ ૨૦૨૫માં યુએસ ઓપનમાં વિલિયમ્સે પોતાનું ગ્રાન્ડ સ્લેમ પુનરાગમન ગુમાવ્યું હતું. રવિવારે જોન કેન એરેના ખાતે રમાનારી છેલ્લી મેચમાં વિલિયમ્સ સર્બિયાની ૨૪ વર્ષીય ડાબોડી ખેલાડી ઓલ્ગા ડેનિલોવિકનો સામનો કરશે. ૬૮મી ક્રમાંકિત ડેનિલોવિક તેની ૧૧મી ગ્રાન્ડ સ્લેમ ટુર્નામેન્ટ અને ઓસ્ટ્રેલિયામાં તેની ત્રીજી મેચ રમી રહી છે, જ્યાં ગયા વર્ષે ચોથા રાઉન્ડ સુધીની તેની દોડ મેજરમાં તેનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું.

# ટી - ૨૦ વિશ્વકપ પહેલા કુલદીપ યાદવનું ફોર્મ ચિંતાનો વિષય !

આવતાં મહિને ભારત અને શ્રીલંકામાં યોજાનારા ટી-૨૦ વર્લ્ડ કપ પહેલાં ટીમ ઈન્ડિયા પોતાની તૈયારીઓમાં વ્યસ્ત છે, પરંતુ ન્યૂઝીલેન્ડ સામે ચાલી રહેલી વનડે શ્રેણીમાં એક મોટો ચિંતાનો મુદ્દો સામે આવ્યો છે, જે સ્ટાર સ્પિનર કુલદીપ યાદવના નબળા ફોર્મનો છે. રવિવારે ઈન્દોરના હોલ્કર સ્ટેડિયમમાં ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે ભારતીય બોલિંગ પર આક્રમક પ્રહાર કર્યા, ત્યારે કુલદીપ આત્મવિશ્વાસ વગરનાં દેખાયાં હતાં.

૧૭મી ઓવરમાં બોલિંગ કરવા આવ્યાં બાદ, શાનદાર ફોર્મમાં રહેલાં મિચેલે કુલદીપની પહેલી જ બોલ પર આગળ આવી સીધો છક્કો ફટકાર્યો. તે બાદ કુલદીપ બેટ્સમેન પર પોતાની છાપ છોડી શકે તેવા દેખાયા નહીં અને માત્ર ફરજ બજાવતા હોય તેમ લાગ્યા. ૪૧મા ઓવરમાં મિચેલ અને ફિલિપ્સે તેમને ફરીથી લાંબા છક્કાઓ ફટકાર્યા. નાની બાઉન્ડ્રી ધરાવતા મેદાનમાં કિવી બેટ્સમેન પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળ રહેલા કુલદીપે છ ઓવરમાં ૪૮ રન આપી માત્ર એક વિકેટ મેળવી હતી.

આ શ્રેણીમાં સતત બીજી વખત કુલદીપ લયથી બહાર દેખાયાં. રાજકોટમાં રમાયેલી બીજી વનડેમાં પણ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોએ તેમની ભારે ધોલાઈ કરી હતી. ડેરિલ મિચેલે અણનમ ૧૩૧ રન અને વિલ યંગે ૮૫ રન ફટકાર્યા હતા. કુલદીપે ૧૦ ઓવરમાં ૮૨ રન આપ્યા અને માત્ર એક વિકેટ મેળવી. ભારત ૨૮૪ રનનો સ્કોર બચાવવામાં નિષ્ફળ રહ્યું હતું.

આ જ પિચ પર ભારતીય બેટ્સમેનોએ ન્યૂઝીલેન્ડના સ્પિનરોને રમવામાં મુશ્કેલી અનુભવી હતી. ડેબ્યૂ કરનારા જેડન લેનોક્સે ૧૦ ઓવરમાં ૧-૪૨ આપ્યા હતા, જ્યારે કેપ્ટન માઈકલ બ્રેસવેલે માત્ર ૩૪ રન આપીને એક વિકેટ લીધી હતી. ડ્યૂનો પ્રભાવ




હોવા છતાં, કુલદીપ જેવા અનુભવી બોલર પાસેથી વધુ સારી અપેક્ષા રાખવામાં આવી હતી.

બીજી વનડે બાદ કુલદીપની ટીકા થયા પછી તેમના પૂર્વ સાથી સ્પિનર યુઝવેન્દ્ર ચહલે તેમના બચાવમાં અવાજ ઉઠાવ્યો હતો. ચહલે સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, કુલદીપ યાદવ દુનિયાના નંબર-વન સ્પિનર છે.

કુલદીપની ક્ષમતાઓ પર કોઈ શંકા નથી. પોતાના શ્રેષ્ઠ ફોર્મમાં તેઓ બેટ્સમેનને ગૂંચવી નાખે છે, પરંતુ હાલ તેમની ફોર્મ ભારત માટે ચિંતાજનક છે, ખાસ કરીને જ્યારે ટી-૨૦ વર્લ્ડ કપ શરૂ થવામાં હવે માત્ર થોડા દિવસો જ બાકી છે. જસપ્રિત બુમરાહને વનડે શ્રેણીમાંથી આરામ આપવામાં આવતા, ભારતીય બોલિંગ વધુ નબળી દેખાઈ છે અને કુલદીપ પણ કિવી બેટ્સમેન સામે અસરકારક સાબિત થયા નહીં. તેમણે ત્રણ મેચની શ્રેણીમાં કુલ ત્રણ વિકેટ લીધી, પરંતુ ૧૮૨ રન આપ્યા, સરેરાશ ૬૦.૬૬ અને ઈકોનોમી ૭.૨૮ રહી.ત્રણે ફોર્મેટમાં નિયમિત રમનાર કુલદીપ હાલ થાકેલા જણાય છે અને શક્ય છે કે તેમને વિરામની જરૂર હોય. ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામેની પાંચ ટેસ્ટ શ્રેણીમાં તેમને એક પણ ટેસ્ટ રમવાની તક મળી નહોતી, પરંતુ ત્યારબાદ યૂએઈમાં યોજાયેલી ટી-૨૦ એશિયા કપમાં તેમણે શાનદાર પ્રદર્શન કરતા સાત મેચમાં ૧૭ વિકેટ લીધી હતી અને ટૂર્નામેન્ટના સર્વોચ્ચ વિકેટ લેનારા બોલર બન્યા હતા. પાકિસ્તાન સામેની ફાઇનલમાં તેમણે ૪ ઓવરમાં ૪-૩૦નો ઘાતક સ્પેલ ફેંક્યો હતો.

# બેડમિન્ટન ખેલાડી સાઇના નેહવાલનો સંન્યાસ

ભારતની સ્ટાર બેડમિન્ટન ખેલાડી સાઈના નેહવાલે પ્રોફેશનલ બેડમિન્ટનમાંથી સંન્યાસની સત્તાવાર પુષ્ટિ કરી છે. તેણે કહ્યું કે ઘૂંટણની લાંબી સમસ્યાને કારણે, હવે તેના માટે રમવું શક્ય નથી.સાઈના છેલ્લે ૨૦૨૩માં સિંગાપોર ઓપનમાં રમી હતી. જોકે, તે સમયે તેણે નિવૃત્તિની કોઈ સત્તાવાર જાહેરાત કરી ન હતી.એક પોડકાસ્ટમાં, સાઈનાએ કહ્યું, "મેં બે વર્ષ પહેલાં રમવાનું બંધ કરી દીધું હતું. મેં મારા પોતાના સિદ્ધાંતો પર રમવાનું શરૂ કર્યું હતું અને તેને મારા પોતાના સિદ્ધાંતો પર છોડી દીધું હતું, તેથી મને તેની જાહેરાત કરવાની જરૂર ન લાગી."ઘૂંટણની ગંભીર બીમારી નિવૃત્તિનું કારણ બની. સાઈનાના મતે, તેના ઘૂંટણની કાર્ટિલેજ સંપૂર્ણપણે ઘસાઈ ગઈ છે અને તેને આર્થરાઈટિસ બીમારી થઈ ગઈ છે.તેણે કહ્યું, "જ્યારે તમે રમી ન શકો, ત્યારે તમારે રોકાઈ જવું જોઈએ. મારા માટે ચાલુ રાખવું ખૂબ મુશ્કેલ હતું." પહેલાં, તે દિવસમાં ૮-૯ કલાક પ્રેક્ટિસ કરી શકતી હતી. હવે, ૧-૨ કલાકમાં ઘૂંટણ સોજી જતા હતા, જેના કારણે આગળની પ્રેક્ટિસ અશક્ય બની જશે.૨૦૧૬ના રિયો ઓલિમ્પિક દરમિયાન ઘૂંટણની ઈજાને કારણે સાઈનાના કરિયર પર ભારે અસર પડી હતી. આમ છતાં, તેણે ૨૦૧૭ વર્લ્ડ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ અને ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતીને શાનદાર



વાપસી કરી.જોકે, ઘૂંટણની સમસ્યાઓ ફરી ઉભી થતી રહી. ૨૦૨૪માં સાઈનાએ જાહેરાત કરી કે તેણીના ઘૂંટણમાં આર્થરાઈટિસ છે અને કાર્ટિલેજ ઘસાઈ ગયું છે, જેના કારણે ટોપ સ્તરે રમવું લગભગ અશક્ય બની ગયું છે.ઓલિમ્પિક મેડલ જીતનાર ભારતની પ્રથમ બેડમિન્ટન ખેલાડી, ભૂતપૂર્વ વિશ્વ નંબર ૧ સાઇનાએ ૨૦૧૨માં લંડન ઓલિમ્પિકમાં ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. તે ઓલિમ્પિક મેડલ જીતનાર પ્રથમ ભારતીય બેડમિન્ટન ખેલાડી છે. તેણે ત્રણ ઓલિમ્પિક રમતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. સાઈનાએ ૨૦૧૦ અને ૨૦૧૮ કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યા.સાયનાએ ૨૦૧૦ અને ૨૦૧૮ના કોમનવેલ્થ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. સાયનાએ ૨૦૦૮માં બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) વર્લ્ડ જુનિયર ચેમ્પિયનશિપ જીતીને ખ્યાતિ મેળવી હતી. તે જ વર્ષે તેમણે પ્રથમ વખત ઓલિમ્પિકમાં ભાગ લીધો. તેઓ ઓલિમ્પિક ક્વાર્ટર-ફાઇનલમાં પહોંચનાર પ્રથમ ભારતીય મહિલા બની.તેમણે હોંગકોંગની તત્કાલીન વર્લ્ડ નંબર-૫ ખેલાડી વાંગ ચેનને હરાવી હતી, પરંતુ ઈન્ડોનેશિયાની મારિયા ક્રિસ્ટિન યુલિયાંતી સામે હારી ગઈ હતી. ૨૦૦૯માં, સાયના BWF સુપર સિરીઝ સ્પર્ધા જીતનારી પ્રથમ ભારતીય બની.

# સેનેગલ ટીમ પેનલ્ટી વિવાદ પર મેદાન છોડીને ગઇ, ૧૪ મિનિટ રમત અટકી રહી, પાછા ફર્યા પછી મોરોક્કોને હરાવ્યું



આફ્રિકા કપ ઓફ નેશન્સ ૨૦૨૫ની ફાઈનલ મેચ ફૂટબોલ કરતાં વધુ વિવાદ અને હોબાળાને કારણે ચર્ચામાં રહી. મોરોક્કો અને સેનેગલ વચ્ચે રવિવારે મોરોક્કોના પ્રિન્સ મૌલે અબ્દેલહ સ્ટેડિયમમાં ખિતાબી મુકાબલો રમાયો. આમાં એક વિવાદાસ્પદ પેનલ્ટી પછી સેનેગલની આખી ટીમ ગુસ્સામાં મેદાન છોડીને બહાર ચાલી ગઈ.

મેચના અંતિમ સમયે રેફરી દ્વારા મોરોક્કોને પેનલ્ટી આપવાથી સેનેગલના ખેલાડીઓ ભડકી ઉઠ્યા અને રમત રોકી દેવામાં આવી. લગભગ ૧૪ મિનિટ સુધી મેદાન પર અફરાતફરીનો માહોલ રહ્યો અને મેચ અટકી રહી. પછીથી કેપ્ટન સાદિયો માનેના સમજાવવાથી સેનેગલની ટીમ ફરીથી મેદાન પર પાછી ફરી.

સેનેગલની ટીમ મેદાન પર પરત ફર્યા બાદ રમત શરૂ થઈ. પેનલ્ટી પર મોરોક્કોના ખેલાડી બ્રાહિમ ડિયાઝ ગોલ કરી શક્યા નહી અને સેનેગલના ગોલકીપરે શાનદાર બચાવ કર્યો. ત્યારબાદ મેચ એક્સ્ટ્રા ટાઈમમાં ગઈ, જ્યાં સેનેગલ માટે પાપ ગુએ ૯૪મી મિનિટે નિર્ણાયક ગોલ કરીને મુકાબલો ૧-૦થી જીતી લીધો.



# ઓલપાડની તળાદ હાઈસ્કૂલમાં વાર્ષિક ઇનામ વિતરણ સમારોહ

## વિદ્યાર્થીઓ દ્વારા રંગારંગ કાર્યક્રમો રજૂ કરાયા

સુરત, તા.૨૦

ઓલપાડ તાલુકા આઝાદ દિન સ્મારક કેળવણી મંડળ સંચાલિત તળાદ વિભાગ માધ્યમિક શાળા, તળાદમાં સ્થાનિક કેળવણી મંડળનાં ઉપક્રમથી વાર્ષિક ઈનામ વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. સમારોહનાં પ્રમુખ તરીકે રવિન્દ્રભાઈ ઉર્ફે સંજયભાઈ પટેલ તેમજ મુખ્ય મહેમાન તરીકે ઓલપાડ તાલુકા આઝાદદિન સ્મારક કેળવણી મંડળનાં માનદ મંત્રી જયંતિભાઈ પટેલ તથા ઉપપ્રમુખ મનહરભાઈ પટેલ સહિત આમંત્રિત મહેમાનો, કારોબારી સભ્યો તેમજ વાલીજનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમની શરૂઆત તળાદ સ્થાનિક કેળવણી મંડળનાં ભૂતપૂર્વ પ્રમુખ સ્વ.મોહનભાઈ પટેલ અને ઈશ્વરભાઈ પટેલની યાદમાં બે મિનિટ મૌન પાળી કરવામાં આવી હતી. દીપ પ્રાગટ્ય, પ્રાર્થના, સ્વાગતગીત બાદ શાળાનાં માધ્યમિક વિભાગનાં આચાર્ય જયેશભાઈ પટેલ દ્વારા સ્વાગત પ્રવચન રજૂ કરવામાં આવ્યું હતું. સ્થાનિક કેળવણી મંડળનાં પ્રમુખ ભગવતીભાઈ પી.પટેલે ઉપસ્થિત મહેમાનોનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ ગત વાર્ષિક પરીક્ષામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે ઉત્તિર્ણ થયેલ જુનિયર કે.જી.થી લઈને ધોરણ ૧૨ સુધીનાં વિદ્યાર્થીઓને ઈનામો વિતરણ કરવામાં આવ્યા હતાં. આ સાથે ધોરણ ૧૦ તેમજ ૧૨ બોર્ડની પરીક્ષાઓમાં સિદ્ધિ નોંધપાત્ર સિદ્ધિ મેળવનાર તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત સમગ્ર વર્ષ દરમિયાન સહઅભ્યાસિક પ્રવૃત્તિઓમાં અગ્રસ્થાને રહેલ વિદ્યાર્થીઓને પણ ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. આ તકે સમારોહનાં પ્રમુખ રવિન્દ્રભાઈ પટેલ, જયંતિભાઈ પટેલ તેમજ મનહરભાઈ પટેલે પ્રસંગ અનુરૂપ ઉદબોધન કરી વિધાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતાં. સમારોહનાં અંતિમ ચરણમાં શાળાનાં વિદ્યાર્થીઓએ રંગારંગ કાર્યક્રમ રજૂ કર્યો હતો. આભારવિધિ પ્રાથમિક શાળાનાં આચાર્ય જશવંતભાઈ પટેલે આટોપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ઉચ્ચતર માધ્યમિક વિભાગનાં શિક્ષિકા ચિલ્કાબેન તેમજ પ્રાથમિક વિભાગનાં દિપીકાબેને સંયુક્તપણે કર્યું હતું.

# વિ.ટી. ચોક્સી લો કોલેજ ખાતે સંશોધન પ્રોજેક્ટનો આરંભ

## સિનીયર એડવોકેટ શ્રેયશ દેસાઈ માર્ગદર્શન આપશે

સુરત, તા.૨૦

સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચલિત વિ.ટી.ચોકસી સાર્વજનિક લૉ કોલેજ, સુરત ખાતે Indian Council of Social Science Research - ICSSR, નવી દિલ્હી દ્વારા પ્રાયોજિત સંશોધન પ્રોજેક્ટનું આરંભ કરવામાં આવ્યું છે. આ સંશોધન પ્રોજેક્ટનું શીર્ષક છે - "Challenges to Women's Leadership in legal and judicial institutions: A gender justice perspective" આ સંશોધન પ્રોજેક્ટ ડૉ. ઈરમલા દયાલ દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ ICSSR ની (Punyashloka Devi Ahilyabai Holkar Special Call fro Women-led Research on Women-led Development) અંતર્ગત મંજૂર કરવામાં આવ્યો છે. આ સંશોધનનો મુખ્ય ઉદ્દેશ કાનૂની અને ન્યાયિક ક્ષેત્રોમાં મહિલાઓના નેતૃત્વમાં અવરોધરૂપ બનતા સામાજિક, સંસ્થાગત અને સાંસ્કૃતિક પરિબળોની ઓળખ કરવાનું છે. સંશોધન દ્વારા નીતિ-નિર્માણ, સંસ્થાગત સુધારા અને મહિલાઓના સશક્તિકરણ માટે ઉપયોગી સૂચનો પ્રસ્તુત કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં માર્ગદર્શક તરીકે પ્રખર કાનૂની નિષ્ણાત એડવોકેટ શ્રી શ્રેયશ દેસાઈ માર્ગદર્શન આપશે. તેમના અનુભવ અને માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્યને વધુ વ્યાપક અને વ્યવહારુ દૃષ્ટિકોણ પ્રાપ્ત થશે.

# અંકલેશ્વરમાં ૫૧ દીકરીઓને પાનેતર અને કંકોત્રીનું વિતરણ

## ૮મી ફેબ્રુઆરીએ યોજાશે ૧૦મો સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવ



અંકલેશ્વર, તા.૨૦

સામાજિક જવાબદારી અને સેવાના ઉદ્દેશ્ય સાથે અંકલેશ્વરનું જાણીતું ગુંજ સોશિયલ ગ્રુપ આગામી ૮મી ફેબ્રુઆરીના રોજ તેના દશમા ભવ્ય સર્વજ્ઞાતિ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવા જઈ રહ્યું છે. આ મંગલ પ્રસંગના પૂર્વાધરૂપે, નવી દીવી ગામ સ્થિત ગુપ્તા ફાર્મ હાઉસ ખાતે એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, જેમાં લગ્નગ્રંથિથી જોડાનાર ૫૧ દીકરીઓને પાનેતર અને લગ્ન પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. ગુંજ સોશિયલ ગ્રુપ દ્વારા દર વર્ષે જરૂરિયાતમંદ પરિવારોની મદદ માટે આ નિઃશુલ્ક સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ પસંદ કરાયેલા ૫૧ યુગલો માટે સંસ્થા દ્વારા દીકરીઓને પાનેતર અને વરરાજા માટે શેરવાની સહિત લગ્નની કંકોત્રીઓ અર્પણ કરવામાં આવી હતી. આ ઉમદા કાર્ય પાછળનો હેતુ આર્થિક રીતે નબળા પરિવારો પર લગ્નનો બોજ ઓછો કરવાનો અને સામાજિક સમરસતા વધારવાનો છે.આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ સુધીર ગુપ્તા, ઉપપ્રમુખ ગણેશ અગ્રવાલ, ધર્મેશ ચાવડા તેમજ પ્રોજેક્ટ ચેરમેન નીરજ પટેલ સહિતના અગ્રણીઓ અને ગ્રુપના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ આગામી સમૂહ લગ્નોત્સવ નિર્વિઘ્ને સંપન્ન થાય તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી. ગુંજ સોશિયલ ગ્રુપની આ પરંપરાગત સેવાકીય પ્રવૃત્તિને સ્થાનિક સ્તરે ખૂબ જ બિરદાવવામાં આવી રહી છે.



# ઓલપાડમાં તાલુકા કક્ષાની વાર્તા કથન અને લેખન સ્પર્ધા

## વિજેતા વિદ્યાર્થીઓને ઈનામો આપી પ્રોત્સાહીત કરાયા

સુરત, તા.૨૦

યુગમૂર્તિ બાળ કેળવણીકાર સ્વ.ગિજુભાઈ બધેકાનાં જન્મદિવસને ગુજરાત રાજ્યમાં 'બાળવાર્તા દિન' તરીકે ઉજવવાનું ઠરાવવામાં આવેલ છે. જેનાં ભાગરૂપે બ્લોક રિસોર્સ સેન્ટર ઓલપાડ દ્વારા તાલુકા કક્ષાની વાર્તા કથન તથા વાર્તા લેખન સ્પર્ધાનું આયોજન અત્રેનાં ભવન ખાતે કરવામાં આવ્યું હતું.

તાલુકા કક્ષાની આ સ્પર્ધામાં ક્લસ્ટર કક્ષાએ વિજેતા બાળકોએ સહર્ષ ભાગ લીધો હતો. બી.આર.સી. કો-ઓર્ડિનેટર બ્રિજેશ પટેલે ઉપસ્થિત સ્પર્ધક બાળકો તેમજ તેમના માર્ગદર્શક શિક્ષકોને કાર્યક્રમની રૂપરેખા આપી શિક્ષણમાં વાર્તાનાં મહત્વ અંગે છણાવટ કરી હતી. સ્પર્ધાનાં અંતે નિર્ણાયકોએ નીચે મુજબ પરિણામો ઘોષિત કર્યા હતાં. ફાઉન્ડેશનલ સ્ટેજ ધોરણ ૧/૨ (વાર્તા કથન) : પ્રથમ - યુગગીરી બિલકેશગીરી ગૌસ્વામી (કુંકણી), પ્રિપેરેટરી સ્ટેજ ધોરણ ૩ થી ૫ (વાર્તા કથન) : પ્રથમ - સાચી અજયભાઇ પટેલ (કુંદિયાણા), મિડલ સ્ટેજ ધોરણ ૬ થી ૮ (વાર્તા લેખન) : પ્રથમ - અમર કૃષ્ણકુમાર તિવારી (કઠોદરા)

વિજેતા બાળકોને ઉપસ્થિત મહાનુભવોનાં હસ્તે રોકડ પુરસ્કાર સહિત પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતાં. સ્પર્ધામાં નિર્ણાયક તરીકે રાકેશ મહેતા (ભારૂંડી પ્રા. શાળા), ઈલા મહીડા (બી.આર.પી. પ્રજ્ઞા), દિપ્તિ મૈસુરીયા (ઓરમા પ્રા. શાળા), પ્રવિણા મોરકર પટેલ (પરીયા પ્રા. શાળા), ધર્મિષ્ઠા ભાટીયા (અંભેટા પ્રા. શાળા), હીના પટેલ (કંથરાજ પ્રા. શાળા), વિજય પટેલ (ભટગામ પ્રા.શાળા), દર્શના પટેલ (અરીયાણા પ્રા. શાળા) તથા આકાશ પટેલ (બી.આર.પી. ભાષા) એ ઉત્કૃષ્ટ સેવા બજાવી હતી.

# છત્તીસગઢના ૩૭ યુવાનોએ સુરત અને કેવડિયાની મુલાકાત લીધી

## માય ભારત સુરત દ્વારા આંતરરાજ્ય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૨૦

ભારત સરકારના યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય હેઠળ કાર્યરત માય ભારત-સુરત દ્વારા ૫ દિવસીય આંતરરાજ્ય યુવા આદાન-પ્રદાન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. જેમાં છત્તીસગઢના ૩૭ પ્રતિભાશાળી યુવાનોએ ગુજરાતની ભાતીગળ સંસ્કૃતિ અને આતિથ્યસત્કારનો લ્હાવો મેળવ્યો હતો. 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વિભાવના હેઠળ સાંસ્કૃતિક આદાન-પ્રદાન અને રાષ્ટ્રીય એકતાને પ્રોત્સાહન આપવાના હેતુથી માય ભારતના ડેપ્યુટી ડાયરેક્ટર સચિન શર્માના માર્ગદર્શનમાં આયોજિત આ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રમાં મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત નિધિ ઠાકુર (DCP ઝોન ૪)એ પ્રતિભાગી યુવાનો સાથે આત્મીય સંવાદ સાધી તેમને સિવિલ સર્વિસીસમાં કારકિર્દી બનાવવા અને લક્ષ્યને અનુસરી દેશના વિકાસમાં સહભાગી થવા માટે પ્રેરણા આપી હતી. પ્રવાસ દરમિયાન યુવાનોએ સુરતના ઔદ્યોગિક અને શૈક્ષણિક ગૌરવ સમાન હજીરા પોર્ટ, હરેકૃષ્ણા ડાયમંડ્સ અને પ્રતિષ્ઠિત SVNIT-કોલેજની મુલાકાત લઈ તકનીકી અને વ્યાવસાયિક વિકાસની બારીકીઓ સમજી હતી, તેમજ ઓરો યુનિવર્સિટીની મુલાકાત લઈને વિવિધ આધુનિક અભ્યાસક્રમો વિશે માહિતી મેળવી હતી. શૈક્ષણિક સત્રોમાં એક્ઝામશાલાના સ્થાપક હરેન્દ્ર સિંહ તોમરે યુવાનોને સરકારી નોકરી અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટેના મંત્રો આપ્યા હતા, જ્યારે ઈન્ક્યુબેશન મેનેજર મયુરભાઈ કલસરિયાએ સ્ટાર્ટઅપ્સ અને ડિજિટલ ઈન્ડિયા વિષય પર તથા ડો. વિજયભાઈ રાદડિયાએ સ્થાનિક સંસાધનો દ્વારા સફળ બિઝનેસ ઉભો કરવા અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

# ગુજરાતી ભાષા આપણી અસ્મિતા અને ગૌરવ : ડો. જયરામ ગામીત

## રાજભાષા ગુજરાતીના ગૌરવ અને મહત્વ અંગે પ્રદર્શન યોજાયું

સુરત, તા.૨૦

ભાષા નિયામકની કચેરી-ગાંધીનગર (રમતગમત, યુવક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ) તેમજ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે સુરત ખાતે 'રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદ' યોજાયો હતો.

નાનપુરા સ્થિત જીવનભારતી મંડળના સભાગૃહમાં આયોજિત રાજભાષા પ્રદર્શન અને પરિસંવાદમાં મંત્રી ડૉ. જયરામભાઈ ગામીતે જણાવ્યું હતું કે, ગુજરાતી ભાષા એ માત્ર સંવાદનું સાધન નથી, પરંતુ તે આપણી સંસ્કૃતિ, ઓળખ અને અસ્મિતા છે. ગુજરાતીઓ જ્યારે દેશ કે દુનિયાના કોઈ પણ ખૂણે જાય છે, ત્યારે 'ગુજરાતી' હોવાની ઓળખ જ તેમને વિશેષ માન-પાન અપાવે છે. માતૃભાષાના અસ્તિત્વને ટકાવી રાખવા માટે લેખકો, કવિઓ અને શિક્ષણવિદોના પ્રયાસો બિરદાવવા લાયક છે.ગુજરાતી માતૃભાષાનું મહત્વ દર્શાવતા તેમણે જણાવ્યું કે, અન્ય ભાષાઓ શીખવી જરૂરી છે, પરંતુ માતૃભાષા પ્રત્યે લઘુતાગ્રંથિ રાખ્યા વગર તેનો ગૌરવભેર ઉપયોગ કરવો જોઈએ. મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારના તમામ વિભાગો, સરકારી કચેરીઓ અને શાળાઓમાં વહીવટી કામગીરી, પરિપત્રો તથા પત્રવ્યવહાર ગુજરાતી ભાષામાં જ થાય તે સરકારે સુનિશ્ચિત કર્યું છે. આજના આધુનિક સમયમાં સોશિયલ મીડિયા અને ડિજિટલ પ્લેટફોર્મ પર પણ ગુજરાતી ભાષાના ઉપયોગ વધારવા મંત્રીશ્રીએ અપીલ કરી હતી. તેમણે ઉપસ્થિત સૌને ભારપૂર્વક અનુરોધ કર્યો કે, ઘરમાં બાળકો સાથે ગુજરાતીમાં વાત કરીએ, જેથી નવી પેઢી પોતાની સંસ્કૃતિ સાથે જોડાયેલી રહે. ગરબા જેવા સાંસ્કૃતિક વારસાને જ્યારે આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ મળી રહી છે, ત્યારે આપણી ભાષાનું ગૌરવ પણ એટલું જ વધવું જોઈએ. કાર્યક્રમ દરમિયાન રાજ્યના આદિવાસી પટ્ટાની આદિવાસી બોલીઓના શબ્દકોશ તૈયાર કરવાના સૂચન અંગે મંત્રીશ્રીએ હકારાત્મક પ્રતિસાદ આપતા જણાવ્યું કે, આ શબ્દકોશ માટે સરકાર જરૂરી મદદ પૂરી પાડશે. ભાષાના સંવર્ધન માટે જે પણ યોગ્ય નિષ્કર્ષ કે રજૂઆતો આવશે તેના પર સરકાર યોગ્ય મદદ અને અમલીકરણ માટે કટિબદ્ધ છે. આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા ભાષા નિયામકશ્રી કિનલબેન ખરાડીએ ભાષા નિયામક કચેરીની કાર્યપદ્ધતિ અને ભાષા સંશોધન કામગીરીનો પરિચય આપી જણાવ્યું કે, ગુજરાતી ભાષાને સમૃદ્ધ કરવા માટે આ કચેરી દ્વારા ઓનલાઈન શબ્દકોશ અને શુદ્ધ જોડણી માટેનું અદ્યતન સોફ્ટવેર વિકસાવવામાં આવી રહ્યું છે. પ્રખ્યાત લેખક, સાહિત્યકાર શ્રી બકુલ ટેલર, કટારલેખક અને ભાષાવિદ શ્રી કાનજીભાઈ ભાલાળા અને VNSGU ગુજરાતી ભવનના ડૉ. નરેશ શુક્લએ કાર્યક્રમને અનુરૂપ માર્ગદર્શન અને વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે VNSGU ના કુલપતિ ડૉ. કે.એન. ચાવડા, નાયબ ભાષા નિયામકશ્રી કેતનભાઈ ઉપાધ્યાય, સંશોધન અધિકારી વિરલભાઈ ગોહિલ, પ્રકાશન અધિકારી જશુભાઈ કવાડ, શિક્ષણ નિરીક્ષકો ડો.નિહારિકા પટેલ અને પ્રિતેશ મિસ્ત્રી, જીવનભારતી ટ્રસ્ટના ભરતભાઈ શાહ, અજિતભાઈ શાહ, શાળાના આચાર્ય પિંકીબેન માળી સહિત શિક્ષકો, ભાષાપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### રશિયામાં ૩૦ વર્ષમાં સૌથી

પહેલા પાનાનું ચાલુ

વ્યક્ત કરતા કહ્યું કે તેઓ સમયસર છત પરથી બરફ દૂર કરવામાં નિષ્ફળ ગયા અને વાવાઝોડું પસાર થવાની રાહ જોઈ. ભારે પવન અને સતત હિમવર્ષાને કારણે, ઘણી ઈમારતોની છત પર ખતરનાક પ્રમાણમાં બરફ જમા થઈ ગયો હતો, જે અચાનક નીચે પડવા લાગ્યો, જે દરમિયાન ઘણા અકસ્માતો થયા.

રશિયાના ઈમરજન્સી મંત્રાલયે એક વીડિયો જાહેર કર્યો, જેમાં બતાવવામાં આવ્યું હતું કે બચાવ કાર્યકરો તેમના ઘરોમાં ફસાયેલા વૃદ્ધો સુધી પહોંચવા માટે બરફના ઊંચા ઢગલા કાપી રહ્યા હતા. સતત હિમવર્ષાને કારણે સ્કૂલો બંધ રહી, જાહેર પરિવહન બંધ રહ્યું અને ઘણા વિસ્તારોમાં વીજળી અને સપ્લાય ચેન પર દબાણ વધ્યું છે.

કામચાટકામાં માત્ર બરફવર્ષા જ નહી, પણ છત પરથી પડી રહેલો બરફ, લપસણો રસ્તો, અવરોધિત રસ્તા, ફસાયેલી કાર અને સતત ઘટી રહેલા તાપમાનને કારણે જનજીવન ઠપ્પ થઈ ગયું છે. પરિસ્થિતિ હજુ પણ ગંભીર છે, અને અધિકારીઓ રાહત પ્રયાસો ચાલુ રાખી રહ્યા છે.

### સોના ચાંદીના

પહેલા પાનાનું ચાલુ

ગ્રીન લેન્ડને કબ્જે લેવાની કવાયત હાથ ધરવામાં આવી હોવાથી અમેરિકા તથા યુરોપીયન યુનિયન વચ્ચે ટેરીફ વોર જામવાના એંધાણ છે. આ સિવાય ઈરાન પર પણ આક્રમણ થવાની ભીતિ વ્યક્ત થઈ રહી છે. બીજી તરફ ચીન દ્વારા ડોલરને બદલે સોનામાં રોકાણ વધારાતા તેની પણ જોરદાર અસર શરૂ થઈ છે. આ ત્રણ મુખ્ય કારણોએ માર્કેટ સતત નવી ઉંચાઈને આંબતુ રહે તેવી શકયતા દર્શાવવામાં આવી રહી છે.

સોના-ચાંદીમાં અભુતપૂર્વ તેજીની સામે શેરબજારમાં સતત મંદીનો માહોલ હોય તેમ આજે વધુ ગાબડા પડયા હતા. વિશ્ર્વસ્તરે વધી રહેલા ભૌગોલિક ટેન્શન અને ટેરીફ તથા યુધ્ધના હાકલા પડકારાના કારણે શેરબજારમાં ગભરાટભરી વેચવાલીથી આજે વધુ ઘટાડો નોંધાયો હતો. વિદેશી નાણા સંસ્થાઓ રોજેરોજ કરોડો રૂપિયાનો માલ ફુંકી રહી હોવાથી તેમજ કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયાના ઘટાડાથી ફફડાટ હતો.

મુંબઇ શેરબજારનો સેન્સેકસ ૩૬૨ પોઈન્ટના ઘટાડાથી ૮૨૮૮૪ હતો જે ઉંચામાં ૮૩૫૪ તથા નીચામાં ૮૨૮૭૨ હતો. નિફટી ૧૨૯ પોઈન્ટના ઘટાડાથી ૨૫૪૫૬ હતો જે ઉંચામાં ૨૫૫૮૫ તથા નીચામાં ૨૫૪૫૩ થયો હતો. કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયો પાંચ પૈસાના ઘટાડાથી ૯૦.૯૬ હતો.

### ઉત્તર પ્રદેશમાં

પહેલા પાનાનું ચાલુ

છે. જયારે, ગુરુવારથી વરસાદ, તેજ પવનો અને વીજળી ચમકવાની સંભાવના છે.

પહાડો પર થઈ રહેલી બરફવર્ષાના કારણે રાજ્યમાં ઠંડી વધવાની સંભાવના છે. હવામાન વિભાગ મુજબ, પટના, બેગુસરાય સહિત ૯ જિલ્લામાં ધુમ્મસ રહેશે. હાલમાં ૭ જિલ્લાનું તાપમાન ૮ ડિગ્રીથી ઓછું છે. ૬.૨ ડિગ્રી સેલ્સિયસ સાથે ભાગલપુરનું સબૌર સૌથી ઠંડું રહ્યું.

### ટ્રમ્પે

પહેલા પાનાનું ચાલુ

પણ ત્યાં હાજર છે, જે આર્કટિક વિસ્તારોમાં પેટ્રોલિંગ કરે છે.ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને કહ્યું હતું કે આવનારા દિવસોમાં તેમને જમીન, હવા અને સમુદ્ર દ્વારા વધુ મજબૂત કરવામાં આવશે. આ સંખ્યા નાની છે, પરંતુ એ રાજકીય સંદેશ આપવા માટે છે કે NATO એકજૂટ છે.ડેનમાર્કની આગેવાની હેઠળ ચાલી રહેલું ઓપરેશન આર્કટિક એન્ડ્યોરન્સ એક સૈન્ય અભ્યાસ છે. એનો હેતુ એ જોવાનો છે કે જો ભવિષ્યમાં ગ્રીનલેન્ડમાં મોટી સંખ્યામાં સૈનિકો તહેનાત કરવા પડે, તો તેની તૈયારી કેવી હશે. ડેનમાર્કના સંરક્ષણ મંત્રાલય અનુસાર, આ અભ્યાસનું ધ્યાન આર્કટિક વિસ્તારમાં સહયોગી દેશો વચ્ચે તાલમેલ અને કામ કરવાની ક્ષમતા વધારવા પર છે.

આગળ જતાં આનાથી પણ મોટું મિશન લાવવાની યોજના છે, જેને ઓપરેશન આર્કટિક સેન્ટ્રી કહેવામાં આવી રહ્યું છે. આ એક નાટો મિશન હશે. એનો ઉદ્દેશ ગ્રીનલેન્ડ અને તેની આસપાસના વિસ્તારોમાં દેખરેખ વધારવી અને કોઈપણ ખતરાનો સૈન્ય જવાબ આપવાની શક્તિ મજબૂત કરવાનો છે.

જોકે આ મિશન તરત શરૂ થશે નહીં. જર્મનીના સંરક્ષણમંત્રી બોરિસ પિસ્ટોરિયસ અનુસાર, ઓપરેશન આર્કટિક સેન્ટ્રી શરૂ થવામાં હજુ ઘણા મહિનાઓ લાગી શકે છે, એટલે કે હાલમાં ગ્રીનલેન્ડમાં કોઈ મોટું નવું સૈન્ય મિશન શરૂ થયું નથી, પરંતુ તેની તૈયારી અને યોજના પર કામ ચાલી રહ્યું છે.

### અમેરિકા

પહેલા પાનાનું ચાલુ

અમેરિકી એફ-૧ સ્ટુડન્ટ વિઝાનો અસ્વીકૃતિ દર દાયકાના ઉચ્ચતમ સ્તર ૪૧% પર પહોંચી ગયો છે. આ મોહભંગ પાછળનું મુખ્ય કારણ ટ્રમ્પ પ્રશાસનની કડક ઈમિગ્રેશન નીતિઓ અને વધતી અનિશ્ચિતતા છે. નિષ્ણાતોના મતે, વધતી જતી તપાસ અને પોસ્ટ-એન્ટ્રી સ્ક્રિનિંગને કારણે ૧ લાખથી વધુ વિઝા રદ કરવામાં આવ્યા છે, જેમાં ૮,૦૦૦ વિદ્યાર્થી વિઝાનો પણ સમાવેશ થાય છે. આ કડક નીતિઓ અને અનિશ્ચિત ભવિષ્યને કારણે ભારતીય વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ્સ હવે અમેરિકાના વિકલ્પ તરીકે યુકે અને કેનેડા જેવા અન્ય દેશો તરફ વળી રહ્યા છે.

આ પરિસ્થિતિની અસર માત્ર વિદ્યાર્થીઓ પર જ નહીં, પરંતુ અમેરિકન યુનિવર્સિટીઓ પર પણ પડી રહી છે. ભારતીય વિદ્યાર્થીઓ અમેરિકામાં વિદેશી વિદ્યાર્થીઓનો લગભગ ત્રીજો ભાગ બનાવે છે. તેમની સંખ્યામાં ઘટાડો થવાથી યુનિવર્સિટીઓની આવક અને સંશોધન તથા નવીનતાને પણ મોટું નુકસાન થઈ રહ્યું છે.

### વિશ્વ

પહેલા પાનાનું ચાલુ

નિર્ણયો બદલી પણ શકે છે અને દાવોસમાં વિશ્વના ધનસંપન્ન દેશોની મીટ પર પણ આ પ્રતિબિંબ પડશે.

જેના કારણે લોક તંત્ર પર પણ ભવિષ્યમાં ખતરો સર્જાઈ શકે છે. આર્થિક ગરીબી ભૂખ પેદા કરે છે તો રાજનીતિક ગરીબી સમાજમાં આક્રોશ સર્જે છે. વિશ્ર્વના અનેક દેશોમાં જે રીતે નવા જનરેશન રોડ પર આવ્યું તે તેનું એક કારણ અસમાનતા જે વધી રહી છે તે દર્શાવે છે અનેવિશ્વના અબજોપતિઓની કુલ સંપતિ ૧૬% વધીને ૧૮.૩ ટ્રીલીયન ડોલર થઈ છે જે ભારતીય ચલણમાં રૂા.૧૬૬૦ લાખ કરોડ છે અને છેલ્લા પાંચ વર્ષમાં તેની ઝડપ ત્રણ ગણી વધી છે તો દુનિયામાં અડધી વસતી ગરીબ છે.

દુનિયામાં લોકશાહી દેશમાં ભલે દરેક પાસે સમાન એક જ મત હોય પણ અબજોપતિઓની સરકાર તથા રાજનીતિ પર પ્રભાવ ૪૦૦૦ ગણો 'રિજસ્ટીગ ધ રૂલ ઓફ ધ રીચ' માં જણાવાયું છે કે લોકતંત્રમાં તમામ માટે એક સમાન તક નથી પણ તકના દરવાજા ધનવાનો દોલતની ચાવીથી ખોલી રહ્યા છે અને તેઓ પુરી રાજનીતિ અને સરકારી નીતિને ખરીદે છે.

રિપોર્ટમાં જણાવ્યા મુજબ, વર્ષ ૨૦૨૫ અબજોપતિઓ માટે અત્યાર સુધીનું સૌથી સફળ વર્ષ રહ્યું છે. તેમની કુલ સંપત્તિ વધીને રેકોર્ડ ૧૮.૩ ટ્રિલિયન ડોલર (આશરે ૧,૬૬૦ લાખ કરોડ રૂપિયા) થઈ ગઈ છે. ૨૦૨૦ પછી અબજોપતિઓની સંપત્તિમાં ૮૧%નો જંગી વધારો થયો છે. માત્ર છેલ્લા એક વર્ષમાં જ તેમની સંપત્તિ ૨.૫ ટ્રિલિયન ડોલર વધી છે, જે એટલી મોટી રકમ છે કે તેનાથી વિશ્વમાંથી અત્યંત ગરીબીને ૨૬ વખત ખતમ કરી શકાય છે. ભારતમાં પણ સ્થિતિ ગંભીર છે, જ્યાં દેશના ટોચના ૧% અમીરો પાસે કુલ રાષ્ટ્રીય સંપત્તિનો લગભગ ૪૦% હિસ્સો છે.

### ત્રણ દિવસથી

પહેલા પાનાનું ચાલુ

બેરિકેડિંગ તોડીને આગળ નીકળવાનું શરૂ કરી દીધું.માઘ મેળામાં એક વર્ષથી પગાર ન મળવાને કારણે સફાઈકર્મીઓ ભડકી ઉઠ્યા. તેમણે કિલ્લા ઘાટ, અક્ષય વટ માર્ગ પર હાથમાં ઝાડુ લઈને હોબાળો કર્યો. આ દરમિયાન ત્યાં રાખેલો કચરો પણ ફેલાવી દીધો.માઘ મેળા પ્રશાસને સ્વામી અવિમુક્તેશ્વરાનંદને નોટિસ જારી કરી છે. નોટિસમાં સુપ્રીમ કોર્ટના આદેશનો હવાલો આપતા કહેવામાં આવ્યું છે કે કોઈ પણ ધર્માચાર્યનો જ્યોતિષ પીઠના શંકરાચાર્ય તરીકે પટ્ટાભિષેક થયો નથી, તેમ છતાં શિબિરના બોર્ડ પર પોતાને શંકરાચાર્ય તરીકે પ્રદર્શિત કરવું આ આદેશનું ઉલ્લંઘન છે.પ્રશાસને ૨૪ કલાકની અંદર જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. મોડી રાત્રે નોટિસ લઈને પહોંચેલા કાનૂનગોને સમર્થકોએ એમ કહીને પાછા મોકલી દીધા કે સવારે આવો. અત્યારે કોઈ પદાધિકારી નથી જે નોટિસ સ્વીકારી શકે.

### હું ભાજપનો કાર્યકર્તા

પહેલા પાનાનું ચાલુ

યોજાઈ હતી. અન્ય કોઈ ઉમેદવારે ઉમેદવારી નોંધાવી ન હોવાથી નબીન બિનહરીફ ચૂંટાયા હતા. નીતિનને ૧૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ પાર્ટીના કાર્યકારી અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ભાજપના કાર્યકારી અધ્યક્ષ નીતિન નબીન હવે પાર્ટીના ૧૨મા રાષ્ટ્રીય અધ્યક્ષ બનશે. સોમવારે દિલ્હીમાં પાર્ટી હેડક્વાર્ટરમાં નોમિનેશન પ્રક્રિયા કરવામાં આવી હતી. ૪૫ વર્ષના નબીન પાર્ટીના સૌથી યુવા રાષ્ટ્રીય અધ્યક્ષ પણ છે. તેમના પહેલા અમિત શાહ ૪૯ વર્ષની ઉંમરે પાર્ટીના નેશનલ પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયા હતા.

### સહકાર ભારતી

પેજ-૨ પાનાનું ચાલુ

સફળતાપૂર્વક કાર્યરત અંદાજે ૬૦ શતાયુ સહકારી મંડળીઓનું સન્માન કરવામાં આવ્યું.

આ તમામ કાર્યક્રમો દ્વારા "સહકારિતામાં શુદ્ધિ – વૃદ્ધિ – સમૃદ્ધિ"ના મૂળ વિચારને કેન્દ્રમાં રાખી, સહકારી સંસ્થાઓને સહકાર ભારતીની વિચારધારા સાથે જોડીને વધુ સશક્ત બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો અને અત્યંત ઉત્સાહપૂર્વક સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી.

### ગૌવંશની

પેજ-૨ પાનાનું ચાલુ

ગૌવંશ અને અન્ય પ્રાણીઓને સમયસર ઉપચાર મળી રહે તેવા હેતુ થી શ્રી માધવ ગૌશાળા દ્વારા આ એમ્બ્યુલન્સ શરૂ કરવામાં આવી છે. મૃત્યુની વાટે જતા ગૌવંશ માટે આ સારવાર એમ્બ્યુલન્સ સંજીવની સ્વરૂપ થશે, તેથી તેઓએ એમ્બ્યુલન્સ ને ગૌ સંજીવની રથ એમ નામ અર્પણ કર્યું છે. વિશેષ તેમણે જણાવ્યું કે ગૌમાતા ના આશિર્વાદ તેમજ દાતાશ્રીઓ ના સહયોગ થી આ ગૌ સંજીવની રથ એમ્બ્યુલન્સ ૧૮ જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ સેવાર્થે શરૂ કરી દેવાઈ છે જે ૨૪ કલાક ૩૬૫ દિવસ સેવા હેતુ તત્પર રહેશે. આ એમ્બ્યુલન્સ નું ઉદ્ઘાટન એ સ્વયં સુવર્ણ કપિલા ગૌમાતા એ રીબીન ખેંચીને કર્યું છે. સુરત શહેર ને મળેલ આ અત્યંત સુંદર ભેટ છે જેથી સમસ્ત સુરતવાસીઓ ગર્વની અનુભૂતિ કરશે.

### સાંધાના દુખાવા

પેજ-૨ પાનાનું ચાલુ

આભારવિધિ ચેમ્બરની પબ્લિક હેલ્થ કમિટીના કો-ચેરમેન ડૉ. રાજન દેસાઈ દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરી યોજાઈ હતી, જેમાં ત્રણેય તબીબીઓએ લોકોને મૂઝવતા પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

### લિંબાયત ઝોનમાં

પેજ-૨ પાનાનું ચાલુ

કરદાતાઓએ સ્થળ પર જ રૂ.૫૧,૧૬,૧૭૧/- રકમની વસુલાત સહિત લિંબાયત ઝોન દ્વારા કુલ રૂ.૧,૫૨,૮૯,૦૦૦/- વસુલાત કરવામાં આવેલ છે. વધુમાં તા.૧૯/૦૧/૨૦૨૬ સુધીમાં લિંબાયત ઝોન દ્વારા કુલ ૩૩૭.૨૧ કરોડ ડિમાન્ડની સામે કુલ ૧૯૮.૩૨ કરોડ, ૫૮.૮૧% ની વસુલાત કરવામાં આવેલ છે.

વધુમાં આગામી દિવસોમાં પણ સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)માં આવેલ તમામ ઈન્ડસ્ટ્રીયલ તેમજ કોમર્શીયલ વિસ્તારમાં પણ લાંબા સમયથી વેરો ભરપાઈ ન કરતા કરદાતાની મિલ્કતોને ટાંચમાં લઇ સીલીંગની કાર્યવાહી કરવામાં આવનાર છે. તથા રેસીડેન્સ એરીયામાં બાકીદારોની મિલકતોમાં નળ કનેકશન તેમજ ડ્રેનેજ કનેકશન કાપવાની ઝુંબેશ કરવામાં આવનાર છે. આથી જે કરદાતાઓનો મિલ્કત વેરો બાકી છે. તેમણે ઝોન ઓફિસ તથા સીવીક સેન્ટરનો સંપર્ક કરી તાત્કાલિક વેરો ભરવા ખાસ જણાવવામાં આવે છે.

### અંકલેશ્વર એસવીએમ

પેજ-૨ પાનાનું ચાલુ

ટ્રસ્ટના ઉપપ્રમુખ હરિશ જોષી, સેક્રેટરી ડૉ. મહેન્દ્ર પંચાલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૧૭૪ એલ્યુમિની હાજર રહ્યા હતાં તેઓએ તેમના વિદ્યાર્થી કાળ દરમિયાનના આચાર્ય, શિક્ષકો અને સહપાઠીઓને યાદ કર્યા હતા. શાળાની ૪૫ વર્ષની તસ્વીરોનું સુંદર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવ્યું હતું.

### અંકલેશ્વરની પી.પી.

પેજ-૨ પાનાનું ચાલુ

વ્યવસ્થા મુજબ પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ આ મોડલ ટેસ્ટમાં ઉત્સાહથી ભાગ લઈ બોર્ડની પરીક્ષાનો અનુભવ મેળવ્યો અને ડર/ભય દૂર કર્યો. આ સમગ્ર આયોજન પી . પી.સવાણી ગ્રુપ ઓફ સ્કુલના સંયુક્ત ઉપક્રમે અને શાળાના આચાર્યશ્રી રજનીકાંત પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું.

છેલ્લા પાનાનું ચાલુ

### અમદાવાદમાં

આવ્યા છે તેવા સમયે ઈન્કમટેકસ દરોડામાં કેવોક દલ્લો મળે છે તેના પર નજર રાખવામાં આવી રહી છે. જોકે અમદાવાદને લાગે વળગે છે ત્યાં સુધી કોમનવેલ્થ ગેમ્સ સહિતના આંતરરાષ્ટ્રીય કાર્યક્રમોને પગલે રીયલ એસ્ટેટ માર્કેટ ધબકવાની આશા રાખવામાં આવી રહી છે.

### ડેટિંગ એપ વડે

મળી, ભોગ બનનારને પોલીસની ખોટી ઓળખ આપી તેની પાસેથી બળજબરીથી રૂપીયા કઢાવવાના હેતુથી ભોગ બનનારને સદર જગ્યાએ ગોંધી રાખેલ હોવાની હકિકત જણાવેલ જેથી પકડાયેલ બે મહિલા સહિત કુલ છ ઈસમોને ઝડપી પાડેલ અને તેઓની સઘન પુછપરછ કરતા મયુર તાયડેનાએ જણાવેલ કે, 'મે તથા ક્રીષ્નારામ તથા અમારા મિત્ર ગૌરવભાઇ પારેખ નાઓએ મળી જાન્વીબેન ઉર્ફે જાગૃતિ પટેલ નામની યુવતીને સાથે રાખી આજ પ્રકારે પોલીસની ઓળખ આપી તેની પાસેથી રોકડા રૂપીયા-૧૦,૦૦૦/- પડાવી લિધેલ હતા.

### માંગરોળના મહુવેજ

પાણીનાં અધિકાર માટે સ્પષ્ટ જોગવાઈ થયેલ છે અને "પાણીના અધિકારને, જીવવાનો અધિકાર" તરીકે ગણવામાં આવ્યો છે. સરકારએ આ જળસંગ્રહ કરવાની યોજનાથી અમારા ગામને ખૂબ લાભથયો છે. તેને કારણે કુવા, બોરીગનાં સ્તર પણ ઉંચા આવ્યા છે. તેથી અમો સૌ સરકારને ખૂબ જ આભારી થઈએ છીએ. પરંતુ જયારે બંધારણમાં પાણીને "સંપત્તિ" તરીકે કે એટલે કે "જણસ" તરીકે ગણવામાં આવી છે અને પાણી બચાવવું તેનો વિવેકપુર્વક ઉપયોગ કરવો અને નાગરીકની ફરજનો ભાગ છે. તેમ છતાં અમારા ગામનાં પંચાયતના સરપંચ કેટલાક ઈસમો સાથે મેળાપીપણું કરી આ પાણીનો વેપાર કરે છે. તેમજ મશીન પંપોથી આ પાણીનો ખાડીમાં નીકાલ કરી રહયા છે જે અત્યંત ગંભીર બાબત છે. તેઓનો તથા પંચાયતનો ઈરાદો પાણી કાઢી નાંખી તળાવ હજું ઉંડું કરવાનો જણાય છે તે તેઓનો બદઈરાદો છે જેથી તળાવની માટી તેઓ વેચી મોટી રકમ પોતાના ગજવે લઈ શકે અને સરકારને નાણાંકીય નુકશાન પહોંચાડી શકે તેમ છે. અગાઉ જયારે હજારો ટ્રેક્ટર માટી કાઢવામાં આવેલી ત્યારે ભૂસ્તરશાસ્ત્રીની પરવાનગી પણ લેવામાં આવી હોવાનું જણાતું નથી અને કરોડો જમા લેવામાં આવી નથી. એવું અમોને રૂપિયાની થયેલ મોટી આવક પંચાયતનાં ખાતામાં જાણાય આવેલ છે.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

મંગળવાર, તા.૨૦ જાન્યુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫



નવસારી બજાર રાજેશ્રી હોલની સામે આવેલુ સીટી બસનું સ્ટોપ જે પ્રાઇવેટ વાહનોનું પાર્કીંગ બની ગયું છે. અહીં લોકો કચરો પણ નાંખી જાય છે. જાહેર રસ્તા પર સ્થાનિકો દ્વારા દબાણ ઉભું કરી દેવાયું હોય પાલિકાના કોન્ટ્રાક્ટ હેઠળ આવતી સીટી બસ સેવાના બસ સ્ટોપને કાયમ માટે સ્થાનિકો દ્વારા સ્ટોપ કરી દેવાયું હોય તે પ્રસ્તુત તસ્વીરમાં સ્પષ્ટ જોઇ શકાય છે. (તસ્વીર : હનીફ મલેક)

# અમદાવાદમાં ટોચના બે બિલ્ડર ગૃપના કુલ ૩૫ સ્થળોએ ઈન્કમ ટેક્સના દરોડા

## કામેશ્વર ગ્રુપના પ્રહલાદ પટેલ, દિપેન પટેલ તથા દીપ બિલ્ડરના દિનેશ પટેલની ઓફિસો-રહેણાંક સહિતના સ્થળોએ સર્ચ ઓપરેશન

**અમદાવાદ, તા. ૨૦**

કેન્દ્ર સરકારના સામાન્ય બજેટને ૧૦ દિવસ બાકી છે અને નાણાંકીય વર્ષની સમાપ્તિને દોઢ મહિના જેવો સમય રહ્યો છે તેવા સમયે ટેક્સ વસુલાતનો ટાર્ગેટ હાંસલ કરવા આવકવેરા વિભાગ મેદાને પડ્યું હોય તેમ ચાલુ કેલેન્ડર વર્ષમાં ગુજરાતમાં પ્રથમ દરોડા ઓપરેશન હાથ ધર્યુ હતું. અમદાવાદમાં ટોચના બે બિલ્ડર જુથોને ઝપટે લઈને આજે સવારથી ૩૫ જેટલા સ્થળોએ દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આવકવેરા વિભાગના સુત્રોએ જણાવ્યું હતું કે, અમદાવાદમાં બિલ્ડીગ ક્ધસ્ટ્રક્શન અને જમીનના વ્યવસાય સાથે સંકળાયેલા રીયલ એસ્ટેટ ક્ષેત્રના બે ગ્રુપો પર સવારથી દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. કામેશ્ર્વર ગ્રુપના પ્રહલાદ પટેલ તથા દિપેન પટેલના નિવાસસ્થાન, ઓફિસો તથા ક્ધસ્ટ્રકશન સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

આ સિવાય દીપ બિલ્ડરના દિનેશ પટેલની ઓફિસ, રહેણાંક સહિતના અન્ય સ્થળો પર તપાસ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અમદાવાદ ઉપરાંત રાજકોટ, વડોદરા સહિતના શહેરોમાંથી અધિકારીઓની ટીમોને તેડાવીને ૧૨૫ અધિકારીઓને તપાસમાં સામેલ કરવામાં આવ્યા હતા. તપાસ દરમ્યાન મોટા પ્રમાણમાં બિનહિસાબી વ્યવહારો મળ્યાના સંકેત છે. કરોડોના નાણાંકીય વ્યવહારો દર્શાવતા દસ્તાવેજો, સાહિત્ય હાથ લાગ્યા છે જેના આધારે કરોડો રૂપિયાની કરચોરીનો ખુલાસો થવાની શંકા વ્યકત કરવામાં આવી રહી છે.

સુત્રોએ ઉમેર્યુ કે, બંને બિલ્ડર ગ્રુપો પર તપાસ દરમ્યાન અન્ય કનેકશનો ખુલે તો તપાસ લંબાવવાની સંભાવના છે. દરોડા કાર્યવાહી બે થી ત્રણ દિવસ ચાલુ રહી શકે છે.

ગુજરાતમાં ચાલુ કેલેન્ડર વર્ષમાં ઈન્કમટેકસના પ્રથમ દરોડા ઓપરેશન પગલે રાજયભરના બિલ્ડરો તથા રીયલ એસ્ટેટ વ્યવસાયિકોમાં ફફડાટ સર્જાયો હતો. આવતા દિવસોમાં વધુ દરોડા પડવાની આશંકા વ્યકત થવા લાગી હતી.

રાજયમાં છેલ્લા દોઢેક વર્ષથી રીયલ એસ્ટેટ ક્ષેત્ર મંદીમાં છે અને ખાસ કરીને જમીનના ભાવો નીચા

અનુસંધાન પાના ૭ પર

# કોબ્રા સાપનું ઝેર વેચવા નીકળેલી ટોળકીમાં ઘનશ્યામ મુખ્ય સૂત્રધાર

## અમદાવાદમાં રહેતા ઘનશ્યામને શોધતી એસઓજી પોલીસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સુરત એસઓજી પીઆઇ એ.પી.ચૌધરી અને તેમની ટીમ દ્વારા કોબ્રા સાપનું ઝેર વેચવાની ફિરાકમાં ભેગી થયેલી એક વકીલ, વેપારી સહિત ૭ જણાની ટોળકીને ઝડપી પાડી તેમની પાસેથી રૂ.૫.૮૫ કરોડની કિંમતનું વેનોમ કબ્જે કર્યું છે. આ સમગ્ર પ્રકરણમાં ઘનશ્યામ નામના આરોપીને પોલીસ શોધી રહી છે. વેનોમ વિદેશથી મંગાવાયું હતું કે ભારતમાં જ કોઇ રાજ્યમાંથી આ ઝેર લવાયું હતું તે દિશામાં પણ પોલીસે તપાસ કેન્દ્રીત કરી છે. હાલના તબક્કે પકડાયેલા આરોપીઓની પુછપરછમાં જે જાણવા મળ્યું છે તે પ્રમાણે અમદાવાદના ઘનશ્યામ નામના આરોપીને દબોચવા પોલીસની એક ટીમ અમદાવાદ પણ રવાના થઈ છે.સુરતમાં મેરેજ બ્યુરો ચલાવતા મનસુખ ગીનીયા સહિત ૭ આરોપીને ગઈકાલે એસઓજી પીઆઈ એ.પી.ચૌધરી અને તેમની ટીમે એક ઓફીસમાંથી પકડી પાડ્યા હતા. આંતરરાષ્ટ્રીય બજારમાં ખુબ મુલ્યવાન ગણાતા વેનોમની કિંમત ૫ કરોડ, ૮૫ લાખ થાય છે તેને કબ્જે કરીને પોલીસે આરોપીઓની પુછપરછ હાથ ધરી છે. અમદાવાદના ઘનશ્યામ સોની પાસેથી કોબ્રા સાપનું ઝેર લવાયું હોય પોલીસની અલગ-અલગ ટીમ અમદાવાદ રવાના થઈ હોવાનું જાણવા મળ્યું છે. ઘનશ્યામ સોની વેનોમ ક્યાંથી લાવ્યો તે દિશામાં પણ પોલીસે તપાસ કેન્દ્રીત કરી છે.

# ડેટીંગ એપ વડે હનીટ્રેપનું ષડયંત્ર બે મહિલા સહિતની ગેંગ ઝડપાઈ

## બળાત્કાર કેસમાં ફસાવી દેવાની ધમકી આપી યુવકને બ્લેક મેઈલ કરનાર બારડોલીના છ લોકોની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સોશ્યલ મીડીયાની ડેટીગ એપ મારફતે પુરૂષોનો સંપર્ક કરી તેઓને રૂબરૂ બોલાવી હનીટ્રેપ કરતી બે મહિલા સહિત કુલ ૦૬ ઈસમોની ગેંગને ગણતરીના કલાકોમાં સુરત ગ્રામ્ય એલસીબી દ્વારા પકડી પાડવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગઇ તા.૧૮/૦૧/૨૦૨૬ ના રોજ સુરત ગ્રામ્ય જીલ્લાના બારડોલી રૂરલ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં આરોપીઓએ ફરીયાદીના ભાઈને મોતાગામે રામક્રિષ્ણા સોસાયટીમા ઘર નં.૦૨ માં મળવા માટે બોલાવી, ત્યારબાદ તમામ આરોપીઓ વારા ફરતી આવી ફરીયાદીના ભાઈને ઘરમાં ગોંધી રાખી, પોલીસ તરીકે ખોટી ઓળખ આપી માર મારી ખોટા બળાત્કારના કેસમા ફસાવી દેવાની ધમકી આપી કેસ નહી કરવાના પ્રથમ ૨૦ લાખ રૂપીયાની માંગણી કરી ત્યારબાદ રકઝકના અંતે રૂપીયા અઢી લાખની માંગણી કરી, તમામ આરોપીઓએ બળજબરીથી રૂપીયા કઢાવી લેવાયા હતા. આ મામલે બારડોલી રૂરલ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

જેમા ભોગ બનનારનો Quack Quack dating app દ્વારા આરોપીઓ સાથે સંપર્ક થયેલ હોવાની હકિકત જણાઇ આવેલ, જેથી એલ.સી.બી શાખાના એચ.સી મસાણી, પોલીસ સબ ઈન્સ્પેક્ટર નાઓએ એલ.સી.બી/પેરોલ ફર્લો સ્કોડ તથા બારડોલી રૂરલ પો.સ્ટે.ના પોલીસ માણસોની અલગ અલગ ટીમો બનાવી ફરીયાદીનુ ઈન્ટ્રોગેશન કરી, જરૂરી હકિકત એકત્રીત કરી, ભોગ બનનારના મોબાઇલ નંબર આધારે ટેકનિકલ એનાલિસીસ આધારે તપાસ કરતા ભોગ બનનાર બારડોલી તાલુકાના મોતાગામે આવેલ રામકૃષ્ણ સોસાયટીના ઘર નં.૦૨ માં હોવાની હકિકત જણાઇ આવેલ જે આધારે સદર જગ્યાએ જઇ તપાસ કરતા ભોગ બનનાર તથા બે મહિલા સહિત છ ઈસમો મળી આવતા ભોગ બનનારને સદર ઈસમો પાસેથી મુક્ત કરાવી, આરોપીઓની પુછપરછ કરતા તેઓએ જણાવેલ કે, ભોગ બનનારનો સંપર્ક હકીકતમાં હંસા નામની મહિલાએ ભાવનાનાં નામથી કરેલ હતો, તેણીએ ભાવના સાથે મળીને ભાવનાનાં મોબાઈલ ફોનથી ભોગ બનનારને મોતાગામે બોલાવેલ હતો ત્યારબાદ અન્ય પુરુષ ઈસમો સાથે

અનુસંધાન પાના ૭ પર

# રાજીવનગરમાં ૩૯ હજારના ગાંજા સાથે મહિલા ઝડપાઈ

## પોલીસે બાતમીના આધારે પરપ્રાંતિય મહિલાને ગાંજો વેચતી વખતે પકડી પાડી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સુરત શહેરમાં દિવસેને દિવસે ગાંજા અને ડ્રગ્સ સહિતના માદક પદાર્થોનું વેચાણ વધી રહ્યું છે. જ્યારે સુરત પોલીસ પણ બેકાબુ બનેલી આ બદીને નાથવા પ્રયત્ન કરી રહી છે. જ્યારે ઉમરવાડા વિસ્તારમાં આવેલી રાજીવ નગર ઝૂંપડપટ્ટીમાંથી એક મહિલાને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડી તેની પાસેથી ૩૯ હજારથી વધુનો ગાંજાનો જથ્થો કબજે કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, સુરત પોલીસને બાતમી મળી હતી કે સાઈબાબા ગલીમાં રહેતી ચંપાદેવી ધર્મેન્દ્રસિંહ રાજપૂત (ઉ.વ. ૪૦) પોતાના ઘરે નશીલા પદાર્થનું વેચાણ કરી રહી છે. પોલીસે બાતમીના આધારે ત્યાં દરોડો પાડી મહિલાના કબજામાંથી ૦.૭૯૯ કિલોગ્રામ વનસ્પતિજન્ય ગાંજો જપ્ત કર્યો હતો, જેની બજાર કિંમત આશરે રૂ. ૩૯,૯૫૦/- આંકવામાં આવી રહી છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે મૂળ ઉત્તર પ્રદેશના જોનપુરની વતની ચંપાદેવીએ આર્થિક લાભ મેળવવા માટે એક અજાણ્યા ઈસમ પાસેથી આ ગાંજો ખરીદ્યો હતો અને વગર પાસ-પરમીટે પોતાના ઘરમાં વેચાણ માટે રાખ્યો હતો. પોલીસે ગાંજાનો જથ્થો જપ્ત કરી મહિલાની ધરપકડ કરી છે, જ્યારે માલ સપ્લાય કરનાર અજાણ્યા વોન્ટેડ આરોપીને પકડવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# માંગરોળના મહુવેજ ગામના તળાવમાંથી સરપંચ દ્વારા કરાતી પાણીની ચોરી

## ગ્રામજનોએ અમૂલ્ય 'જણસ' પાણીની ચોરી અટકાવવા સુરત કલેક્ટરને રજુઆત કરી

**સુરત, તા.૨૦**



કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલના જળસંચયની ઉમદા કામગીરી વચ્ચે માંગરોળમાં સરપંચ દ્વારા પાણી ચોરીનો વેપલાના વિરોધમાં ગ્રામજનો દ્વારા સુરત કલેક્ટરને આવેદન અપાયું હતું.

સુરત જિલ્લાના માંગરોળ ખાતે મહુવેજમાં આવેલ તાળવની આજુબાજુના (૧) નવો સર્વે નં. ૩૮૯, જૂનો સર્વે નં. ૪૧૦, બ્લોક નં. ૨૦૦, ખાતા નં. ૩૧૮, ખાતા નં. ૩૨૬ (૨) નવો સર્વે નં. ૨૫૮/૪, જૂનો સર્વે નં. ૨૫૦, બ્લોક નં. ૬, ખાતા નં. ૩૨૬ (૩) નવો સર્વે નં. ૩૮૮, જૂનો સર્વે નં. ૩૯૫, બ્લોક નં. ૧૮૩, ખાતા નં. ૩૨૬ તથા (૪) નવો સર્વે નં. ૩૮૮/૩, જુનો સર્વે નં. ૪૦૦, બ્લોક નં. ૧૮૮, ખાતા નં. ૩૨૬ ખેતરો આવેલા છે. અમોના ગામનું તાળવ આશરે ૧૦ એકરનું વિશાળ ખોદવામાં આવેલું છે. આ તાળવ આજથી આશરે લગભગ ૧૦ વર્ષથી વારંવાર સરકારની યોજના પ્રમાણે ખોદવામાં આવેલું અને હાલમાં તે ૫૦ થી ૬૦ ફુટ ઉંડું થઈ ગયેલ છે. જેમાં બારેમાસ પુરતું પાણીનો સંગ્રહ વરસાદથી થાય છે. જે પાણીનો ઉપયોગ ઉપરોક્ત ખેતરોમાં સિંચાઈ માટે વપરાય છે. આવેદનપત્રમાં જણાવાયું હતું કે, ભારતના બંધારણીય આર્ટીકલ- ૨૧માં

અનુસંધાન પાના ૭ પર

# જોળવામાં પાનની દુકાનમાંથી ગોગો પેપરનો જથ્થો પકડાયો

## પ્રતિબંધિત ગોગો સ્મોકીંગ કોનનું વેચાણ કરતા દુકાનદારની ધરપકડ કરતી એસઓજી પોલીસ

**કડોદરા, તા.૨૦**

સુરત ગ્રામ્ય એસઓજી પોલીસે બાતમી ના આધારે પલસાણા તાલુકાના જોલવા પાટીયા પાસે પાન મસાલાની દુકાનમાં દરોડો પાડી ગોગો સ્મોકિંગ કોનનો જથ્થો ઝડપી પાડ્યો હતો સુરત ગ્રામ્ય એસ.ઓ.જી પોલીસ નો સ્ટાફ ગઈકાલે પોલીસ પેટ્રોલિંગમાં હતો ત્યારે એ એસ આઈ રાજેન્દ્ર ને ખાનગી રહે બાતમી મળી હતી કે મોજે બગુમરા ગામ જોલવા પાટીયા ખાતે પાન મસાલા ની દુકાનમાં એક ઈસમ પ્રતિબંધિત ગોગો સ્મોકિંગ કોનનો જથ્થો રાખી લોકોને વેચાણ કરે જે બાતમી ના આધારે પોલીસે દરોડો પાડી દુકાનમાં તપાસ કરતા દુકાનમાંથી ગોગો સ્મોકિંગ કોનનો જથ્થો મળી આવ્યો હતો પોલીસે રૂ૧૫૬૦ નો મુદ્દા માલ કબજે કરી આશિષ રાજેન્દ્રભાઈ મિશ્રા ઉંમર વર્ષ ૪૪ રહે હાલ બગુમરા ગામ ઝોલવા પાટીયા પાસે તાલુકો પલસાના જિલ્લો સુરત મૂળ રહે પૂરજાગીર પાવર હાઉસ પોસ્ટ મુજે હારા તાલુકો મિરઝાપુર જિલ્લો મિરઝાપુર ઉત્તર પ્રદેશ ની સામે ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે




સોશ્યલ મીડીયાની ડેટીગ એપ મારફતે પુરૂષોનો સંપર્ક કરી તેઓને રૂબરૂ બોલાવી હનીટ્રેપ કરતી બે મહિલા સહિત કુલ ૦૬ ઇસમોની ગેંગને ગણતરીના કલાકોમાં સુરત ગ્રામ્ય એલસીબી દ્વારા પકડી પાડવામાં આવી છે. હની ટ્રેપ ગેંગમાં સામેલ આરોપીઓની આ તસવીર છે.

# સુરતમાં મોડી રાત્રે અને વહેલી સવારે જોરદાર ઠંડીની અસર

## દિવસભર જળવાતું સામાન્ય તાપમાન

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

શહેરમાં લઘુત્તમ અને મહત્તમ તાપમાન બે દિવસથી યથાવત રહયું છે. ગઈકાલે સાંજે મહત્તમ તાપમાનનો પારો ૨૮.૪ સેલ્યિસ ડિગ્રી નોંધાયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૫.૨ સેલ્સિયસ ડિગ્રી રહયુ હતું. આજે સવારે પણ લઘુત્તમ તાપમાન ૧૫.૧ ડિગ્રી નોંધાયું છે. પવનની ગતિ પ્રતિ કલાક ૮ કિ.મી નોંધાઈ છે. ઉત્તર દિશામાંથી પવન ફુંકાતા સવારના સમયે શહેરમાં ધુમ્મસ છવાયા વાતાવરણ વચ્ચે ઠંડીની અસર જોવા મળી હતી. ઉલ્લેખનીય છે કે, રાજયમાં ત્રણ વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સની અસર આગામી દિવસમાં જોવા મળશે. ઉત્તર ગુજરાત ઉપરાંત વલસાડમાં હવામાન વિભાગ દ્વારા માવઠાની આગાહી કરી છે.

સુરત હવામાન વિભાગ પાસેથી મળતી વિગત પ્રમાણે આજે સવારે ઉત્તર દિશામાંથી ૮ કિ.મી પ્રતિ કલાકની ઝડપે ઠંડા પવનો ફુંકાતા લઘુત્તમ તાપમાન નીચુ રહ્યું હતું. ૧૫.૧ સેલ્સિયસ ડિગ્રી તાપમાનનો પારો નોંધાવા સાથે ઠંડીની અસર જોવા મળી હતી. બે દિવસથી મહત્તમ તાપમાન પણ ૨ ડિગ્રી ઘટીને ૨૮ ડિગ્રી પર પહોંચ્યું છે. વેસ્ટર્ન ડિસ્ર્ટબન્સને કારણે આગામી બે ત્રણ દિવસ દરમિયાન વલસાડમાં માવઠાની પણ આગાહી હવામાન વિભાગે કરી છે.

# મરીન ટાસ્ક ફોર્સનું સુરતના દરિયા કાંઠા વિસ્તારોમાં સઘન પેટ્રોલિંગ

## મરીન કમાન્ડોએ કોસ્ટ પેટ્રોલિંગ દરમિયાન શંકમંદ વાહનો તથા બોટોની પણ તપાસ કરી

**સુરત, તા.૨૦**



જ્યારે કોઈપણ આતંકવાદી ઘટના બને છે, ત્યારે તે સમયગાળો કટોકટીપૂર્ણ અને અગત્યનો હોય છે. તેજ પ્રમાણે આંતકવાદી ઘટના તુરંતબાદનો સમયગાળો હાઈ એલર્ટનો સમય હોઈ અગત્યનો હોય છે. ઉપરોક્ત બંને સમયગાળાઓ કરતાં પણ વધુ અગત્યનો સમયગાળો હાઈ એલર્ટ બાદ થાળે પડેલ અને નોર્મલ બનેલ પરિસ્થિતિ દરમિયાનનો હોય છે. કારણ કે, આ સમયગાળામાં જો પૂરતી તકેદારી રાખવામાં આવે તો ઉપર મુજબના કટોકટીપૂર્ણ સમયગાળાઓમાંથી પસાર થવું પડતું નથી.આ બાબતે ધ્યાને લઈ દાંડીબીચ દરિયાઈકાંઠા વિસ્તારમાંએ.ટી.એસ. અને કોસ્ટલ સિક્યુરીટીના અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી અમિતકુમાર વિશ્વકર્માસર તેમજ દરીયાઈ સુરક્ષા અને મરીન ટાસ્કફોર્સના પોલીસ મહાનિરીક્ષકશ્રી પી.એલ. માલસર તેમજમરીન ટાસ્ક ફોર્સ હજીરાના પોલીસ અધિક્ષકશ્રી એસ.જે.પરમારના માર્ગદર્શન હેઠળ પો.ઈ.એમ.એમ.જાંબુકીયા, હ.પો.સ.ઈ.બી.આર.તડવી અને હ.પો. સ.ઈ.શ્રી એસ.બી. પટેલ અને મરીન સેકટર હજીરાના તમામ મરીન કમાન્ડો દ્વારા સંયુક્ત રીતે તા.૧૭.૦૧. ૨૦૨૬ ના રોજ ફુટ પેટ્રોલીંગ દ્વારા "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ"નું આયોજન કરવામં આવેલ હતું. આ "સઘન કોસ્ટલ પેટ્રોલીંગ" દરમિયાન મરીન કમાન્ડોની અલગ અલગ ટીમો દ્વારા શંકાસ્પદ ઈસમો, શંકાસ્પદ વાહનો, શંકાસ્પદ બોટો, અવાવરૂ જગ્યાઓનું ચેકીગ હાથ ધરવામાં આવેલ હતું.

# પાંડેસરા એટીએમ કાર્ડ બદલી યુવક સાથે રૂપિયા રૂા.૨૫ હજારની ઠગાઈ

## એટીએમ સેન્ટર પાસે નજર રાખતી ટોળકી ફરી પાછી સક્રિય બની

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૦**

સુરત શહેરમાં ફરી એટીએમ સેન્ટરમાં મદદના બહાને કરતબ અજમાવી શિફતપુર્વક લોકોના એટીએમ કાર્ડ બદલી નાખી છેતરપિંડી કરતી ટોળકી સક્રિય થઈ છે. આ ટોળકીએ પાંડેસરા ખાતે એટીએમ સેન્ટરમાં પૈસા ઉપાડવા આવેલા વડોદ ગામના નોકરીયાત યુવકને પોતાનો શિકાર બનાવ્યો હોવાની ફરિયાદ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાય છે.

પાંડેસરા સ્થિત વડોદ, બાપુનગર ખાતે રહેતા અને ખાનગી નોકરી કરતા ૪૬ વર્ષીય સુરેશ પન્નાલાલ ગૌતમ ૯ જાન્યુઆરીના રોજ કમલા ચોક સ્થિત ICICI બેંકના ATMમાં પૈસા ઉપાડવા ગયા હતા. આ સમયે ત્યાં હાજર ૨૫ થી ૩૦ વર્ષની વયના ત્રણ અજાણ્યા શખ્સોએ તેમને મદદ કરવાના બહાને વિશ્વાસમાં લીધા હતા. આ ગઠિયાઓએ તેમની નજર ચુકવી સુરેશભાઈનું બેંક ઓફ બરોડાનું અસલી કાર્ડ મેળવી લીધું હતું અને તેમનો પિન જાણી લીધો હતો. ત્યારબાદ, સુરેશભાઈને તેમના જેવું જ બીજું ડમી કાર્ડ પધરાવી દીધું હતું.

થોડીવારમાં જ સુરેશભાઈના ખાતામાંથી ૨૫,૦૦૦ ટ્રાન્સફર થઈ ગયા હોવાનો મેસેજ મળતા તેઓ ચોંકી ઉઠ્યા હતા. બેંક સ્ટેટમેન્ટ કઢાવ્યા બાદ છેતરપિંડી થઈ હોવાની ખાતરી થતા તેમણે પાંડેસરા પોલીસ મથકે અજાણ્યા ત્રણ ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### ભેસ્તાનમાં પણ કાર્ડ બદલી મહિલા સાથે છેતરપિંડી

સુરતના ભેસ્તાન વિસ્તારમાં પણ ગઠિયાઓએ તરખાટ મચાવ્યો છે. ગત ૯ જાન્યુઆરીએ ચંડાલ ચોકડી પાસે આવેલ હીટાચી ATMમાં પૈસા ઉપાડવા ગયેલ નેહા પાટીલ (ઉ.વ. ૨૧) ને મદદ કરવાના બહાને બે અજાણ્યા શખ્સોએ તેમનું કાર્ડ બદલી નાખ્યું હતું. પાંડેસરા જેવી જ મોડસ ઓપરેન્ડીથી ગઠિયાઓએ મહિલાના ખાતામાંથી ૧૦ હજાર ઉપાડી છેતરપિંડી આચરી હતી.